બફયૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

**અહલે સુન્નત વ જમાઅત**
**એટલે**
**મસ્લકે આ'લા હઝરત**
**નું અજોડ મુખપત્ર**

# બરકાતે ખ્વાજા *(માસિક)*

**મે-૨૦૨૬**

ઝિલ કઅદ - ઝિલ્ હજ્જ

હિજરી સન : ૧૪૪૭

વર્ષ : ૨૩, અંક : ૪, સળંગ અંક : ૨૬૮

**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા

**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, **દયાદરા**-૩૯૨૦૨૦

તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭

9427464411 ફક્ત સંપર્ક માટે નંબર

Web. :www.barkatekhwaja.net

anjuman2006new@gmail.com

બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ

A/c. No. 34620100000301

ISLAMIC WELFARE MISSION

IFSC Code : BARB0DAYADR

**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૩૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૨,૦૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૩,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૬,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૫,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૫,૦૦૦/- |

**: માનદ તંત્રી :**

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | **કુર્બાનીના એક મહત્વના મસ્અલાની સ્પષ્ટતા** | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 06 |
| 03 | હદાઈકે બખ્શિશ (ભાગ-૨) | 09 |
| 04 | હશ્ત બહિશ્ત : ફવાઈદુલ ફવાદ (દિલોના ફાયદા) | 12 |
| 05 | કાનૂને શરીઅત (ભાગ-૨) | 15 |
| 06 | તઝકેરતુલ અવલિયા :હઝરત અબૂ અબ્દુલ્લાહ તથા હઝરત અબૂ મુહમ્મદ રુવૈમ رحمۃ اللہ علیہ | 17 |
| 07 | ઈસ્લામી અખ્લાકો આદાબ | 19 |
| 08 | અંબિયા علیہم السلام ના તસર્રુફાત (અખત્યારો) કિતાબ તથા સુન્નતની રોશનીમાં | 23 |
| 09 | (ચોથી સદીના મુજદ્દિદ : ૨) હઝરત અબૂ હામિદ બિન મુહમ્મદ અસ્ફરાઈની رحمۃ اللہ علیہ | 27 |
| 10 | કશ્ફુલ મહજૂબ (તસવ્વુફનાં રહસ્યો ખોલનાર કિતાબ) | 29 |
| 11 | ઝર્બે હૈદરી | 32 |
| 12 | ગૈર મુસ્લિમોની સાથે સંબંધ અને ઈસ્લામ | 35 |
| 13 | મુસ્લિમ છોકરીઓનો દીનથી ઈર્તેદાદ (ફરી જવું) | 42 |
| 14 | ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ની વ્યક્તિ નિર્માણ શક્તિ | 46 |
| 15 | ટપાલ | 50 |


## તેરે દામને કરમ મેં જિસે નીંદ આ ગઈ હૈ

તેરે દામને કરમ મેં જિસે નીંદ આ ગઈ હૈ
જો ફના ન હોગી ઐસી ઉસે ઝિંદગી મિલી હૈ
મુઝે કયા પળી કિસી સે કરૂં અર્ઝે મુદઆ મૈં
મેરી લૌ તો બસ ઉન્હીં કે દરે જૂદ સે લગી હૈ
દો જહાં ભર કે દાતા મુઝે ફેર દેંગે ખાલી
મેરી તૌબા ઐ ખુદા ! યે મેરે નફ્સ કી બદી હૈ
મૈં મરું તો મેરે મૌલા યે મલાએકહ સે કેહ દે
કોઈ ઉસ કો મત જગાના અભી આંખ લગ ગઈ હૈ
મૈં ગુનાહગાર હૂં ઔર બળે મરતબોં કી ખ્વાહિશ
તૂ મગર કરીમ હૈ જો તેરી બંદા પરવરી હૈ
તેરી યાદ થપકી દેકર મુઝે અબ શહા સુલા દે
મુઝે જાગતે હૂએ યૂં બળી દેર હો ગઈ હૈ
તેરા દિલ શિકસ્તા **"અખ્તર"** ઈસી ઈન્તેઝાર મેં હૈ
કે અભી નવીદે વસલત તેરે દર સે આ રહી હૈ

*(અઝ : હુઝૂર તાજુશ્શરીઅહ અખ્તર રઝા અઝહરી مدظلہ العالی)*

# કુર્બાનીના એક મહત્વના મસ્અલાની સ્પષ્ટતા

તંત્રી લેખ

*કુર્બાનીના જાનવર સંબંધી આ એક મસ્અલો છેલ્લા અમુક વરસોથી ચર્ચામાં આવ્યા કરતો હતો અને કેટલાક હઝરાત ઉલઝનમાં હતા જેથી લોકોમાં પણ ઉલઝન ઉભી થતી રહેતી હતી, પરંતું **"મૌલાના સાદિક મિસ્બાહી"** (મુદર્રિસ : દા.ઉ. એહલે સુન્નત, મહારાજગંજ, યુ.પી.) થકી હઝરત સિરાજુલ ફુક્હા, મુહક્કિકે મસાઈલે જદીદા **મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી** مدظلہ العالی ની બારગાહમાં સવાલ કરીને એનો હલ મેળવી લીધો જે અત્રે વિગતવાર રજૂ કરીએ છીએ. જેને બરકાતે ખ્વાજા મંથલીના વાંચકો ધ્યાનથી વાંચી કુર્બાનીના જાનવર સંબંધે તેનો હલ સમજી લઈ પોતાની કુર્બાની સંબંધે ઈત્મિનાન હાંસલ કરે. –તંત્રી*

આપણે ત્યાં સામાન્યપણે મોટા જાનવરની કુર્બાનીના બારામાં મદ્રસાવાળા લોકો પાસેથી વ્યક્તિ દીઠ એક નિશ્ચિત રકમ લઈ લે છે. (જ્યારે કે કસાઈએ પહેલેથી જાનવર ખરીદી રાખેલ હોય છે, તે કુર્બાની કરનારાઓના નામથી જાનવર નથી ખરીદતો) અને નિશ્ચિત કરેલ સમયે લોકોના નામથી કુર્બાની કરી દેવામાં આવે છે.

મસ્અલો એ છે કે કુર્બાની સહીહ તથા દુરુસ્ત થવા માટે જાનવરનું કુર્બાની કરનારાની માલિકીમાં હોવું શર્ત છે. જેવું કે ફિક્હની આમ કિતાબોમાં એની સ્પષ્ટતા છે.

જાહેર છે કે કુર્બાની કરનારાઓના નામથી જાનવર નથી ખરીદવામાં આવ્યું તો એના પર તેમની માલિકી પણ સાબિત ન થઈ. કેમ કે આ ફિક્હના કેટલાય પ્રકરણોથી સંબંધિત છે. જાનવર ખરીદારીનો સંબંધ કિતાબુલ બુયૂઅથી છે, જાનવર કુર્બાન કરવું કિતાબુલ અઝીહાથી સંબંધ ધરાવે છે. તો કસાઈને ખરીદારી અને કોઈ આલિમને તેને ઝબહ કરવાનો વકીલ બનાવવું એ બાબે વકાલતથી સંબંધિત છે.

એ જ પ્રમાણે કોઈએ પોતાના પીર અથવા આલિમના નામથી કુર્બાની કરી તો માલિકી અહીં પણ નથી જોવા મળતી. તો માલિકીની સાબિતી વિના શું કેવળ તેમની ઈજાઝત કુર્બાની થઈ જશે ?

કેમ કે આ મસ્અલામાં હકીર (સાદિક મિસ્બાહી)ને કાંઈક ઉલઝન હતી તેના હલ માટે ઉસ્તાદે ગિરામી હઝરત મુહક્કિકે મસાઈલે જદીદા **મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી** બરકાતીની (સદર મુફ્તી : જામિઆ અશરફિયા–મુબારકપુર) પ્રતિ રજૂઅ કર્યું, હઝરતે ખૂબ જ આસાનીપૂર્વક મારી મુશ્કેલી આસાન કરી આપી.

મેં યોગ્ય જાણ્યું કે હઝરતે જે કાંઈ સમજાવ્યું એને હઝરતના શુક્રિયા સાથે પોતાના શબ્દોમાં અન્ય ભાઈઓ સાથે શેઅર કરું કે કદાચ તેમને કાંઈ કામ આવી જાવ !

**ઉસ્તાદે ગિરામીનો જવાબ** : "એ સર્વ કુર્બાનીઓ **સહીહ** તથા **દુરુસ્ત** છે." તેનું કારણ એ છે કે :–

કસાઈએ ભલે જાનવર પોતાના પૈસાથી ખરીદયું અને તે જ એનો માલિક છે, પણ તેણે વેચવા માટે ખરીદયું છે. તો જ્યારે કોઈના નામથી એ જાનવરની કુર્બાની કરવામાં આવે છે, એટલે જ્યારે એ નિશ્ચિત થઈ જાય છે કે આ જાનવરની ફલાણાના નામથી કુર્બાની કરવાની છે, તો જે વખતે એ જાનવર ઝબહના માટે આલિમ કે કસાઈના હવાલે થઈ ગયું એ જ વખતે જેના તરફથી કુર્બાની થાય છે તે તેનો માલિક બની જાય છે, હવે પૈસા ચાહે એ જ વખતે અદા કરી દેવામાં આવે કે એના પહેલાં અથવા એના બાદ અદા કરી દેવામાં આવે. અસલમાં એ વખતે જે સોદા થાય છે તે બયએ તઆતી હોય છે. અને બયએ તઆતીમાં કબ્ઝ મિન અહદુલ જાનિબૈન પૂરતો છે એટલે કે ક્યાં તો મૂલ્ય (Price) પર કબજો થઈ જાય અથવા સામાન પર કબજો થઈ જાય. તો જે વખતે એ જાનવર કોઈ નિશ્ચિત વ્યક્તિ તરફથી કુર્બાન કરવાના માટે સૂવડાવવામાં આવે તે વખતે સૌ પ્રથમ તે માણસ માલિક બની જાય છે જેના તરફથી તેની કુર્બાની થઈ રહી છે. કેમ કે એક તરફથી કબજો પામી લેવામાં આવ્યો બયએ તામ (સંપૂર્ણ સોદો) થઈ ગઈ અને માલિકી સાબિત થઈ ગઈ. જો પહેલેથી કિંમત અદા કરી દેવામાં આવી હોય તો સુબ્હાનલ્લાહ ! નહીં તો બાદમાં જ્યારે ચાહે અદા કરી આપે.

એ જ પ્રમાણે કેટલાક લોકો પોતાના પીરની તરફથી અથવા કોઈ મોટા આલિમની તરફથી ઈજાઝત લઈને કુર્બાની કરી લે છે તો જાહેરી રીતે જોતાં તો અહીં માલિકી બિલ્કુલ નથી, કેમ કે અહીં પીર સાહબથી કેવળ એટલુ જ પૂછવામાં આવ્યું છે કે એક બકરાની આપના નામથી કુર્બાની કરી દેવામાં આવે ? તેમણે કહી આપ્યું, "હા" પણ માલિકી ન જોવા મળવા છતાં એ કુર્બાની સહીહ તથા દુરુસ્ત છે.

એનું કારણ પણ એ જ છે કે જ્યારે તે મુરીદ એ નિશ્ચિત કરે છે કે એ જાનવર પીર સાહબ / આલિમ સાહબના માટે છે તો એ વખતે સૌ પ્રથમ એ મુરીદની તરફથી દા.ત. તે જાનવર પીર સાહબના માટે ભેટ કે નઝરાણુ થઈ જાય છે, અને કેમ કે પીર સાહબે ઈજાઝત આપી દીધી છે તો અહીં કબજો પણ પામી લેવામાં આવે છે. એટલે ભેટ રૂપે પીર સાહબ એના પર કબ્જાવાળા થઈ ગયા, હવે એના પછી જ્યારે કુર્બાની થાય છે તો એ કુર્બાની પણ સહીહ થઈ જાય છે.

અહીં માલિકી ભેટરૂપે છે, અને પ્રથમ મસ્અલામાં બયએ તઆતી જોવા મળે છે. જેવું જાનવર છોડીને લઈ ગયા કે ફલાણા તરફથી ઝબહ કરવું છે, તો ફલાણા માટે જાનવર નિશ્ચિત થતાં જ તેના હક્કમાં તેની ખરીદારી લાગુ તથા લાઝિમ થઈ જાય છે. અલ્લાહ બેહતર જાણનાર છે.


**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ નો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہ ની લખેલ ઉમદા તફસીર એટલે.....**

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** *(ગુજરાતી તર્જુમા સાથે)*

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

હદિયો : **રૂા. ૫૫૦/–** (ટપાલ ખર્ચ રૂા.૧૫૦ અલગ)

**:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::**

**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**,

તા. જિ. ભરૂચ, ગુજરાત,

**મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, ૯૯૬૪૫ ૨૧૪૭૭**

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

## 'સૂરએ અઅ્રાફ'ની તફસીર

આ સૂરહમાં ૨૦૬ આયતો અને ૨૪ રુકૂઅ છે.

فَاَرْسَلْنَا عَلَيْهِمُ الطُّوْفَانَ وَ الْجَرَادَ وَ الْقُمَّلَ وَ الضَّفَادِعَ وَ
الدَّمَ اٰيٰتٍ مُّفَصَّلٰتٍ فَاسْتَكْبَرُوْا وَ كَانُوْا قَوْمًا مُّجْرِمِيْنَ ﴿١٣٣﴾ وَ
لَمَّا وَقَعَ عَلَيْهِمُ الرِّجْزُ قَالُوْا يٰمُوْسَى ادْعُ لَنَا رَبَّكَ بِمَا عَهِدَ
عِنْدَكَ لَئِنْ كَشَفْتَ عَنَّا الرِّجْزَ لَنُؤْمِنَنَّ لَكَ وَ لَنُرْسِلَنَّ
مَعَكَ بَنِيْٓ اِسْرَآءِيْلَ ﴿١٣٤﴾ فَلَمَّا كَشَفْنَا عَنْهُمُ الرِّجْزَ اِلٰٓى اَجَلٍ
هُمْ بٰلِغُوْهُ اِذَا هُمْ يَنْكُثُوْنَ ﴿١٣٥﴾ فَانْتَقَمْنَا مِنْهُمْ فَاَغْرَقْنٰهُمْ فِي
الْيَمِّ بِاَنَّهُمْ كَذَّبُوْا بِاٰيٰتِنَا وَ كَانُوْا عَنْهَا غٰفِلِيْنَ ﴿١٣٦﴾ وَ اَوْرَثْنَا
الْقَوْمَ الَّذِيْنَ كَانُوْا يُسْتَضْعَفُوْنَ مَشَارِقَ الْاَرْضِ وَ مَغَارِبَهَا
الَّتِيْ بٰرَكْنَا فِيْهَا وَ تَمَّتْ كَلِمَتُ رَبِّكَ الْحُسْنٰى عَلٰى بَنِيْٓ
اِسْرَآءِيْلَ بِمَا صَبَرُوْا وَ دَمَّرْنَا مَا كَانَ يَصْنَعُ فِرْعَوْنُ وَ
قَوْمُهٗ وَ مَا كَانُوْا يَعْرِشُوْنَ ﴿١٣٧﴾ وَ جٰوَزْنَا بِبَنِيْٓ اِسْرَآءِيْلَ الْبَحْرَ
فَاَتَوْا عَلٰى قَوْمٍ يَّعْكُفُوْنَ عَلٰٓى اَصْنَامٍ لَّهُمْ قَالُوْا يٰمُوْسَى
اجْعَلْ لَّنَآ اِلٰهًا كَمَا لَهُمْ اٰلِهَةٌ قَالَ اِنَّكُمْ قَوْمٌ تَجْهَلُوْنَ ﴿١٣٨﴾ اِنَّ
هٰٓؤُلَآءِ مُتَبَّرٌ مَّا هُمْ فِيْهِ وَ بٰطِلٌ مَّا كَانُوْا يَعْمَلُوْنَ ﴿١٣٩﴾ قَالَ اَغَيْرَ
اللّٰهِ اَبْغِيْكُمْ اِلٰهًا وَّ هُوَ فَضَّلَكُمْ عَلَى الْعٰلَمِيْنَ ﴿١٤٠﴾ وَ اِذْ
اَنْجَيْنٰكُمْ مِّنْ اٰلِ فِرْعَوْنَ يَسُوْمُوْنَكُمْ سُوْٓءَ الْعَذَابِ
يُقَتِّلُوْنَ اَبْنَآءَكُمْ وَ يَسْتَحْيُوْنَ نِسَآءَكُمْ وَ فِيْ ذٰلِكُمْ بَلَآءٌ
مِّنْ رَّبِّكُمْ عَظِيْمٌ ﴿١٤١﴾

*તો અમે તેમના પર તોફાન મોકલ્યું. અને તીડ અને ઉધય (અથવા કિથોડી અથવા જું) અને દેડકા અને લોહી[૭૭] (નો અઝાબ મોકલ્યો) જુદી જુદી નિશાનીઓ.[૭૮] છતાં તેમણે ઘમંડ કર્યું.[૭૯] અને તે ગુનેહગાર કૌમ હતી (૧૩૩) અને જ્યારે તેમના પર અઝાબ પડતો (ત્યારે) કહેતા, ''હે મૂસા ! અમારા માટે પોતાના રબ પાસે દુઆ કરો, તે વચનના લીધે જે તેનું તમારી પાસે છે.[૮૦] બેશક ! જો તમે અમારા પરથી અઝાબ ઉઠાવી લેશો તો અમે જરૂર તમારા પર ઈમાન લઈ આવીશું. અને બની ઈસરાઈલને તમારી સાથે મોકલી આપીશું'' (૧૩૪) પછી જ્યારે અમે એમના પરથી અઝાબ ઉઠાવી લેતા, એક મુદ્દત માટે કે જ્યાં સુધી તેમને પહોંચવાનું છે, (તો) તરત જ તેઓ ફરી બેસતા (૧૩૫) તે અમે તેમના પાસેથી બદલો લીધો તો તેમને દરિયામાં ડૂબાડી દીધા. એટલા માટે કે અમારી આયતોને જૂઠાડતા હતા અને તેની (સત્યતાથી) વંચિત હતા.[૮૧] અને અમે તે કૌમને[૮૨] જેને દબાવી દેવામાં આવી હતી, તે ધરતી[૮૩]ના પૂર્વ પશ્ચિમની વારસદાર બનાવી દીધી. જેમાં એક બરકત મૂકી.[૮૪] અને તારા રબનો સરસ વાયદો બની ઈસરાઈલ માટે પૂરો થયો,*

*તેમના સબ્રનો બદલો. અને અમે નાશ કર્યો.[૮૫] (તેનો) જે કંઈ ફિરઔરન અને તેમની કૌમ બનાવતી હતી. અને જે આવું તેવું લાદતા હતા (૧૩૭) અને અમે[૮૬] બની ઈસ્રાઈલને દરિયાની પાર ઉતાર્યા. તો તે એવી કૌમ પાસે થઈને પસાર થયા કે જેઓ પોતાની મૂર્તિઓ સામે આસન જમાવેલા હતા.[૮૭] બોલ્યા, ''હે મૂસા ! અમારા માટે એક ખુદા બનાવી આપ જેમ કે આ લોકો માટે આટલા બધા ખુદા છે. (મૂસા) બોલ્યા, તમે ચોક્કસ જાહિલ લોકો છો[૮૮] (૧૩૮) જેમાં આ લોકો[૮૯] છે તે હાલત બરબાદીની છે. અને જે કંઈ (તેઓ) કરી રહ્યા છે (તે) નર્યુ અસત્ય છે (૧૩૯) (મૂસા) બોલ્યા, 'શું અલ્લાહ સિવાય તમારો કોઈ બીજો ખુદા શોધું ? તેણે તમને આખા યુગ પર શ્રેષ્ઠતા આપી હોવા છતાં ?[૯૦] (૧૪૦) અને યાદ કરો જ્યારે અમે તમને ફિરઓનવાળાઓ પાસેથી છોડાવ્યા કે (જેઓ) તમને ખરાબ માર મારતા (હતા) તમારા દીકરાઓને ઝબહ કરતા અને તમારી દીકરીઓને જીવતી રાખતા (હતા) અને તેમાં તમારા રબની મોટી કૃપા થઈ[૯૧] (૧૪૧)*

## :: સમજૂતી ::

**૭૭ :** જાદૂગરોના ઈમાન લાવ્યા પછી જ્યારે ફિરઔની લોકો પોતાના કુફ્ર અને નાફર્માની પર જામેલા રહ્યા ત્યારે તેમના પર અલ્લાહની નિશાનીઓ એક પછી એક ઉતરવા લાગી. કારણ કે મૂસા عليه السلامએ દુઆ કરી હતી કે, અય અલ્લાહ ! ધરતી પર ફિરઔન ખૂબ જ બંડખોર બની ગયો છે, અને તેની કૌમે વચનભંગ કર્યો છે. તેમને એવા અઝાબમાં સપડાવ જે તેમના માટે સજા હોય અને મારી કૌમ તેમજ પાછળનાઓ માટે બોધ બને. તો અલ્લાહ તઆલાએ તોફાન મોકલ્યું, વાદળ આવ્યું, અંધારુ થઈ ગયું, અને વરસાદ વરસવા લાગ્યો. ફિરઔનીઓનાં ઘરોમાં પાણી ભરાઈ ગયું, એટલે સુધી કે તેમને પાણીમાં ઉભુ રહેવું પડયું, અને પાણી તેમના ડોકીઓના હાડકા સુધી આવી ગયું, તેમનામાં જે બેસવા ગયું તે ડૂબી ગયું. ન તો હલનચલન કરી શકતા હતા ન કાંઈ કામ કરી શકતા હતા. શનિવારથી શનિવાર સાત દિવસ સુધી એ મુસીબતમાં જ ઘેરાએલા રહ્યા. અને બની ઈસ્રાઈલનાં ઘરો તેમનાં ઘરોની જોડાજોડ હોવા છતાં તેમાં પાણી ન આવ્યું. જ્યારે તેઓ થાકી ગયા ત્યારે હઝરત મૂસા عليه السلامને વિનવ્યું, ''અમારા માટે દુઆ કરો કે આ મુસીબત દૂર થાય જેથી અમે તમારા પર ઈમાન લાવીએ અને બની ઈસ્રાઈલને તમારી સાથે મોકલી દઈએ. હઝરત મૂસા عليه السلامએ દુઆ કરી, તોફાનની મુસીબત દૂર થઈ. જમીનમાં એટલી ફળદ્રુપતા આવી કે પહેલાં દેખાઈ ન હતી. ખેતી પુષ્કળ પાકી અને ઝાડોને મોટા પ્રમાણમાં ફળફૂલ આવ્યાં. ત્યારે ફિરઔની કહેવા લાગ્યા કે આ પાણી તો નેઅમત હતું. અને ઈમાન ન લાવ્યા. એક મહીનો આરામથી પસાર થયો. પછી અલ્લાહે તીડ મોકલ્યા. તે ખેતી, ઝાડોના પાન, ફળ ફળાદો, ઘરોના દરવાજા, છાપરાં, પાટીયાં, સરસામાન અને લોઢાના ખીલાઓ સુદ્ધાં ખાઈ ગયા. ફિરઔનીઓના ઘરોમાં ભરાયા અને બની ઈસ્રાઈલના ઘરોમાં ન ગયા. ફરી ફિરઔનીઓઓએ ગભરાઈને હઝરત મૂસા عليه السلامને દુઆ માટે વિનંતિ કરી, ઈમાન લાવવાનો વાયદો કર્યો, એ મુજબ કોલ કરાર કર્યા. સાત દિવસ શનિવારથી શનિવાર સુધી તીડોના અઝાબમાં સપડાયેલા રહ્યા. પછી હઝરત મૂસાની દુઆથી છૂટકારો મળ્યો. પછી જે ખેતી અને ફળફૂલ બાકી રહી ગયું હતું તે જોઈને બોલ્યા, અમારા માટે પૂરતું છે, અમે અમારા ધર્મ છોડવાના નથી. પછી ઈમાન ન લાવ્યા. વફાદારીનું વચન ન પાળ્યું,

અને પોતાના કુકૃત્યોમાં સંડોવાઈ ગયા. એક મહીનો સુખ ચેનથી પસાર થયો. પછી અલ્લાહ તઆલાએ "કુમ્મલ" મોકલ્યા, મુફસ્સિરોનો એમાં મતભેદ છે. અમુક કહે છે કે કુમ્મલ એ ઉધઈ છે, અમુક કહે છે કે જૂ. અમુક કહે છે કે એક નાનુ જીવડું છે. તેમની જે ખેતીઓ અને ફળો વધ્યા હતાં તે ખાઈ નાખ્યાં. કપડાંઓમાં પેસી જતા હતા અને ચામડીમાં ચટકાવતા હતા. ખાવાની વસ્તુઓમાં પેસી જતા. જે કોઈ દસ ગુણી ઘઉં ઘંટીમાં લઈ જતું તો ત્રણ શેર પાછું લાવતું, બીજુ તે જીવાત ખાઈ નાખતી હતી. આ જીવાત ફિરઔનીઓના ઘરોમાં ભરાઈને ભવાં અને પાંપણો સુદ્ધાં ખાઈ ગઈ. શરીરમાં શિતળાની જેમ ભરાઈ જતાં. ઊંઘવાનું મુશ્કેલ બનાવી દીધું હતું. આ મુસીબતથી ફિરઔનીઓ અકળાઈ ઉઠયા. ફરી પાછું મૂસા علیہ السلامને કહ્યું કે અમે તૌબા કરીએ છીએ, તમે આ મુસીબત ટાળવાની દુઆ કરો. પછી સાત દિવસ બાદ એ મુસીબત પણ હઝરત મૂસાની દુઆથી ટળી. પરંતુ ફિરઔનીઓએ પાછો વચનભંગ કર્યો અને પહેલાથી પણ વધુ ખરાબ કામો કરવાનું શરૂ કર્યું. એક મહીનો સુખેથી ગયા પછી, હઝરત મૂસા علیہ السلامએ ફરી બદ્દુઆ કરી. ત્યારે અલ્લાહ તઆલાએ દેડકાં મોકલ્યાં. અને એવી પરિસ્થિતિ સર્જાઈ કે જો માણસ બેસતો તો તેની બેઠકમાં દેડકાં ભરાઈ જતાં. વાત કરવા માટે મોઢું ઉઘાડતા તો દેડકુ કુદીને તેમના મોઢામાં ભરાઈ જતું. હાંડલી વાસણોમાં દેડકાં, ખાવાની વસ્તુઓમાં દેડકાં, ચુલાઓમાં દેડકા ભરાઈ જતાં તો આગ પણ હોલવાઈ જતી. સૂતા ત્યારે દેડકાં ઉપર અસ્વાર થઈ જતાં. આ મુસીબતથી ફિરઔનીઓ રડી પડયા, અને હઝરત મૂસા علیہ السلامને વિનંતિ કરી કે આ વખતે અમે પાકી તૌબા કરીએ છીએ. હઝરત મૂસા علیہ السلامએ તેમની પાસે કોલ કરાર લઈને દુઆ કરી તો સાત દિવસ પછી એ મુસીબત પણ દૂર થઈ, અને એક મહીનો શાંતિથી પસાર થયો. પણ પાછો તેમણે વાયદો તોડી નાખ્યો અને પોતાના કુફ્ર તરફ પલ્ટી ગયા. ફરી પાછા હઝરત મૂસા علیہ السلامએ બદ્ દુઆ કરી તો બધા કૂવાઓ, નહેરો, ઝરણાઓનું પાણી, અને નાઈલ નદીનું પાણી, મતલબ કે બધું જ પાણી તેમના માટે તાજુ લોહી બની ગયું. ત્યારે તેમણે ફિરઔનને ફરિયાદ કરી ત્યારે તેણે કહ્યું, જાદૂના જોરે હઝરત મૂસા علیہ السلامએ તમારી નઝરબંદી કરી દીધી છે. ત્યારે તેમણે કહ્યું કે કેવી નઝરબંદી ? અમારા વાસણોમાં તો લોહી સિવાય કશું જ નથી. ત્યારે ફિરઔને હુકમ કર્યો કે ફિરઔનીયો બની ઈસરાઈલ સાથે એક જ વાસણથી પાણી ભરે. પણ જ્યારે બની ઈસરાઈલ કાઢતા ત્યારે પાણી નીકળતું, અને ફિરઓનીઓ કાઢતા ત્યારે લોહી નીકળતું એટલે સુધી કે ફિરઔની સ્ત્રીઓ તરસથી લાચાર બનીને બની ઈસ્રાઈલની સ્ત્રીઓ પાસે આવી અને પાણી માગ્યું તો તે પાણી તેમના વાસણોમાં જતાં જ લોહી બની ગયું. ફિરઔની સ્ત્રીઓ કહેતી કે તમે તમારા મોઢામાં પાણી લઈને અમારા મોઢામાં કોગળા કરો. તેમ કરતાં બની ઈસ્રાઈલના સ્ત્રીના મોઢામાં જ્યાં સુધી રહેતું પાણી રહેતું અને ફિરઓની સ્ત્રીના મોઢામાં જતાં જ લોહી બની જતું. ફિરઔન પોતે પણ તરસથી બેચેને બન્યો, તેણે લીલા ઝાડની તરી ચૂસી, પણ તેના મોઢામાં પ્રવેશતાં જ તે લોહી બની ગઈ. સાત દિવસ સુધી લોહી સિવાય કોઈ વસ્તુ પીવાની મળી નહીં. ફરી પાછી હઝરત મૂસા علیہ السلامને દુઆની દરખાસ્ત મૂકી, અને ઈમાન લાવવાનો વાયદો કર્યો. હઝરત મૂસા علیہ السلامએ દુઆ કરી, એ મુસીબત પણ ટળી, છતાં ઈમાન લાવ્યા નહીં.

**૭૮ :** એક પછી બીજો અને દરેક અઝાબ એક અઠવાડિયું રહેતો, અને બે અઝાબ વચ્ચે એક મહિનાનો ગાળો રહેતો હતો. વધુ પેજ 26 પર..

## શરહે હ઼દાઈકે઼ બખ્શિશ
ભાગ-૨

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

### ચમકા દે નસીબ બદનસીબિયાં-અહ શમ્એ જમાલે મુસ્તફાઈ

**અર્થાત :** હે શમ્એ જમાલે મુસ્તફાઈ ! તારી નૂરાનિયતની એક ચમકથી અમ બદનસીબોની બદનસીબી દૂર કરીને અમારાં અંધકારમય સીનાઓને રોશન કરી દે. કેમ કે :

*ચમક તુઝસે પાતે હૈં સબ પાનેવાલે-મેરા દિલ ભી ચમકા દે ચમકાનેવાલે*

### ક઼ઝાક઼ હૈ સરપે રાહે ગમ હૈ-અય શમ્એ જમાલે મુસ્તફાઈ

*(ક઼ઝાક઼ = ડાકૂ)*

**અર્થાત :** દીન ઈમાનના ડાકૂ, ઈન્સાની લિબાસમાં વરૂ ઈમાનની દૌલત લૂટવાના માટે (ઠેક ઠેકાણે ઈદારાઓ તથા મદ્રસાઓના નામ પર) માથા પર ઉભેલા છે, અમારી પાસે કોઈ ચારો પણ નથી. હે શમ્એ જમાલે મુસ્તફાઈ ! અમારી રહનુમાઈ ફર્માવી દે જેથી અમે ઈમાનની દૌલતને બચાવી શકીએ.

**દીન ઈમાનની હિફાઝત :** દીન તથા ઈમાન એટલી કિંમતી દૌલત છે કે એક મુસલમાને સૌથી વધુ એની હિફાઝતની ફિકર હોવી જોઈએ. જ્યારે લોકો પોતાના જૂઠી દુનિયવી ઈજ્જતનો ખૂબ જ ખયાલ કરે છે. જરા સરખી વાત આપણી શાનના પ્રમાણે ન હોય તો લડવા મરવા માટે તૈયાર થઈ જઈએ છીએ અને ઈમાન તથા દીન બર્બાદ થતો રહે તો ટસથી મસ નથી થતા ! આ નેઅમતને પામવા માટે. તો આપણને દીન ઈમાનની હિફાઝતનો એહસાસ હોવો જોઈએ, કુર્આનની તિલાવત, મૌતની યાદ, કિક્રે આખેરત તથા સલફે સાલેહીન (પૂર્વજ બુઝુર્ગો)ના હાલાતનો અભ્યાસ કરવો, ઉલમાએ એહલે સુન્નતની કિતાબો વાંચવી, ઈલ્મે દીન હાંસલ કરવો ખૂબ જ જરૂરી છે.

### છાયા આંખો તલે અંધેરા-અય શમ્એ જમાલે મુસ્તફાઈ

**અર્થાત :** હે શમ્એ જમાલે મુસ્તફાઈ ! મારી આંખોની નીચે બદઅમલીઓનું અંધારુ જ અંધારુ છે જેના લીધે કાંઈ દેખાય નથી દેતુ અને સિરાતે મુસ્તક઼ીમથી હટતો જઈ રહ્યો છું. ખુદારા ! તમારા નૂરથી મારી મદદ ફર્માવો જેથી કરીને હક્ક઼ના માર્ગે કાયમ રહું.

### દિલ સર્દ હૈ અપની લવ લગા દે-અય શમ્એ જમાલે મુસ્તફાઈ

*(સર્દ = ઠંડુ, લવ = દિલી લગાવ)*

**અર્થાત :** હે જમાલે મુસ્તફા ﷺની નૂરાની શમ્અ ! મને રોશની પણ અતા ફર્માવ અને મારા ઈશ્કે મુસ્તફાઈથી બેગાના ઠંડા દિલને ઈશ્કે રિસાલત મઆબ ﷺની ગરમી પણ અતા ફર્માવ.

*હર કે ઈશ્કે મુસ્તફા સામાને ઉસ્ત-બહરો બર દર ગોશે દામાને ઉસ્ત*

### ઘનઘોર ઘટાએં ગમકી છાઈ–અય શમ્એ જમાલે મુસ્તફાઈ

**અર્થાત** : હે જમાલે મુસ્તફા ﷺની રોશન શમ્અ ! ઘણા જ ડરામણાં તથા ભયાનક કાળાં ગમનાં વાદળો છવાઈ ગયાં છે. કબ્રની ભયાનકતાઓ અને મેહશરના મેદાનની તબાહકારીઓએ નર્વસ કરી રાખેલ છે. એક જલ્વો મારી અંધારી કબ્રમાં પણ થઈ જાય તો મારી કબ્ર નૂરનો પુંજ બની જાય. અને મેહશરના મેદાનમાં તારુ અજવાળુ જોઈએ જેથી તે મંઝિલો પણ આસાનીથી પાર કરી શકાય.

આ'લા હઝરત رحمۃ اللہ علیہ પોતાના અકીદતમંદોને ઈશ્કે રસૂલની દૌલત અતા કરવાની સાથોસાથ અકીદતની મજબૂતીનો સામાન પણ આપી રહ્યા છે અને સાથોસાથ ફિક્રે આખેરત તથા ખૌફે ખુદાની તરફ પણ ધ્યાનિત કરી રહ્યા છે. જેમને એ નેઅમત મળી જાય છે તેમને કયાં કયાં ઈનામો મળે છે, અને જેઓ એ નેઅમતોથી મેહરૂમ રહે છે એમનો શું હાલ થાય છે એને જાણવા માટે આખેરતની ફિકર અને મૃત્યુ પછીના હાલાત વિશે લખેલી ઉલમાએ એહલે સુન્નતની કિતાબોનો અભ્યાસ દરેક મુસલમાન ખાસ કરીને અમલથી કોરા કેવળ ઈશ્કે મુસ્તફા ﷺના દાવેદારો જરૂરથી કરે, જેથી ખૌફે ખુદા દિલોમાં પેદા થાય અને બદ અમલીનો ખાત્મો થાય. (એના માટે અમારે ત્યાંથી પ્રકાશિત થયેલ કિતાબ ગુનાહોનો ઈલાજ, જહન્નમના ખતરાઓ, પયગંબરે રહમત ﷺ તથા આપની તાલીમાત..વગેરે કિતાબો મળી શકશે. *(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

### ભટકા હું તૂ રાસ્તા બતા જા–અય શમ્એ જમાલે મુસ્તફાઈ

**અર્થાત** : હે જમાલે મુસ્તફા ﷺની શમ્એ ફરોઝાં ! હું રસ્તો ભૂલી ગયો છું, જલ્દી આવ અને મારી રહનુમાઈ ફર્માવીને મને સીધા માર્ગ પર લગાડ જેથી કરીને મંઝિલે મકસૂદ (નિર્ધારિત મંઝિલે) પહોંચી જાઉં. કેમ કે ભટકેલાઓને તું માર્ગ નહીં બતાવે તો કોણ બતાવશે ?!

### ફર્યાદ દબાની હૈ સિપાહી–અય શમ્એ જમાલે મુસ્તફાઈ

*(ફર્યાદ = પુકાર, દુહાઈ. દબાના = દબોચવું, બોલવા ન દેવું, સિપાહી = ગુનાહોનો અંધકાર)*

**અર્થાત** : હે શમ્એ જમાલે મુસ્તફાઈ ! મારા ગુનાહોની સિયાહી (કાળાશ, અંધકાર) મારી આહ, ફરિયાદ તથા રૂદન પર સવાર થઈ જાય છે જેના કારણે મારો અવાજ નથી નીકળવા પામતો. તને તો સર્વ કાંઈ માલૂમ છે, જાતે જ આવી જા અને મારી ફરિયાદ સાંભળીને મારી મુશ્કેલીને આસાન કરી જા.

### મેરે દિલે મુર્દાકો જિલા દે–અય શમ્એ જમાલે મુસ્તફાઈ

**અર્થાત** : હે પ્યારા મુસ્તફા ﷺના જમાલે જહાંઆરાની રોશન શમ્અ ! મારું દિલ મુર્દા થઈ ચૂક્યું છે તેને નવી જિંદગી અતા કરી આપ.

### આંખે તેરી રાહ તક રહી હૈ–અય શમ્એ જમાલે મુસ્તફાઈ

**અર્થાત** : મારી આંખો તરસી રહી છે તારા દીદાર તથા ઝિયારત માટે, હે મહબૂબે ખુદા ﷺના જમાલની રોશન શમ્અ ! ક્યારે એ દિવસ આવશે કે મારી આંખોની પ્યાસ બુઝાશે.

### દુ:ખમેં હૈં અંધેરી રાતવાલે–અય શમ્એ જમાલે મુસ્તફાઈ

**અર્થાત** : દુનિયાનું જંગલ સુનુ છે, રાત અંધારી અને કાળી વાદળી છવાયી છે. અમે આ કાળી રાતના અંધકારમાં ઘણા દુ:ખ દર્દની સાથે જિંદગીનો કઠિન પળો પસાર કરી રહ્યા છીએ. હે શમ્એ જમાલે મુસ્તફા ! અમને ગુમરાહીના આ અંધકારથી કાઢ !

*વો જો આસૂદગી ચાહેં ઉન્હેં આસૂદા કર–બે ક઼રારોંકી લતાફત મુઝે તન્હા દે દે*
*ગમ તો ઈસ દૌર કી તક઼દીરમેં લિખે હૈં મગર–મુઝકો ગમસે નિમટ લેનેકા યારા દે દે*

**તારીક હૈ રાત ગમઝદોંકી–અય શમ્એ જમાલે મુસ્તફાઈ**

**અર્થાત** : અમે ગમના માર્યાઓ, બે સહારાઓની રાત ઘણી જે અંધકારમય થઈ ગઈ છે અને એ અંધકાર જમાલે મુસ્તફા ﷺની રોશન શમ્અથી જ ખત્મ થઈ શકે છે. કોઈ છે જે મારો હાલ સાંભળીને મારા આક઼ાની રહમતને મારા તરફ ધ્યાનિત કરી આપે, હું તેને જાનનુ નઝરાણુ કરીશ.

**હો દોનોં જહાંમેં મુંહ ઉજાલા–અય શમ્એ જમાલે મુસ્તફાઈ**

**અર્થાત** : દુનિયામાં આપના ઈશ્ક઼ો મહોબ્બતથી અને આખેરતમાં આપની શફાઅતથી ચહેરો રોશન રહે. હુઝૂરના નૂરના જમાલથી બંનેવ જહાનમાં કામયાબી તથા ઈજ્જત નસીબ થાય.

**તારીકીએ ગોરસે બચાના–અય શમ્એ જમાલે મુસ્તફાઈ**

**અર્થાત** : અમારાથી તો દુનિયાનો અંધકાર સહન નથી થતો અને કબરના અંધકારની મંઝિલ તો બાકી છે. હે શમ્એ જમાલે મુસ્તફાઈ ! અમને ક઼બ્રના અંધકારથી બચાવજે અને મહબૂબના દીદારનું નૂર અતા ફર્માવજે જેથી મારું મૃત્યુ હયાતે જાવેદાની બની જાય.

**પુર નૂર હૈ તુઝસે બઝ્મે આલમ–અય શમ્એ જમાલે મુસ્તફાઈ**

**અર્થાત** : કાઈનાત (સૃષ્ટિ)ની મેહફિલ તારા જ નૂરથી જગમગી રહી છે, હે જમાલે મુસ્તફા ﷺની રોશન શમ્અ !

**હમ તીરા દિલોં પે ભી કરમ કર–અય શમ્એ જમાલે મુસ્તફાઈ**

*(તીરા દિલ – ગુનાહોના કારણે દિલ કાળાં કરી લેનાર)*

**અર્થાત** : હે શમ્એ જમાલે મુસ્તફાઈ ! અમારા જેવા કાળા દિલવાળાઓ પર પણ કરમની નજર થઈ જાય જેથી અમારાં દિલોની કાળાશ દૂર થઈ જાય અને દિલ રોશન થઈને સીનો નૂરનો ખજાનો બની જાય અને પછી હું વજદમાં આવીને આ પ્રમાણે કહું : *મૈં યહાં હૂં મેરા દિલ મદીનેમેં હૈ*

**લિલ્લાહ ! ઈધર ભી કોઈ ફેર–અય શમ્એ જમાલે મુસ્તફાઈ**

**અર્થાત** : હે શમ્એ જમાલે મુહમ્મદી ! (ﷺ) ખુદાને ખાતર અમ ગરીબોની તરફ પણ રહમતનો એક ફેરો (નૂરનો જલ્વો) થઈ જાય તો અમારી બગડેલી ક઼િસ્મત બની જાય, સૂતેલુ નસીબ જાગી જાય અને અમારુ પણ ભલુ થઈ જાય.

**તક઼દીર ચમક ઉઠે 'રઝા' કી–અય શમ્એ જમાલે મુસ્તફાઈ**

**અર્થાત** : હે શમ્એ જમાલે મુસ્તફાઈ ! (ﷺ) તેં મોટાઓનાં નસીબ ચમકાવ્યાં છે, તેમના સદક઼ામાં મારી પણ ક઼િસ્મત ચમકી જાય અને નેકબખ્ત થઈ જાઉં.

**નોંધ** : અમુક નુસ્ખાઓમાં આ નઅતની અંદર નીચે દર્શાવેલ શેઅરનો વધારો પણ છે.

**અસ્હાબ નજૂમે રહનુમા હૈં–કશ્તી હૈ આલે મુસ્તફાઈ**

**અર્થાત** : સહાબા હિદાયતના તારાઓ છે અને આ'લે રસૂલ (ﷺ) નજાતની નાવડી છે. જેવું હદીષોમાં આ બંનેવ ગિરોહોને એ જ પ્રમાણે ફર્માવેલ છે. –*(ક્રમશઃ)*

# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

# ફવાઈદુલ ફવાદ

## દિલોના ફાયદા

ભાગ-બીજો

મલ્ફૂઝાતે સુલ્તાનુલ મશાઈખ હઝરત ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ

સંપાદક : હઝરત ખ્વાજા અમીર હસન અલા સંજરી દહેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

### બારમી મજલિસ

એ જ મહીનાની ચોવીસ તારીખ પીરના દિવસે એ ખ્વાબ જોવાને અગીયારમો દિવસ હતો એના કરતાં બેહતર તથા મુબારક ચીજ મળી. સારાંશ એ દિવસે અમીર આલમ વલ્વાલજીની બુઝુર્ગીના બારામાં હઝરતે ઘણુ બધુ ફર્માવ્યું. તેમની તારીફ કરતાં ઈર્શાદ ફર્માવ્યો કે એક સાહિબે નેઅમત બુઝુર્ગ જેમને ખ્વાજએ અજલ શીરાઝી رحمۃ اللہ علیہથી ફયઝ હાંસલ થયો હતો. એકવાર એ બુઝુર્ગ મિમ્બર પર તશરીફ લાવ્યા. લોકોનો મજમો લાગેલો હતો જેમનામાં અમીર આલમ વલ્વાલજી પણ હતા. એ બુઝુર્ગે એ રીતે બયાન શરૂ કર્યું કે, હે મુસલમાનો ! જાણી લો ! અને ખબરદાર થઈ જાવ કે મને ખ્વાજા શીરાઝીથી નેઅમત મળી હતી. આજે રાતે હું વિચારી રહ્યો હતો કે એ નેઅમત મારા પુત્રને અતા કરી આપુ પણ હુકમ થયો કે અમીર આલમ વલ્વાલજીને આપો. ત્યારબાદ અમીર આલમને મિમ્બર પર બોલાવ્યા અને પોતાનુ લુઆબે દહન તેમના મોંમાં નાખ્યુ.

### તેરમી મજલિસ

માહે જમાદિયુલ આખરની ૨૯મી તારીખ રવિવારે કદમબોસીની સઆદત હાથ આવી. રજબના મહીનાની ફઝીલતનો ઉલ્લેખ થયો. ફર્માવ્યું કે આ મહીનામાં દુઆઓ ખૂબ કબૂલ થાય છે, અને આ મહીનાની ચાર રાતો ઘણી જ મુબારક છે : પહેલી રાત, બીજી જુમ્આની રાત, ત્રીજી પંદરમી રાત, ચોથી ૨૯મી રાત જે શબે મેઅરાજ છે.

ત્યારબાદ નફલની ચર્ચા ચાલી. ફર્માવ્યું કે જે નફલ પઢવામાં આવે છે તે કઝા થયેલ ફર્ઝ નમાઝોમાં ગણાય જાય છે. ત્યારબાદ ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہનો ઉલ્લેખ કર્યો કે તે પોતાની દરેક કઝા નમાઝને પાંચવાર અદા કરતા હતા.

### ચૌદમી મજલિસ

એ જ વરસે માહે રજબની તેરમી તારીખ રવિવારે કદમબોસીની દોલત હાંસલ થઈ. તૌબા કાયમ રહેવાની ચર્ચા ચાલી. ફર્માવ્યું કે સાલિક જો પીરની બયઅત પર જામેલો રહે તો એનાથી પહેલાં તેણે જે કાંઈ કર્યું હતું તેની પૂછતાછ નથી થતી. એના અનુસંધાનમાં આ હિકાયત વર્ણવી કે સિરાજુદ્દીન લકબવાળા એક સાહબ હતા. અબૂ હર કસ્બાના રહેવાસી હતા. હું એકવાર ત્યાં ગયો અને એમને ત્યાં જઈને ઉતર્યો. તે તથા તેમની પત્ની બંનેવ શયખ ફરીદુદ્દીન قدس سرہનાં મુરીદ થઈ ચૂક્યાં હતાં. કદાચ

એ દિવસે કસ્બાના રહેવાસી તે સિરાજુદ્દીનની પત્નીથી ઝઘડી રહ્યા હતા. લડાઈ ઝઘડા દરમિયાન તેમને ખૂબ જ અયોગ્ય વાતો કહી રહ્યા હતા. એવી વાતો જેનાથી અચબ લાગતી હતી. બાદમાં એ ખાતૂને જવાબ આપ્યો અને કહ્યું કે જે કાંઈ તમે લોકો કહો છો તો જરા મારા બારામાં વિચારો કે એ વાતો બયઅતથી પહેલાંની છે કે બાદની ? ખ્વાજા ઝિકુલ્લાહ બિલ ખૈર જ્યારે આ વાત પર પહોંચ્યા તો ફર્માવ્યું કે, એ સ્ત્રીએ કેટલી ઉમદા વાત કહી !

## પંદરમી મજલિસ

એ જ વરસે માહે રજબની ૨૯મી તારીખે મંગળ વારે કદમબોસીની દોલત મયસ્સર થઈ. એક શખ્સ હાજર થયો અને પોતાના હાલાતની સુધારણાના માટે મદદ ચાહી. ફર્માવ્યું કે **રોજગારની તંગી દૂર કરવા માટે દરરોજ રાત્રે સૂરએ જુમ્આ પઢવી જોઈએ.** પછી ફર્માવ્યું કે શયખુલ ઈસ્લામ ફરીદુદ્દીન قدس سرہનો ઈર્શાદ દર જુમ્આની રાતના માટે છે, પણ હું કહું છું કે દરરોજ રાતે પઢવી જોઈએ, પણ ખુદ મારા માટે કદી નથી પઢતો કેમ કે તે (અલ્લાહ) જે હાલમાં ચાહે છે રાખે છે. એ દરમિયાન હિકાયત વર્ણવી કે એકવાર મારે એવા લોકો પાસેથી પસાર થવાનુ થયું જેઓ સૂફીઓના લિબાસમાં હતા. તેમનામાંથી એકે બીજાને કહ્યું કે મેં આવો આવો ખ્વાબ જોયો છે. તેણે તાબીર આપી કે સારો ખ્વાબ છે, તારો રોજગાર બની જશે અને સબબો પૂરા પડી જશે અને રોજીમાં વધારો થઈ જશે. મેં ચાહયું કે એમને કહું કે હે ખ્વાજા ! જે લિબાસમાં તમે છો એ લિબાસવાળા આવી તાબીરો નથી કર્યા કરતા. પછી મને ખયાલ આવ્યો કે હું જવાબ આપનારો કોણ ?! જેથી કાંઈ ન બોલ્યો અને એમની પાસેથી ચાલ્યો આવ્યો.

જ્યારે ખ્વાજા ઝિકુલ્લાહ બિલ્ખૈર હિકાયત વર્ણન કરી ચૂક્યા તો એ શખ્સે જે દુઆ કરાવવા આવ્યો હતો તેણે અર્ઝ કરી કે, હે મખ્દૂમ ! લોકોને સબબોની ભરમાર અને સારા રોજગારના વિના ચારો નથી. ખ્વાજા ઝિકુલ્લાહ બિલ્ખૈરે સ્મિત કર્યું અને ઈર્શાદ કર્યો કે આ હિકાયત મેં તમારા બારામાં થોડી કહી છે ! હું તો ખુદ મારો હાલ વર્ણવી રહ્યો હતો.

## ૧૬ મી મજલિસ

એ જ વરસે માહે રમઝાન મુબારક (એની બરકતો આમ થાય)ની છઠ્ઠી તારીખ જુમેરાતે કદમબોસીની સઆદત હાથ આવી. એ દિવસે બંદા (હસન અલા સંજરી)એ અમુક અન્ય બુઝુર્ગ મુરીદોની સાથે તજદીદે બયઅત કરી હતી. એના બારામાં ઈર્શાદ થયો કે જ્યારે રસૂલુલ્લાહ ﷺએ મક્કાનો ઈરાદો કર્યો તો ફતહથી પહેલાં ઉષ્માન رضی اللہ عنہને મક્કાવાળાઓ પાસે સફીર બનાવીને મોકલ્યા. એ દરમિયાન રસૂલુલ્લાહ ﷺ સુધી અફવાઓ પહોંચી કે હઝરત ઉષ્માન رضی اللہ عنہને શહીદ કરી દેવામાં આવ્યા. રસૂલુલ્લાહ ﷺએ આ ખબર સાંભળી તો સહાબાને બોલાવ્યા અને કહ્યું કે, આવો ! બયઅત કરો કે મક્કાવાળાઓથી લડીશું. સહાબાએ બયઅત કરી. અને એ વખતે મુસ્તફા ﷺએ ઝાડના થડથી ટેક લગાડેલી હતી. એ બયઅતને બયઅતે રિદ્વાન કહે છે. એ બયઅતના દરમિયાન ઈબ્ને અકૂઅ નામના સહાબી હાજર થઈને બયઅત થયા. પયગંબર ﷺએ ફર્માવ્યું કે શું તમે આનાથી પહેલાં બયઅત નથી કરી ? તેમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ કરી છે, પણ અત્યારે તજદીદના માટે બયઅત કરી રહ્યો છું. પયગંબર ﷺએ તેમને બયઅતના માટે દસ્તે મુબારક અતા કર્યો. ત્યારબાદ ખ્વાજા ઝિકુલ્લાહ બિલખૈરે ફર્માવ્યું કે આ તજદીદનો ક્રમ અથવા ઈજાઝત ત્યાંથી છે. ત્યારબાદ ફર્માવ્યું કે **જો કોઈ મુરીદ તજદીદે બયઅત કરવા ચાહતો હોય**

**અને શયખ મૌજૂદ ન હોય તો શયખનો લિબાસ સામે રાખીને એ લિબાસથી બયઅત કરી લેવી જોઈએ.** એ દરમિયાન ફર્માવ્યું કે, અજબ નથી કે શયખુલ ઈસ્લામ ફરીદુદ્દીન قدس سرہٗએ ઘણીવાર એવું કર્યું છે અને હું પણ એવું જ કરું છું.

પછી હુસ્ને એતેક઼ાદની ચર્ચા ચાલી. ફર્માવ્યું કે મેં ઓધના શયખુલ ઈસ્લામ શયખ રફીઉદ્દીનથી સાંભળ્યું છે, તે કહેતા હતા કે મારો એક અઝીઝ ખ્વાજએ અજલ શીરાઝી رحمۃ اللہ علیہનો મુરીદ હતો. એકવાર તે મુરીદ કોઈ આરોપમાં ગિરફતાર થયો અને કત્લગાહમાં લાવવામાં આવ્યો. જલ્લાદે જે એની ગરદન ઉડાડનારો હતો તેને એ રીતે ઉભો રાખ્યો કે ચહેરો કિબ્લાની તરફ થાય. મુરીદ ચાહતો હતો કે પોતાના ક઼િબ્લાની તરફ મોં કરે કેમ કે (પહેલી સ્થિતિમાં) કદાચ એની પીઠ પોતાના પીરની કબરની તરફ થઈ જતી હતી, જેથી તેણે તુરત જ પોતાની પીરની કબર તરફ મોં કરી લીધું. જલ્લાદે કહ્યું કે આ સમયે તો ચહેરો કિબ્લા તરફ હોવો જોઈએ, તો મોં શા માટે ફેરવે છે ? તો મુરીદ બોલ્યો કે, મેં મારું મોં મારા ક઼િબ્લાની તરફ કરી લીધું છે, તું તારું કામ કર !

એના જ અનુસંધાનમાં આ હિકાયત વર્ણવી કે, એકવાર હું સફરમાં હતો. લાંબી મંઝિલમાં એક રોજ ઘણી જ તકલીફ ઉઠાવી, જો કે હું સવાર હતો પરંતુ ખૂબ જ તરસ લાગી. એક તળાવના કિનારે પહોંચ્યો. ઘોડા પરથી નીચે ઉતર્યો અને ચાહતો હતો કે થોડુક પાણી લઈને પીવું, એવામાં અંદરથી ઉલ્ટી જેવું આવ્યું અને પિત્તનું દબાણ થયું. જે વખતે હું બેહોશ થયો તો મારી જીભ પર એ જ આવ્યું કે, "શયખ ! શયખ !" થોડીવાર પછી મને ફરી હોશ આવી ગયો. સારાંશ ત્યાર પછી મને મારા કામના નેક અંજામનું યક઼ીન થઈ ગયું કે ઈન્શા અલ્લાહુ તઆલા ! આખરી સમયે પણ એ જ ઉમ્મીદ છે કે તેમની યાદની સાથે જઈશ.

## ૧૭ મી મજલિસ

એ જ વરસે માહે રમઝાનની તેવીસમી તારીખ રવિવારે કદમબોસીની સઆદત નસીબ થઈ. કબરોની ઝિયારતની ચર્ચા ચાલી. ફર્માવ્યું કે મારા પિતા عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانُ બીમાર પડયા અને એ બીમારીમાં વારંવાર મને ફર્માવ્યું કે ફલાણા શહીદની ઝિયારતના માટે જાવ અને ફલાણા બુઝુર્ગના મઝાર પર હાજરી આપો. જેથી હું તેમના હુકમાનુસાર જતો રહ્યો. જ્યારે પરત આવતો તો ફર્માવતા કે બીમારીમાં રાહત છે અને તકલીફમાં કમી છે. ત્યારબાદ હિકાયત વર્ણવી કે જ્યારે શયખુલ ઈસ્લામ ફરીદુદ્દીન قدس سرہٗ બીમાર થયા તો મને કેટલાક મુરીદોની સાથે ત્યાંના શહીદોની ઝિયારતના માટે મોકલ્યો. જ્યારે અમે ઝિયારત પછી ખિદમતમાં હાજર થયા તો ફર્માવ્યું કે તમારી દુઆએ તો કાંઈ પણ અસર નથી કરી ! મને કોઈ જવાબ ન સુઝયો. એક મુરીદ હતા જેમને અલી બહારી કહેતા હતા, તે દરવાજા પર ઉભા હતા. ત્યાંથી બોલ્યા કે અમે અધૂરા છીએ અને શયખની જાત મુબારક કામિલ છે, તો અધૂરાઓની દુઆ કામિલોના માટે કઈ રીતે અસરકારક થઈ શકે છે ?! ખ્વાજા ઝિક્રુલ્લાહ બિલ ખૈરએ ફર્માવ્યું, કે એ વાત શયખના કાનો સુધી ન પહોંચી, જેથી મેં એને જેમની તેમ શયખને કાનો સુધી પહોંચાડી. મને ફર્માવ્યું કે, મેં ખુદાથી દરખાસ્ત કરી છે, તો ખુદાથી જે ચાહે પામે. ત્યારબાદ એ જ દિવસે મને અસા અતા થયો અને હુકમ આપ્યો કે તમે અને બદરુદ્દીન ઈસ્હાક عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانُ જાવ અને એ જ મકબરામાં મશગૂલ રહો. અમે બંનેવ ગયા અને રાતમાં મશગૂલ (બહક્ક઼) રહ્યા. જ્યારે ખિદમતમાં આવ્યા તો ઈર્શાદ થયો કે, સારુ રહ્યું ! આ હિકાયત દરમિયાન ફર્માવ્યું કે, એકવાર મને ફર્માવ્યું કે તમે સૌ મુરીદોને એક લાખ વાર સૂરએ ફાતિહા પઢવી જોઈએ, અને આ વાત સૌ મુરીદોને કહી દો અને વધુ પેજ 45 પર..

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

ભાગ-૨

**લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ
**અનુવાદક** : મર્હૂમ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી

### ★ સ્ત્રી પીરના પગો નથી દબાવી શકતી ★

કેટલીક જુવાન ઓરતો પોતાના પીરોના હાથ પગ દબાવે છે અને કેટલાક પીર પોતાની મુરીદા પાસે હાથ પગ દબાવે છે અને એમાં ખાસ કરીને બંને અથવા બેમાંથી એક શેહવતની હદમાં આવતા હોય છે. (શેહવત પેદા થઈ શકે એવી ઉંમરની મર્યાદામાં) એવું કરવું નાજાઈઝ છે અને બંને ગુનેહગાર છે. *(બહારે શરીઅત)*

**મસ્અલા** : મર્દે ઓરતને જોવા બાબતની કેટલીક સૂરતો છે : (૧) મર્દે પોતાની ઓરત અથવા બાંડીને (લોંડીને) જોવી (૨) મર્દનું પોતાના મેહરમો તરફ જોવું (૩) મર્દનું આઝાદ અજનબી ઓરતનું જોવું (૪) મર્દનું બીજાની લોંડીને જોવું. પહેલી સૂરત માટે એવો હુકમ છે કે ઓરતના પગની એડીથી લઈને માથાની ચોટી સુધીના દરેક અવયવને જોઈ શકે છે. શેહવત કે વગર શેહવતની હાલતમાં જોઈ શકે છે. એ રીતે એ બંને પ્રકારની ઓરતો (પોતાની ઓરત અને લોંડી) તે મર્દના દરેક અવયવને જોઈ શકે છે. હા ! બેહતર એ છે કે ખાસ મુકામ (શર્મગાહ) તરફ નજર ન કરે, કેમ કે એનાથી ભૂલવાની બીમારી પેદા થાય છે તથા જોવામાં પણ કમજોરી પેદા થાય છે. આ મસ્અલામાં લોંડીથી મુરાદ તે લોંડી છે જેની સાથે સંભોગ જાઈઝ છે. *(આલમગીરી, દુઝ વ રદ)*

**મસ્અલા** : જે ઓરત એના મેહરમોમાં ગણાતી હોય તેનું માથુ, સીના, પીંડલી, હાથ, કાંડુ, ગરદન તરફ નજર કરી શકે છે. જ્યારે બંનેમાંથી કોઈને પણ શેહવતનો અંદેશો ન હોય. મેહરમોના પેટ, પીઠ અને જાંઘ તરફ નજર કરવી જાઈઝ નથી. *(હિદાયા)*

એ રીતે કરવટ અને ગુથણ તરફ નજર કરવી નાજાઈઝ છે. *(રદ્દુલ મુહ્તાર)* કાન અને ગરદન અને ખભા તથા ચેહરા તરફ નજર કરવી જાઈઝ છે. *(આલમગીરી)*

**મસ્અલા** : મેહરમોથી મુરાદ તે ઔરતો છે જેની સાથે હમેશાંને માટે નિકાહ હરામ છે. એ હુરમત નસબને કારણે હોય કે સબબને કારણે હોય. દા.ત. દૂધ પીવડાવવાના કારણે હોય અથવા મુસાહેરતના કારણે. જો ઝિનાના કારણથી મુસાહેરત હરામ હોય જેમ કે મુઝનિયાના ઉસૂલ (મા, દાદી વગેરે) અને ફુરૂઅ (તેની પુત્રી, પૌત્રી વગેરે). એના તરફ નજર કરવા બાબત પણ એ જ હુકમ છે. *(હિદાયા)*

**મસ્અલા** : મેહરમોના જે અવયવો (શરીરના ભાગો) તરફ નજર કરી શકાય છે, તેનો સ્પર્શ પણ કરી શકાય છે પરંતુ જ્યારે કે બંનેમાંથી કોઈને પણ શેહવતનો અંદેશો ન હોય. મર્દ પોતાની માતાના પગ દબાવી શકે છે પરંતુ જાંઘને ત્યારે જ દબાવી શકે છે જ્યારે કે એ જાંઘ કપડાથી ઢંકાયેલી હોય. એટલે કે કપડાની ઉપરથી દબાવે, કપડા વગર સ્પર્શ કરવો જાઈઝ નથી. *(આલમગીરી)*

**મસ્અલા** : માતાના કદમોને બોસો આપી શકાય છે. હદીષમાં છે કે જેણે પોતાની માતાના કદમો ચૂમ્યા તેણે જાણે કે જન્નતની ચોખટને બોસો દીધો. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા :** મેહરમો સાથે સફર કરવી અથવા એકાંતમાં એની સાથે રહેવું એટલે કે મકાનમાં બંનેનુ એકલું હોવું એટલે કે બીજા કોઈનું હાજર ન હોવું જાઈઝ છે પરંતુ શર્ત એ છે કે શેહવતનો અંદેશો ન હોવો જોઈએ. *(આલમગીરી)*

**મસ્અલા :** અજનબી ઔરત તરફ નજર કરવા બાબત એ હુકમ છે કે એનો ચેહરો તથા હથેળી તરફ નજર કરવી જાઈઝ છે કેમ કે એની જરૂરત પડતી હોય છે કે કોઈવાર એની તરફદારીમાં કે વિરોધમાં ગવાહી આપવી પડતી હોય અથવા ફૈસલો કરવો પડતો હોય તો જો એને જોઈ જ ન હોય તો એ કઈ રીતે ગવાહી આપી શકે કે એણે એવું કર્યું છે. એના તરફ જોવા માટે તે જ શર્ત છે કે શેહવતનો અંદેશો ન હોય અને આમ પણ જરૂરી બની જાય છે કે ઘણી ઓરતો ઘરની બહાર આવતી જતી હોય છે. પરિણામે એનાથી બચવું બહું મુશ્કેલ છે. કેટલાક આલિમોએ પગ તરફ નજર કરવાને પણ જાઈઝ કહ્યું છે. *(દુર્રે મુખ્તાર, આલમગીરી)*

**મસ્અલા :** અજનબી ઔરતનો ચેહરો તથા હથેળી જોવી જો કે જાઈઝ છે પરંતુ તેનો સ્પર્શ કરવો જાઈઝ નથી ભલે વાસનાનો ડર ન હોય. કેમ કે નજરના જાઈઝ હોવાનું કારણ જરૂરત અને સામાન્ય લોકોની આદત છે. સ્પર્શ કરવાની જરૂરત નથી. પરિણામે સ્પર્શ કરવો હરામ છે. એનાથી માલૂમ પડયું કે **એમનાથી મુસાફો (હાથ મેળવવા) જાઈઝ નથી.** એટલા માટે જ હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ બયઅત આપતી વેળા ઔરતોથી મુસાફો ન કરતા હતા. ફક્ત જબાનથી બયઅત લેતા. હા, તેણી (ઓરત) ઘણી જ વૃધ્ધ હોય કે શેહવતનો ભય ન હોય તો એનાથી મુસાફો કરવામાં કોઈ વાંધો નથી. એ રીતે મર્દ ઘણો જ વૃધ્ધ હોય કે ફિત્નાનો અંદેશો જ ન હોય તો મુસાફો કરી શકે છે. *(હિદાયા)*

**મસ્અલા :** ઘણી નાની ઉંમરની છોકરી જેને શહવત નથી તેને જોવી તથા સ્પર્શ કરવો જાઈઝ છે. *(હિદાયા)*

**મસ્અલા :** અજનબી ઓરત કોઈના ઘેર કામ કરવાની, ખાવા પકાવવાની નોકરી કરતી હોય તો એવા સંજોગોમાં એના કાંડા તરફ નજર કરવી જાઈઝ છે, કેમ કે તે કામકાજ કરવા માટે પોતાની બાંયો ચઢાવે, જેના કારણે તેણીના કાંડા ખુલ્લાં થશે અને જ્યારે કે તેણી પોતાના મકાનમાં છે તો કઈ રીતે બચી શકે ? એ રીતે એના દાંતો તરફ નજર કરવી પણ જાઈઝ છે. *(આલમગીરી)*

## ★ નિકાહ માટે સ્ત્રી પુરૂષ એકબીજાને જોઈ શકે છે ★

**મસ્અલા :** જ્યારે કે શેહવતનો અંદેશો ન હોય તો અજનબી ઓરતના ચેહરા તરફ નજર કરવી જાઈઝ છે પરંતુ આજનો યુગ ફિત્નાનો યુગ છે. આજના જમાનામાં તેવા લોકો ક્યાં છે જે આગલા જમાનામાં હતા ! પરિણામે આજના યુગમાં એને જોવાની મનાઈ કરવામાં આવશે, પરંતુ ગવાહી વખતે કાઝી માટે જરૂરતને કારણે નજર કરવી જાઈઝ છે. અને એક હાલત એ પણ છે કે એ ઔરતથી નિકાહ કરવાનો ઈરાદો હોય તો એ નિય્યતે જોવું જાઈઝ છે. કેમ કે હદીષમાં આવ્યું છે કે જેની સાથે નિકાહ કરવા ઈચ્છતા હોય તો એને જોઈ લો કેમ કે એ કાયમી મહોબ્બતનો સબબ થશે. એ રીતે ઓરત પણ તે મર્દને જોઈ શકે છે જેણે એને પયગામ (નિકાહ માટેનો) મોકલ્યો હતો ભલે શેહવતનો અંદેશો હોય. પરંતુ જોવામાં બંનેની એવી નિય્યત હોવી જોઈએ કે અમે હદીષ પર અમલ કરવા ઈચ્છીએ છીએ. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક બનો અને બનાવો**

# તઝકેરતુલ અવલિયા
## હઝરત અબૂ અબ્દુલ્લાહ رحمۃ اللہ علیہ ના હાલાત તથા ખૂબીઓ

**ઓળખ :** આપ ઘણા જ ઉચ્ચ કક્ષાના બુઝુર્ગોમાંથી છે, અને આપે હઝરત અબૂ તુરાબ અને હઝરત ઝુન્નૂન મિસ્રી જેવા મહાન મશાઈખોથી નિયાઝ પણ હાંસલ કરી. તદ્ ઉપરાંત હઝરત અબુલ હસન નૂરી رحمۃ اللہ علیہ ની સોહબતના ફયઝથી ફયઝયાબ થતા રહ્યા.

**હાલાત :** એકવાર આપે હઝરત અમ્ર દમિશ્કીથી વર્ણવ્યું કે, જે વખતે મેં મારા માબાપથી અર્ઝ કર્યું કે મને ખુદાને હવાલે કરી આપો. તો તેમણે મારી અરજ કબૂલ કરી લીધી. જેથી મેં ઘેરથી વિદાય લઈ લીધી. અને જ્યારે ઘણા અરસા બાદ પરત આવીને ઘરના દરવાજા પર ટકોરા મારીને મારું નામ બતાવ્યું તો માબાપે અંદરથી જ જવાબ આપ્યો કે, અમે ખુદાને સોંપેલી ચીજ પરત નથી લેતાં, અને કોઈ રીતે દરવાજો ન ખોલ્યો.

કોઈ હસીન તથા યુવાન યહૂદીને જોવામાં આપ મશગૂલ હતા એવામાં હઝરત જુનેદ رحمۃ اللہ علیہ પણ આવી પહોંચ્યા. આપે તેમને કહ્યું કે, આવી હસીન સૂરત પણ જહન્નમમાં સળગશે ! તેમણે ફર્માવ્યું કે એના પર નજર નાખવી પણ વાસનામાં સામેલ છે, જો બોધ ગ્રહણ કરવા ચાહો છો તો દુનિયામાં બીજી ઘણી બધી ચીજો છે.

કોઈએ જ્યારે આપને ફક્રનો ભાવાર્થ પૂછયો તો આપ ઉઠીને બહાર ચાલ્યા ગયા અને થોડીક વાર પછી આવીને કહ્યું મારી પાસે થોડી સરખી ચાંદી હતી તેને ખૈરાત કરી આવ્યો કે જેથી ફક્ર (ફકીરી)ના વિષય પર ચર્ચા કરી શકું. જેથી હવે સાંભળી લો ! કે જેની પાસે કોઈ ચીજ પણ ન હોય તે ફક્રનો મુસ્તહિક છે. ફર્માવ્યું કે, મદીના મુનવ્વરામાં રોઝએ અક્દસની સામે ભૂખની સખ્તીમાં જઈને મેં અર્ઝ કરી કે, આપનો મહેમાન છું ! આવુ કહીને ત્યાં સૂઈ ગયો અને ખ્વાબમાં હુઝૂરે અકરમ ﷺ એ મને એક રોટી ઈનાયત ફર્માવી, એમાંથી અડધી ખાવા પામ્યો હતો એટલામાં આંખ ખુલી ગઈ, પરંતુ અડધી વધેલી એ વખતે પણ મારા હાથમાં હતી. ફર્માવ્યું કે જેની દષ્ટિમાં પ્રશંસા તથા બુરાઈ સરખાં હોય તે ઝાહિદ છે, અને જે શરૂ સમયમાં નમાઝ અદા કરતો રહે તે આબિદ છે. અને દરેક કામને ખુદાની નજરથી જોનારો મુવહ્હિદ છે. અને જે ખુદા સિવાય કોઈ બાજુ ધ્યાનિત ન થાય તે આરિફ છે. ફર્માવ્યું કે નફસની મદદ વડે હાંસલ કરેલો મર્તબો ફાની છે, પરંતું ખુદાનો અતા કરેલો મર્તબો કાયમ રહેનારો છે.

**વફાત :** હસતાં હસતાં આપનો ઈન્તેકાલ થયો તો મૌત બાદ પણ તબીબોએ કહ્યું કે આપ ઝિંદા છે, પરંતુ નાડી જોયા બાદ મોતનું યકીન થઈ ગયું.

## હઝરત અબૂ મુહમ્મદ રુવૈમ رحمۃ اللہ علیہ ના હાલાત તથા ખૂબીઓ

**ઓળખ :** આપ ભેદોના જાણનાર મશાઈખોમાંથી થયા છે. અને હઝરત જુનેદ તથા હઝરત દાઊદ તાઈ رحمۃ اللہ علیہما ના આજ્ઞાંકિતોમાંથી હતા. આ ઉપરાંત આપની ઘણી કિતાબો પણ છે.

**હાલાત :** આપ ફર્માવ્યા કરતા હતા કે વીસ વરસથી મારી એ કૈફિયત છે કે જે પ્રકારના ખાણાનો તસવ્વુર (ખયાલ) કરું છું તરત જ તે મળી જાય છે. પછી ફર્માવ્યું કે એકવાર બપોરના સમયે મને સખત તરસ લાગી, તો મેં એક ઘરેથી પાણી માગ્યું અને જ્યારે અંદરથી એક છોકરો પાણી લઈને આવ્યો તો મેં પી લીધું. પરંતું એ છોકરાએ કહ્યું કે આ કેવા

❒ **અઝ :** *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર رحمۃ اللہ علیہ* ❒ **અનુવાદક :** *પટેલ શબ્બીર અલી રઝવી—દયાદરવી*

પ્રકારનો સૂફી છે જે દિવસમાં પાણી પીએ છે ?! જેથી એ દિવસથી આજ સુધી મેં કદી દિવસમાં પાણી નથી પીધું.

**આપના ઈર્શાદો** : કોઈકે આપને પૂછયું કે કેવી હાલતમાં છો ? ફર્માવ્યું કે જેનો મઝહબ ખ્વાહિશાત અને જેની લાલસા દીનાર હોય એનો હાલ શું પૂછો છો ?! હાલ તો એનો પૂછો જે આરિફ તથા મુત્તકી અને ઈબાદતગુઝાર હોય. ફર્માવ્યું કે સૌ પ્રથમ ખુદાએ બંદા પર મઅરેફતને ફર્ઝ કરી, જેવું કે કુર્આનમાં છે : وَمَا خَلَقْتُ الْجِنَّ وَالْاِنْسَ اِلَّا لِيَعْبُدُوْنِ (અને મેં જિન તથા આદમી એટલા માટે બનાવ્યાં કે મારી બંદગી કરે. સૂ. ઝારિયાત, ૫૧/૫૬) ફર્માવ્યું કે ખુદાએ પોતાની જાતના સિવાય દરેક ચીજને બીજી ચીજમાં છુપાવી દીધી છે. પછી ફર્માવ્યું કે, જેમને હુઝૂરી હાંસલ થાય છે તેઓ ત્રણ પ્રકારના હોય છે : પ્રથમ શાહિદે વઈદ જેમના પર હર પળે ડર છવાયેલો રહે છે. બીજો શાહિદે વઅદા, જે હમેશાં આલમે ગયબૂબિયત (હોશ વિનાના) માં રહે છે. ત્રીજો શાહિદે હક્ક઼ જે દરેક સમયે ખુશ તથા મગન રહે છે. ફર્માવ્યું કે અલ્લાહ તઆલાનું કૌલ તથા ફેઅલ અતા કરવું પણ સઆદત (નેકનસીબી)માં સામેલ છે. કેમ કે કૌલને સલબ કરીને કેવળ ફેઅલને બાકી રાખે તો નેઅમત છે, અને જો ફેઅલ સલબ કરીને કેવળ કૌલ બાકી રાખે તો મુસીબત છે. અને જો કૌલ તથા ફેઅલ બંનેને સલબ કરી લે તો હલાકત છે. પછી ફર્માવ્યું કે સૂફીઓની જમાઅત સિવાય દરેક જમાઅતને પુલસિરાત પરથી પસાર થવાનું એટલા માટે મુશ્કેલ નથી કે બીજી જમાઅતોથી જાહેરી શરીઅતના પ્રમાણે અને સૂફીઓની જમાઅતથી બાતિનના પ્રમાણે પૂછતાછ થશે. પછી કોઈએ સવાલ કર્યો કે સફરના આદાબ શું છે ? ફર્માવ્યું કે કોઈ પ્રકારનો ખતરો પણ મુસાફિરના માટે અડચણરૂપ ન હોય અને ન ક્યાંક આરામના હેતુથી રોકાણ કરે, કેમ કે જે જગાએ પણ દિલે આરામ કરી લીધો બસ તે જ એની મંઝિલ છે. પછી ફર્માવ્યું કે તસવ્વુફનો પાયો એ છે કે ફક઼ીરો સાથે સંબંધ રાખે, આજીજી સાથે અડગ રહે અને બખ્શિશ તથા અતા પર વાંધો ઉઠાવનાર ન બને, અને નેક અમલો પર અડગતાનું નામ તસવ્વુફ છે, અને ખુદાની મહોબ્બતમાં ફનાઈયતનું નામ તૌહીદ છે. ફર્માવ્યું કે આરિફનું દિલ એવો આઈનો હોય છે જેમાં દરેક પળ તજલ્લીઓનો અકસ (ઝલક) થતો રહે છે. ફર્માવ્યું કે કુર્બની દલીલ એ છે કે ખુદા સિવાય દરેક ચીજથી ગભરાહટ પેદા થતી રહે. પછી ફર્માવ્યું કે સૂફીનું મખ્લૂક઼થી કિનારાકશ થવું જ અફઝલ છે. પછી ફર્માવ્યું કે ફક઼્ર (ફક઼ીરી) એનું નામ છે કે નફસની વિરૂધ્ધ કરતો રહે, ખુદાના રાઝોને જાહેર ન થવા દે, અને શિકાયતને ત્યજી દેવાનું નામ સબ્ર છે, અને ખુદાની સામે પોતાને ઝલીલ ખયાલ કરવું આજીજી (તવાઝોઅ) છે. ફર્માવ્યું કે હક઼ીક઼ી શહવત (લાલસા) એ જ છે જે નેક અમલો સિવાય કોઈ સમયે પણ જાહેર ન થાય. ફર્માવ્યું કે ઈર્શાદોમાં દમ મારવો (શ્વાસ ખાવો) હરામ અને ખતરાઓ (આશંકાઓ) તથા મુકાશિફત (ભેદ ખુલવા)માં દમ મારવો મુબાહ છે. ફર્માવ્યું કે દુનિયાને ત્યજવાનું નામ ઝોહદ છે. ફર્માવ્યું કે ભયભીત તેને કહેવામાં આવે છે જે ખુદા સિવાય કોઈનાથી ભયભીત ન થાય. ફર્માવ્યું કે ખુશ ચહેરે રબના હુકમોનું સ્વાગત કરવાનું નામ રઝા છે. અને અમલનો ઈખ્લાસ એ છે કે બંને જહાનમાં તેના બદલાની ઉમ્મીદ ન રાખે.

હઝરત અબ્દુલ્લાહ હફીફે જયારે આપને નસીહત કરવાની વિનંતિ કરી તો ફર્માવ્યું કે, ખુદાની રાહમાં જાન કુર્બાન કરી આપો, અને જો એ નથી કરી શકતા તો પછી સૂફીઓના કથનો પર અમલ ન કરો.

જિંદગીના અંતિમ હિસ્સામાં આપે કુઝા (ન્યાયાધીશ)નો હોદ્દો અપનાવીને દુનિયાવાળાઓનો લિબાસ અપનાવી લીધો હતો અને એનો હેતુ એ હતો કે લોકો માટે ઢાલ બની જાય. હઝરત જુનેદ رحمۃ اللہ علیہનો કૌલ છે કે અમે સૌ તો ફારિગે મશગૂલ છીએ અને હઝરત રુવૈમ મશગૂલે ફારિગ છે. *–(ક્રમશઃ)*

# ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ

**લેખક : સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા અમજદઅલી આઝમી** رحمۃ اللہ علیہ

**કાર્યાલય** **હપ્તો : ૩૨**

''બહારે શરીઅત'' (લેખક : હઝરત સદરુશ્શરીઅહ رحمۃ اللہ علیہ)ના કુલ ૨૦ ભાગ છે. ગુજરાતીમાં કેવળ ૧૦ ભાગો છપાયેલા છે જે અમારે ત્યાં મળે છે. **''ઈસ્લામી અખ્લાક઼ો આદાબ''** એ ''બહારે શરીઅત''નો ૧૬મો ભાગ છે જે ખૂબ જ ઉમદા હદીષો તથા મસાઈલ ધરાવે છે. **મૌલાના મુહમ્મદ નઈમ અમજદી (બાકરોલ)** સાહબે એનો ઘણો ખરો ભાગ ગુજરાતી કરીને આપેલ હતો જેને અત્યારે પ્રકાશિત કરવાનું નસીબ થયું છે. ઈન્શાઅલ્લાહ ! પૂરો ૧૬મો ભાગ અનુવાદ કરીને પ્રસિધ્ધ કરીશું જે ઈસ્લામી જિંદગી જીવવા ચાહનાર માટે દીવાદાંડી સમાન છે જે ઈન્સાનને બાઅખ્લાક઼ તથા સભ્ય ઈન્સાન બનાવવા મદદરૂપ થશે. *–તંત્રી*

**હદીષ–૮** : તિર્મિઝીએ સુફયાન બિન અબ્દુલ્લાહ ષકફી رضی اللہ عنہથી રિવાયત કરી. કહે છે મેં પૂછ્યું, યા રસૂલલ્લાહ ! સૌથી વધારે કઈ વસ્તુનો ડર મારા પર છે એટલે કે કઈ વસ્તુથી નુકસાન થવાનો સંભવે છે ? હુઝૂર ﷺએ પોતાની જીભને પકડી અને ફર્માવ્યું, આ છે ! *(સુનને તિર્મિઝી)*

**હદીષ–૯** : બયહકીએ શોઅબુલ ઈમાનમાં ઈમરાન બિન હિત્તાનથી રિવાયત કરી. કહે છે, હું અબૂઝર رضی اللہ عنہની પાસે ગયો. તેમને કાળી ચાદર ઓઢીને મસ્જિદમાં એકલા બેઠેલા જોયા. મેં કહ્યું, અબૂઝર ! આ એકાંત કેવું ? તેમણે કહ્યું, મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યા કે એકલાપણુ સારું છે ખરાબ બેઠકોવાળાથી. અને સારા લોકો જોડે બેસવું એકલાપણાથી બેહતર છે, અને સારી વાત બોલવી ચૂપ રહેવાથી બહેતર છે, અને ખરાબ વાત બોલવાથી ચૂપ રહેવું બહેતર છે.

**હદીષ–૧૦** : બયહકીએ ઈમરાન બિન હુસૈન رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ચૂપ રહેવા પર અડગ રહેવું ૬૦ (સાઠ) વર્ષની ઈબાદતથી અફઝલ છે.

**હદીષ–૧૧** : બયહકીએ અબૂઝર رضی اللہ عنہથી રિવાયત કરી. કહે છે, મેં અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! ﷺ મને વસિયત ફર્માવો ! ઈર્શાદ ફર્માવ્યું, હું તમને તકવા (પરહેઝગારી)ની વસિયત કરું છું કે એનાથી તમારાં દરેક કામ સરળ થઈ જશે. મેં અર્ઝ કરી, અધિક વસિયત કરો ! ફર્માવ્યું, કુર્આન પઢો અને અલ્લાહના ઝિક્રને જરૂરી કરી લો કે તેના કારણે તમારું ઝિક્ર આકાશમાં થશે અને જમીનમાં તમારા માટે નૂર હશે. મેં કહ્યું, હજુ પણ વસિયત ફર્માવો ! ઈર્શાદ ફર્માવ્યું, ચૂપ રહેવાને જરૂરી કરી લો કે તેનાથી શૈતાન જતો રહેશે અને તમને દીનનાં કામોમાં મદદ મળશે. મેં અર્ઝ કરી કે હજુ વસિય્યત ફર્માવો ! ફર્માવ્યું કે વધારે હસવાથી બચો કે એ દિલને મુર્દા કરી દે છે અને ચહેરાના નૂરને દૂર કરે છે. મેં કહ્યું, હજુ વસિય્યત કરો ! ફર્માવ્યું, હક બોલો ભલેને કડવુ હોય. મેં કહ્યું, હજુ પણ વસીય્યત કરો ! ફર્માવ્યું અલ્લાહના બારામાં ધિક્કાર કરવાવાળાના ધિક્કારથી ન ડરો. મેં કહ્યું હજુ વસિય્યત ફર્માવો ! તો ફર્માવ્યું કે તમને બીજા લોકોથી રોકે એ વસ્તુ જે તમે પોતાના નફસ માટે જાણો છો. એટલે કે જે પોતાના ઐબો (બુરાઈઓ)ની તરફ નજર

રાખશે બીજાની બુરાઈમાં નહીં પડે. અને કામની વાત એ છે કે પોતાના ઐબ પર નજર કરવામાં આવે જેથી કરીને તેની બુરાઈને દૂર કરવાનો પ્રયાસ કરવામાં આવે.

**હદીષ–૧૨** : બયહકીએ અનસ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, હે અબૂઝર ! શું તમને એવી બે વાતો ન બતાવું જે પીઠ પર હલકી છે અને મિઝાનમાં (ત્રાજવું) ભારી છે ? તેમણે કહ્યું, હા ! ઈર્શાદ ફર્માવ્યું, વધારે ચૂપ રહેવું અને બીજુ સારા અખ્લાક. સોગંદ છે તેની જેના હાથમાં મારી જાન છે ! પૂરી મખ્લૂકાતે આની જેમ અમલ નથી કર્યો એટલે કે આની જેમ કોઈ વસ્તુ નથી જેના પર અમલ કરવામાં આવે.

**હદીષ–૧૩** : ઈમામ માલિકે અસ્લમથી રિવાયત કરી કે એક વખત હઝરત ઉમર رضی اللہ عنہ હઝરત અબૂ બકર સિદ્દીક़ رضی اللہ عنہની પાસે ગયા અને હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ પોતાની જીભ પકડીને ખેંચી રહ્યા હતા. હઝરત ઉમરે પૂછયું કે શું વાત છે ? અલ્લાહ તમારી મગફેરત ફર્માવે ! હઝરત સિદ્દીક़ે ફર્માવ્યું, આ જ વસ્તુએ મને બરબાદીમાં નાખ્યો !

**હદીષ–૧૪** : ઈમામ અહમદ વ બયહકીએ ઉબાદ્હ બિન સામિત رضی اللہ عنہથી રિવાયત કરી કે નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, મારા માટે છ (૬) વસ્તુના જિમ્મેદાર થઈ જાવ હું તમારા માટે જન્નતનો જિમ્મેદાર છું : (૧) જ્યારે વાત કરો સાચુ બોલો. (૨) અને જ્યારે વાયદો કરો તેને પૂર્ણ કરો. (૩) અને જ્યારે તમારી પાસે અમાનત મૂકવામાં આવે તેને આપી દો. (૪) પોતાની શરમગાહની હિફાઝત કરો. (૫) પોતાની નજરને નીચી રાખો. (૬) પોતાના હાથને રોકો એટલે કે પોતાના હાથથી તકલીફ ન પહોંચાડો.

**હદીષ–૧૫** : તિર્મિઝીએ હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે મો'મિન ન ટોણા મારનારો હોય છે ન લા'નતવાળો ન ખરાબ બોલનારો બેહૂદા છે.

**હદીષ–૧૬** : તિર્મિઝીએ ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મો'મિન એવો ન હોવો જોઈએ કે લા'નત કરવાવાળો હોય.

**હદીષ–૧૭** : સહીહ મુસ્લિમમાં હઝરત અબૂ દરદા رضی اللہ عنہથી રિવાયત છે. કહે છે, મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યું કે જે લોકો લા'નત કરે છે તેઓ કયામતના દિવસે ન કોઈના ગવાહ હશે ન કોઈના શફાઅત કરવાવાળા.

**હદીષ–૧૮** : તિર્મિઝી વ અબૂ દાઊદે સમુરહ બિન જુન્દુબ رضی اللہ عنہથી રિવાયત કરે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, અલ્લાહની લા'નત અને ગઝબ અને જહન્નમની સાથે આપસમાં લા'નત ન કરો.

**હદીષ–૧૯** : અબૂ દાઊદે અબૂ દરદા رضی اللہ عنہથી રિવાયત કરી, કહે છે કે રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યું કે જ્યારે બંદો કોઈ વસ્તુ પર લા'નત કરે છે તો એ લા'નત આસમાનમાં જાય છે. આસમાનના દરવાજા બંધ કરી દેવામાં આવે છે, પછી જમણી ડાબી બાજુએ જાય છે. જ્યારે કોઈ રસ્તો નથી મળતો તો ફરી એની તરફ આવે છે જેના પર લા'નત કરવામાં આવી હતી, જ્યારે કે એ તેને લાયક સમજે તો તેના પર પડે છે, નહિતર મોકલનાર પર આવે છે.

**હદીષ–૨૦** : તિર્મિઝી વ અબૂ દાઊદે ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરી કે એક શખ્સની ચાદરને હવાનો તેજ ઝોંકો લાગ્યો. તેણે હવા પર લા'નત કરી. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, હવા પર લા'નત ન કરો કે તે ખુદાની તરફથી નક્કી કરેલ છે, અને જે શખ્સ આવી વસ્તુ પર લાનત કરે છે જે લા'નતના લાયક ન હોય તો લા'નત તેની તરફ પલટે છે.

**હદીષ–૨૧** : તિર્મિઝીએ ઉબય رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, હવાને ગાળો ન આપો, અને જ્યારે જુઓ કે તમને ખરાબ લાગે છે તો કહો, ઈલાહી ! હું એની ભલાઈનો સવાલ

કરું છું અને જે કાંઈ તેમાં ભલાઈ છે અને જે ભલાઈનો તેને હુકમ થયો, અને હું તેની બુરાઈથી પનાહ માગુ છું કે જે કાંઈ તેમાં બુરાઈ છે અને તેની બુરાઈના હુકમથી જેનો તેને તેને હુકમ થયો.

**હદીષ-૨૨** : સહીહ મુસ્લિમમાં હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે કે એક શખ્સે પોતાના સવારીવાળા જાનવર પર લા'નત કરી. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, એની ઉપરથી ઉતરી જાવ ! અમારી સાથે લાનતવાળી વસ્તુ લઈને ન ચાલો. પોતાના ઉપર અને પોતાની ઔલાદ અને માલો પર બદ્દુઆ ન કરો કે ક્યાંક એવું ન થાય કે આ બદદુઆ તે સમયમાં થાય જેમાં જે દુઆ ખુદાથી કરવામાં આવે કબૂલ થઈ જાય છે.

**હદીષ-૨૩** : તબરાનીએ ષાબિત બિન ઝહહાક અન્સારી رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મો'મિન પર લાનત કરવી તેના કત્લની બરાબર છે. અને જે શખ્સ મો'મિન પુરૂષ અથવા સ્ત્રી પર કુફ્રનો આક્ષેપ લગાવે તો આ પણ તેના કત્લની બરાબર છે.

**હદીષ-૨૪** : સહીહ બુખારી વ મુસ્લિમમાં ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી મરવી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે શખ્સ પોતાના ભાઈને કાફિર કહે તો એ કલમાની સાથે બંનેવમાંથી એક પલટશે, એટલે કે આ કલમો બંનેવમાંથી એક પર પડશે.

**હદીષ-૨૫** : સહીહ બુખારીમાં અબૂઝર رضی اللہ عنہથી મરવી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે શખ્સ બીજા પર ફાસિક અને કુફ્રનો આક્ષેપ લગાવે અને તે એવો ન હોય તો એ કહેવાવાળા પર પલટે છે.

**હદીષ-૨૬** : સહીહ બુખારી વ મુસ્લિમમાં અબૂઝર رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે શખ્સ કોઈને કાફિર કહીને બોલાવે અથવા ખુદાનો દુશ્મન કહે અને તે એવો ન હોય તો તે કહેવાવાળા પર પલટાઈ જશે.

**હદીષ-૨૭** : બુખારી વ મુસ્લિમ વ અહમદ વ તિર્મિઝી વ નસાઈ વ ઈબ્ને માજહએ અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہથી રાવી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મુસલમાનથી ગાળ ગલોચ કરવી ફિસ્ક઼ છે અને લડાઈ કરવું કુફ્ર છે.

**હદીષ-૨૮** : સહીહ મુસ્લિમમાં અનસ અને અબૂ હુરૈરહ رضی اللہ عنہماથી મરવી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, બે શખ્સ ગાળો બોલનારાઓમાં તેમણે જે કાંઈ કહ્યું સૌનો વબાલ તેના ઉપર છે જેણે ચાલુ કર્યું, જ્યાં સુધી કે મઝલૂમ (જેના પર ગાળ બોલવામાં આવી રહી છે) આગળ ન વધે એટલે જેટલું પહેલાવાળાએ કહ્યું તેનાથી વધુ ન કહે.

**હદીષ-૨૯** : તબરાનીએ સમુરહ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે કોઈ શખ્સ બીજાને ભલુ બુરૂ કહેવા જ ઈચ્છતો હોય તો ન તેના પર આક્ષેપ કરે ન તેના માતા પિતાને ગાળો આપે ન તેની કોમવાળાને ગાળો આપે. હા ! જો એમાં એવી વાતો હોય જે તેની જાણકારીમાં છે તો આવું કહે કે તું બખીલ છે અથવા ડરપોક છે અથવા જૂઠો છે અથવા ઘણો ઊંઘવાવાળો છે.

**હદીષ-૩૦** : ઈમામ અહમદ વ તિર્મિઝી વ ઈબ્ને માજહએ અનસ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ફહશ (બેશરમી) જેમાં હશે તેને દાગદાર બનાવી દેશે અને શરમ જેમાં હશે તેને સંવારી દેવામાં આવશે.

**હદીષ-૩૧** : સહીહ બુખારી વ મુસ્લિમમાં હઝરતે આઈશા رضی اللہ عنہاથી મરવી. રસૂલુલ્લાહ ﷺ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાની સમક્ષ કયામતના દિવસે સૌ લોકોમાં ખરાબ મર્તબાવાળા એ છે જેના જુલ્મથી બચવા માટે લોકોએ તેને છોડી દીધો હોય. અને એક રિવાયતમાં છે, તેની બેશરમીથી બચવા માટે છોડી દીધો હોય.

**હદીષ-૩૨ :** બુખારી વ મુસ્લિમ વ અબૂ દાઊદે અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺ ફર્માવ્યું છે કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, આદમની ઔલાદ મને તકલીફ પહોંચાડે છે કે જમાનાને ખરાબ કહે છે કે જમાનો તો હું છું. મારા હાથમાં તમામ કામો છે. રાત દિવસને તો હું બદલું છું. એટલે કે જમાનાને ખરાબ કહેવો અલ્લાહને ખરાબ કહેવું છે કે જમાનામાં જે કઈ થાય છે તે સૌ અલ્લાહ તઆલાની તરફથી થાય છે.

**હદીષ-૩૩ :** સહીહ મુસ્લિમમાં અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે કોઈ શખ્સ કહે કે તમામ લોકો બરબાદ થઈ ગયા, તો સૌથી વધારે હલાક થવાવાળો એ જ છે. એટલે જે શખ્સ તમામ લોકોને ગુનેહગાર અને જહન્નમના લાયક બતાવે તો સૌથી વધીને ગુનેહગાર તે પોતે છે.

**હદીષ-૩૪ :** સહીહ બુખારી વ મુસ્લિમમાં અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું સૌથી વધારે ખરાબ કયામતના દિવસે તેને જોશો જે બંને બાજુ બોલનારો હોય કે આમની પાસે એક મોંઢાથી આવે છે અને તેમની પાસે બીજાના મોઢેથી આવે છે. એટલે કે મુનાફિકોની જેમ ક્યાંક કાંઈક કહે છે અને ક્યાંક કાંઈક અલગ કહે છે. એવું નહીં કે એક જેવી વાત દરેક જગ્યાએ કહે.

**હદીષ-૩૫ :** દારમીએ અમ્માર બિન યાસિર رضی اللہ عنہماથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે શખ્સ દુનિયામાં દ્વિમુખી હશે કયામતના દિવસે આગની જીભ તેના માટે હશે. અબૂ દાઊદની રિવાયતમાં છે કે તેના માટે બે જીભો આગની હશે.

**હદીષ-૩૬ :** સહીહ બુખારી વ મુસ્લિમમાં હુઝૈફા رضی اللہ عنہથી મરવી કહે છે કે રસૂલુલ્લાહ ﷺને એવું ફર્માવતાં સાંભળ્યું કે જન્નતમાં ચુગલખોર નહીં જાય.

**હદીષ-૩૭ :** બયહકીએ શોઅબુલ ઈમાનમાં અબ્દુર્રહમાન બિન ગનમ તથા અસ્મા બિન્તે યઝીદ رضی اللہ عنہاથી રિવાયત કરી કે નબીએ કરીમ ﷺ ફર્માવ્યું કે અલ્લાહના નેક બંદા એ છે કે જેને જોઈને ખુદા યાદ આવી જાય અને અલ્લાહના નાફર્માન બંદા એ છે જે ચુગલી કરે છે, દોસ્તોમાં જુદાઈ નાખે છે અને જે શખ્સ જુર્મથી અલિપ્ત છે તેના પર તકલીફ આપવાનું ચાહે છે.

**હદીષ-૩૮ :** સહીહ મુસ્લિમમાં અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, શું તમે જાણો છો ગીબત શું છે ? લોકોએ અર્ઝ કરી, અલ્લાહ અને રસૂલ ખૂબ જાણે છે. ઈર્શાદ ફર્માવ્યું, ગીબત એ છે કે તું પોતાના ભાઈનો એ વસ્તુથી ઉલ્લેખ કરે જે વસ્તુ તેને ખરાબ લાગે. કોઈએ પૂછયું કે મારા ભાઈમાં તે વસ્તુ હોય કે જે મેં કહ્યું (ત્યારે તો ગીબત નહીં થાય ?) ફર્માવ્યું, જે કાંઈ તમે કહો છો જો તેમના મૌજૂદ છે તો એ ગીબત છે અને જ્યારે તમે એવી વાતો કહો જે એનામાં ન હોય તે આક્ષેપ છે.

**હદીષ-૩૯ :** ઈમામ અહમદ વ તિર્મિઝી વ અબૂ દાઊદે હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત કરી. કહે છે, મેં નબીએ કરીમ ﷺથી કહ્યું, સફિય્યા رضی اللہ عنہا માટે કાફી છે કે તે આવી છે, આવી છે, એટલે ટૂંકા કદની. હુઝૂરે ઈર્શાદ ફર્માવ્યું, તમે એવી વાત કહી કે સમુદ્રમાં મેળવવામાં આવે તો તેના પર સવાર થઈ જશે. એટલે કે કોઈને બટકો, નાટો, ઠીંગણો કહેવું પણ ગીબત કહેવાય છે, જ્યારે કે જરૂરત ન હોય.

**હદીષ-૪૦ :** બયહકીએ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરી કે બે શખ્સોએ ઝોહર અથવા અસરની નમાઝ પઢી અને તે બંનેવ રોઝદાર હતા. જ્યારે નમાઝ પઢી ચૂક્યા તો નબીએ કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યું, તમે બંનેવ વુઝૂ કરો અને નમાઝ ફરીથી પઢો અને રોઝો પૂરો કરો અને બીજા દિવસોમાં રોઝાની કઝા કરજો. તેમણે અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! ﷺ આ હુકમ શા માટે ? ઈર્શાદ ફર્માવ્યું, તમે ફલાણા શખ્સની ગીબત કરી. *-(ક્રમશઃ)*

મસ્અલા 10

# અંબિયા عليهم السلام ના તસર્રુફાત (અખત્યારો)

## કિતાબ તથા સુન્નતની રોશનીમાં

અઝ : મુફતી મુહમ્મદ નિઝામુદીન રઝવી બરકાતી
*(સદર : દારુલ ઈફતા જામિઆ અશરફિયા–મુબારકપુર)*
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

### ★ ચાંદના ટુકડા થવા સંબંધે શારેહે બુખારીની ઉમદા તેહક઼ીક઼ ★

શારેહે બુખારી નાઈબે મુફતીએ આ'ઝમે હિંદ હઝરત અલ્લામા મુફતી મુહમ્મદ શરીફુલ હક઼્ક઼ અમજદી رحمة الله عليه એ શરહે બુખારીમાં શક્કે ક઼મર (ચાંદના વિભાજન)ની હદીષો પર સરસ અને ભરપુર ચર્ચા કરી છે. અમે અહીં આમ લોકોના ફાયદા માટે તેને નકલ કરીએ છીએ :

''ચાંદના વિભાજનની હદીષ ઈમામ બુખારીએ ત્રણ સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن થી રિવાયત કરી છે :–

૧. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ

૨. હઝરત અનસ બિન માલિક

૩. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ.

એમનામાંથી પાછલા બે હઝરાત તે વખતે મૌજૂદ ન હતા. હઝરત અનસ મદીના તયબહમાં હતા અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ હજી પેદા જ થયા ન હતા, એટલા માટે કે આ બનાવ હિજરતના પાંચ વરસો પહેલાં થયો છે. અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ બઅષતે નબવી (નબુવ્વતની જાહેરાત)ના સાતમા વરસે પેદા થયા. *(અકમાલ)*

તો જાહેરી રીતે તો એ બંને હઝરાતથી રિવાયત કરવામાં આવી, તેમ છતાં એમાં કોઈ વાંધો નથી કેમ કે એના પર મુહદ્દિષોની એકમતી છે કે સહાબીની મુરસલ હદીષ મુત્તસિલના હુકમમાં છે. એટલા માટે કે સહાબીએ ક્યાં તો તેને કોઈ સહાબીથી સાંભળીને રિવાયત કરી છે અથવા ખુદ હુઝૂરે અક઼દસ صلى الله عليه وسلم થી સાંભળીને રિવાયત કરી.

રહી ગયા હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضى الله عنه તો તે એ સમયે હાજર હતા, જેમ કે મનાક઼િબ તથા તફસીરની રિવાયતોમાં સ્પષ્ટતા છે.

બયહક઼ીએ દલાઈલમાં તેમનાથી જ રિવાયત કરી છે કે મેં ચાંદના એક ટુકડાને એ પહાડ પર જોયો છે જે મિનામાં હતો અને અમે મક્કામાં હતા. આ રિવાયતથી મનાક઼િબની એ બંને રિવાયતોમાં તત્બીક઼ (વર્ગીકરણ) થઈ જાય છે. સાર એ નીકળ્યો કે આ બનાવ મક્કા મોઅઝ્ઝમામાં બન્યો હતો. અને ચાંદનો એક ટુકડો એ પહાડ પર હતો જે મિનામાં હતો. મક્કા મોઅઝ્ઝમાથી હિરા અને મિના બંને પૂર્વ તરફ છે. એટલા માટે આ રિવાયત એના પણ વિરૂધ્ધ નથી કે હિરાને બંને ટુકડાઓની વચ્ચે જોયો.

એ સહાબાએ કિરામના ઉપરાંત હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضى الله عنهما થી પણ આ મોજિઝો રિવાયત પામેલો છે. તેમજ હઝરત જુબેર બિન મુત્ઈમ رضى الله عنه થી પણ રિવાયત થયેલ છે. જેમ કે તિર્મિઝીએ રિવાયત કરેલ છે. તેમના શબ્દો આ પ્રમાણે છે :–

''રસૂલુલ્લાહ صلى الله عليه وسلم ના જમાનામાં ચાંદ બે ભાગમાં થયો, ત્યાં સુધી કે બે ટુકડા થઈ ગયો. એક આ પહાડ પર અને બીજો તે પહાડ પર. તો મુશ્રિકોએ કહ્યું કે મુહમ્મદ صلى الله عليه وسلم એ જાદૂ કરી આપ્યો છે. તેમના અમુકે અમુકને કહ્યું, જો તેમણે જાદૂ કરી આપ્યો છે તો શક્તિ ધરાવે છે કે સર્વ લોકો પર જાદૂ કરી આપે.''

તદ્ ઉપરાંત હઝરત અલી رضی اللہ عنہથી પણ મરવી છે. તે ફર્માવે છે કે ચાંદ બે ટુકડા થયો અને અમે નબી صلی اللہ علیہ وسلمની સાથે હતા. હઝરત હુઝૈફા બિન યમાન رضی اللہ عنہથી તેના જેમ રિવાયત થયેલ છે. આ કુલ સાત સહાબા થયા.

## ★ એક શંકા અને તેનું નિવારણ ★

એના પર એ વાંધો ઉઠાવવામાં આવે છે કે જો ચાંદનું બે ટુકડા થવું સહીહ હોત તો આવી અજીબો ગરીબ વાત લોકોથી છુપી નથી રહેતી, અને એ તવાતુર (સતત ક્રમસર)ની રીતે નકલ થયેલ હોત. તેમજ નજૂમીઓ (જ્યોતિષો) અને ઈતિહાસકાર તેને જાણતા અને પોતાની કિતાબોમાં તેનું વર્ણન કરતા.

## ★ જવાબ એ છે કે... ★

★ આ બનાવ રાતમાં બન્યો, એ વખતે લોકો ઘરોમાં હોય છે અને સૂતેલા રહે છે.

★ વળી આ બનાવ એક ક્ષણ માટે થયો હતો, એને એ જ શખ્સ જોઈ શકતો હતો જે એ વખતે ચાંદ પર નજર રાખતો હોય. સામાન્યપણે લોકો રાતમાં જાગે પણ છે તો પોત પોતાના કામોમાં વ્યસ્ત રહે છે. કોણ છે જે આસ્માનની તરફ એક ધારો તાકી તાકીને જોતો રહે છે. ચાંદમાં ગ્રહણ લાગે છે તો મોટાભાગે એવું થાય છે કે જો તે મામૂલી અને થોડીવાર રહે છે તો એને અમુક જ લોકો જોવા પામે છે.

★ અલ્લામા અયનીએ નકલ કર્યું છે કે મક્કાવાસીઓએ કહ્યું કે, આ ઈબ્ને અબૂ કબ્શા (એટલે સૈયદના મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم)નો જાદૂ છે. સફર કરનારાઓને પૂછો, જો તેમણે જોયો હોય તો સત્ય છે, નહીં તો જાદૂ છે.

જે લોકો સફરમાં ગયા હતા તેઓ જ્યારે પરત આવ્યા તો તેમણે બતાવ્યું કે અમે ચાંદ બે ટુકડા થતાં જોયો છે.

અહીં એક ખાસ વાત એ પણ છે કે આ બનાવ મક્કા મોઅઝ્ઝમામાં બન્યો. એને કેવળ એ જ લોકો જોઈ શકતા હતા જેઓ મક્કા મોઅઝ્ઝમાની આસપાસ એ હદોમાં હતા જેઓ મક્કામાં ચાંદને જોઈ શકે, રહી ગયા દૂર દૂરના લોકો તો તેઓ તુલૂઅ થવાના સ્થાનોની વિવિધતાના કારણે મક્કાના ક્ષિતિજ પર ચમકનારા ચાંદને જોઈ શકતા ન હતા, તો તેઓ ભલા કઈ રીતે જોઈ શકે છે ?!

## ★ એક અન્ય શંકાનો જવાબ ★

ક઼ાઝી બયઝાવીએ ફલાસફાની તકલીદે જામિદમાં આયતે કરીમા :–

اِقْتَرَبَتِ السَّاعَةُ وَ انْشَقَّ الْقَمَرُ ۝ وَ اِنْ یَّرَوْا اٰیَةً یُّعْرِضُوْا وَ یَقُوْلُوْا سِحْرٌ مُّسْتَمِرٌّ ۝

(નજીક આવી ક઼યામત અને ટુકડા થયો ચાંદ. સૂ. ક઼મર, ૫૪/૧)ની તફસીરમાં કહ્યું : ینشق عند مجیء القیامة એટલે ક઼યામત આવવા પર ટુકડા થશે.

એને ઉલમાએ કેટલીય રીતે રદ કર્યું છે :–

**૧.** انشق એ માઝી–ભૂતકાળનો સેગો (સૂચક) છે અને નુસૂસથી ઉદૂલ (કુર્આની આયતોના જાહેરી અર્થથી વિરૂધ્ધતા) વિના દલીલે જાઈઝ નથી.

**૨.** اِقْتَرَبَتِ السَّاعَةُ (પાસે આવી ક઼યામત) એ એની દલીલ છે કે આ મોજિઝો ક઼યામત કાયમ થતા પહેલાં થશે. **૩.** આગળ ફર્માવવામાં આવ્યું :–

وَ اِنْ یَّرَوْا اٰیَةً یُّعْرِضُوْا وَ یَقُوْلُوْا سِحْرٌ مُّسْتَمِرٌّ ۝ "જો એ લોકો આયત જુએ છે તો તેનાથી મોં ફેરવે છે અને કહે છે કે આ હમેશાં રહેનારો જાદૂ છે." *(સૂ. ક઼મર, ૫૪/૨)*

જાહેર છે કે ક઼યામતના દિવસે કાફિરો આ

પ્રકારની વાત કહેશે નહીં, એ દિવસે તો એમના પર હક્ક જાહેર થઈ જશે. ૪. એને નિશાની કહેવામાં આવી, અને નિશાનીની જરૂરત, આ દુનિયામાં છે. કયામતના દિવસે કોઈ નિશાની માગનાર રહેશે નહીં. *(નુઝહતુલ કારી શરહે સહીહ બુખારી, ૭/૭૭,૭૮)*

## ★ પાણીમાં તસર્રુફની હદીષો ★

**હદીષ-૧૨ :** "હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે નબી કરીમ ﷺની ખિદમતમાં એક વાસણ રજૂ કરવામાં આવ્યું. એ વખતે આપ જવરા સ્થળે હતા. આપે આપનો દસ્તે અકદસ (મુબારક હાથ) એ વાસણમાં રાખ્યો તો પાણી આપની આંગળીઓની વચ્ચેથી ઉભરાવા લાગ્યું જેના વડે સહાબાએ વુઝૂ કર્યું. *(સહીહ બુખારી, ૧/૫૦૪, કિતાબુલ મનાકિબ, બાબ : અલામતુન્નબુવ્વત ફિલઈસ્લામ, મજલિસે બરકાત, મુબારકપુર તથા સહીહ મુસ્લિમ, ૨/૨૪૬, કિતાબુલ ફઝાઈલ, મજલિસે બરકાત, મુબારકપુર)*

હદીષના રાવી હઝરત કતાદા કહે છે કે મેં હઝરત અનસ رضی اللہ عنہને પૂછયું કે તમે કેટલા લોકો હતા ? તો તેમણે જણાવ્યું કે ત્રણસો હતા કે એના લગભગ.

**હદીષ-૧૩ :** હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી રિવાયત છે. તે ફર્માવે છે કે અસરની નમાઝનો સમય થઈ ચૂક્યો હતો અને પાણી શોધવા છતાં મળી ન શક્યું. છેવટે રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં પાણીનું વાસણ લાવવામાં આવ્યું તો રસૂલુલ્લાહ ﷺએ એમાં પોતાનો હાથ મુબારક રાખ્યો અને લોકોને હુકમ આપ્યો કે એના વડે વુઝૂ કરે. મેં જોયું કે પાણી આપની આંગળીઓ નીચેથી ઉભરાય રહ્યું છે. તો લોકો વુઝૂ કરવા લાગ્યા, ત્યાં સુધી કે સૌએ વુઝૂ કરી લીધું. *(સહીહ બુખારી, ૧/૫૦૪, કિતાબુલ મનાકિબ, બાબુ અલામતિન્નબુવવત, ફિલ્ઈસ્લામ, મજલિસે બરકાત, મુબારકપુર તથા સહીહ મુસ્લિમ, ૨/૨૪૫, કિતાબુલ ફઝાઈલ....મુબારકપુર)*

**હદીષ-૧૪ :** હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہએ આ હદીષ વર્ણવી કે નબી કરીમ ﷺ એક સફરમાં નીકળ્યા. આપની સાથે આપના સહાબા પણ હતા. સફર દરમિયાન નમાઝનો સમય આવી ગયો અને તેમની પાસે પાણી ન હતું જેના વડે વુઝૂ કરતા. તો એક સહાબી એક પ્યાલામાં થોડુ પાણી લઈને સરકાર ﷺની બારગાહમાં હાજર થયા. તો આપે એના વડે વુઝૂ કર્યું. પછી ચારેવ આંગળીઓ એ પ્યાલા પર લાંબી કરી આપી અને સહાબાને કહ્યું, ઉઠો ! ઉઠો ! વુઝૂ કરો ! તો લોકો વુઝૂ કરવા લાગ્યા. ત્યાં સુધી કે સર્વે વુઝૂથી ફારિગ થઈ ગયા અને એ હઝરાત સિત્તેર કે એના જેટલા હતા. *(સહીહ બુખારી, ૫૦૪,૫૦૫, .........મુબારકપુર. તથા સહીહ મુસ્લિમ, ૨/૨૪૫........મુબારકપુર)*

**હદીષ-૧૫ :** હઝરત અનસ رضی اللہ عنہ રિવાયત કરે છે કે નમાઝનો સમય આવી ગયો તો જે લોકોનું ઘર મસ્જિદથી નજીક હતું તેઓ ઘરે જતા રહ્યા અને બાકીના લોકો રહી ગયા. નબી કરીમ ﷺની ખિદમતમાં પથ્થરનું એક વાસણ લાવવામાં આવ્યું જેમાં થોડુ સરખુ પાણી હતું. આપે એમાં પોતાની હથેળી રાખી તો વાસણ નાનુ હોવાના કારણે હથેળી એમાં ફેલાય ન શકી, એટલા માટે સરકાર ﷺએ આંગળીઓ ભેગી કરીને વાસણમાં રાખી તો (પાણી એટલા અધિક પ્રમાણમાં ઉભરાવા લાગ્યું કે) સર્વ લોકોએ તેના વડે વુઝૂ કરી લીધું. *(સહીહ બુખારી, ૧/૫૦૫, ....... મુબારકપુર તથા સહીહ મુસ્લિમ, ૨/૨૪૫......મુબારકપુર)*

હઝરત હુમૈદ કહે છે કે મેં હઝરત અનસને પૂછયું કે એ લોકો કેટલા હતા ? ફર્માવ્યું કે એંસી લોકો હતા.

**હદીષ-૧૬ :** હઝરત બરાઅ ઈબ્ને આઝિબ

رضی اللہ عنہ વર્ણવે છે કે હુદૈબિયા સ્થળે રોકાણના સમયમાં અમે લોકો ચૌદસો વ્યક્તિ હતા. હુદૈબિયા એક કૂવો છે તેનું બધુ પાણી અમે લોકોએ કાઢી લીધું અને એમાં એક ટીપુ પણ ન છોડયું. તો નબી ﷺ કૂવાના કિનારા પર બેસી ગયા અને પાણી માગ્યું. પછી પાણી વડે કોગળો કરીને તેને કૂવાની અંદર નાખી દીધું. અમે લોકો થોડીવાર રોકાયેલા રહ્યા પછી પાણી કાઢીને પીવા લાગ્યા, ત્યાં સુધી કે સર્વ લોકો તૃપ્ત થઈ ગયા અને અમારી સવારીઓ પણ પાણી પીને ધરાઈ ગઈ. *(સહીહ બુખારી, ૧/૫૦૫, ....... મુબારકપુર)*

**હદીષ-૧૭** : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ (પોતાના શાગિર્દ હઝરત અલ્કમા તાબઈને સંબોધીને) ફર્માવે છે કે અમે રસૂલુલ્લાહ ﷺના સહાબીઓ નિશાનીઓને બરકત સમજતા હતા અને તમે (તાબઈનના ગિરોહ) એ નિશાનીઓને (મુશ્રિકોને) ડરાવવાનો બનાવ સમજો છો.

અમે લોકો એક સફરમાં રસૂલુલ્લાહ ﷺની સાથે હતા અને પાણીની અછત થઈ ગઈ તો સરકાર ﷺએ ફર્માવ્યું કે કાંઈક બચેલુ પાણી શોધો. તો સહાબાએ કિરામ એક વાસણ લાવ્યા જેમાં થોડુ સરખુ પાણી હતું. તો આપે વાસણમાં પોતાનો હાથ રાખીને ફર્માવ્યું, "આવી જાવ ! પાક કરવાવાળા, બરકતવાળા પાણીની પાસે, અને બરકત અલ્લાહની તરફથી છે." મેં જોયું કે રસૂલુલ્લાહ ﷺની આંગળીઓની વચ્ચેથી પાણી ઉભરાય રહ્યું છે, અને જે વખતે ખાણુ ખાવામાં આવતું તો અમે લોકો ખાણાથી "સુબ્હાનલ્લાહ"નો અવાજ સાંભળતા. *(સહીહ બુખારી, ૧/૫૦૫......મુબારકપુર) -(ક્રમશઃ)*

પેજ 08 નું ચાલુ..

**૭૯** : અને હઝરત મૂસા علیہ السلام પર ઈમાન ન લાવ્યા.

**૮૦** : કે તે તમારી દુઆ કૃબૂલ કરશે.

**૮૧** : જ્યારે વારે ઘડીએ તેમને અઝાબમાંથી મુક્તિ આપવામાં આવી છતાં તેઓ વચન પર જામેલા રહ્યા નહીં અને ઈમાન લાવ્યા નહીં અને કુફ્ર છોડયું નહીં ત્યારે તેમના માટે નક્કી કરેલી સમય મર્યાદા પૂરી થએથી તેમને અલ્લાહ તઆલાએ નાઈલ નદીમાં ડૂબાડીને નાશ કર્યો. તેઓ અલ્લાહની આયતો પ્રત્યે જરા પણ વિચાર કે ધ્યાન કરતા ન હતા.

**૮૨** : એટલે કે બની ઈસરાઈલને.

**૮૩** : ઈજીપ્ત (મિસર) સિરીયા (શામ)

**૮૪** : નહેરો, ઝાડો, ખેતવાડી, ફળફળાદી અને ઉપજના મબલખપણા દ્વારા.

**૮૫** : તે તમામ ઈમારતો, મહેલો અને બગીચાઓનો.

**૮૬** : ફિરઔન અને તેની કૌમને મુહર્રમની દસમી તારીખે ડૂબાડી દીધા પછી.

**૮૭** : અને તેમની ઈબાદત કરતા હતા, ઈબ્ને જરીહનું કથન છે કે તે મૂર્તિઓ ગાયની શિકલની હતી. તેમને જોઈને બની ઈસરાઈલ;

**૮૮** : કે આટઆટલી નિશાનીઓ દેખીને પણ સમજ્યા નહીં કે અલ્લાહ ભાગીદાર વગરનો માત્ર એક છે. તેના સિવાય બની ઈસરાઈલ;

**૮૯** : મૂર્તિપૂજકો.

**૯૦** : અર્થાત ખુદા તે નથી હોય શકતો જે શોધીને બનાવવામાં આવે બલ્કે ખુદા તે છે જેણે તમને શ્રેષ્ઠતા આપી. કારણ કે તે કૃપા અને ઉપકાર (કરવા માટે) શક્તિમાન છે, માટે તે જ ઈબાદતને લાયક છે.

**૯૧** : અર્થાત જ્યારે તેણે તમને આટલી મહાન ન્યામતો આપી તો પછી તમને એ કેમ કરી શોભે કે તમે એના સિવાય અન્યની ઈબાદત કરો.

## ઈસ્લામના મુજદ્દિદો વિશે વર્ણન

### ચોથી સદીના મુજદ્દિદ ૨

# હઝરત અબૂ હામિદ અહમદ બિન મુહમ્મદ અસ્ફરાઈની رضی اللہ عنہ

*(હિ.સ. ૩૪૪ - હિ.સ. ૪૦૬)*

*(કાર્યાલય)*

**નામ મુબારક** : અહમદ, **કુન્નિયત** : અબૂ હામિદ, **લકબ** : ઈમામે શાફઈય્યા, **પિતા** : અબૂ તાહિર મુહમ્મદ. **વંશવેલો** : અહમદ બિન તાહિર મુહમ્મદ બિન અહમદ. *(વફયાતુલ અઅ્યાન, ૧/૧૭૨)*

**જન્મ મુબારક** : હિ.સ. ૩૪૪માં અસ્ફરાઈનમાં પેદા થયા. અસ્ફરાઈનની પ્રતિ સંબંધ કરતાં અસ્ફરાઈની કહેવાયા. નિસાપુરની આસપાસમાં જુર્જાનના અડધા રસ્તા પર એ ખુરાસાનનું એક શહેર છે. *(તબક઼ાતુશ્શાફઈય્યા, ૧/૩૯, ૪૦, અલ બિદાયા વન્નિહાયા, ૬/૧૨/૩, વફયાતુલ અઅયાન, ૧/૭૨)*

**ખાનદાની બેકગ્રાઉન્ડ** : એમના ખાસ શાગિર્દ તથા ઈમામ સુલૈમાન બિન રાઝીએ તેમના હાલાતના બારામાં લખ્યું છે કે શરૂમાં આર્થિક હાલત કમજોર હતી એટલા માટે એક ઘરની દરવાનીની ખિદમત અંજામ આપી, અને એ નોકરી દરમિયાન તે પોતાના ઈલ્મના શોખનો ખોરાક પણ મેળવતા રહ્યા. રાતે ચોકીદારીની સાથે દરવાજા પર રાખેલા ચિરાગની રોશનીમાં સબકોનો અભ્યાસ પણ કરતા. *(તારીખુલ ઈસ્લામી તથા વફયાતુલ મુશાહિર વ અઅલામ, ૪૦૧, હિ.થી ૪૧૦ હિ., પેજ–૧૩૫, તબક઼ાતુશ્શાફઈય્યતિલ કુબરા લિલસુબ્કી, ૩/૨૬)*

આ ગરીબીમાં પણ ઈમામે સબ્ર તથા અડગતા તથા ઉચ્ચ હિંમતનો બેહતરીન નમૂનો પેશ કર્યો જેનું દષ્ટાંત ખૂબ જ ઓછુ મળી શકે છે. ઈલ્મ પ્રાપ્તિના આ શોખને આપણે આપણી જિંદગીમાં દાખલ કરવાની જરૂરત છે.

**જાહેરી તથા બાતિની ઈલ્મોની પ્રાપ્તિ** : સુલૈમ રાઝી ફર્માવે છે કે તેમણે સત્તર વરસની ઉમરમાં પ્રથમ ફત્વો આપ્યો, એનાથી અંદાઝો થાય છે કે એમની તાલીમ શરૂથી જ ઉમદા તથા આ'લા દિશામાં હતી. નવજવાનીમાં હિ. ૩૬૪માં બગદાદ શરીફ તશરીફ લાવ્યા. આપે ફિક઼્હની તાલીમ ઈમામ અબુલ હસન અલ મર્ઝબાન બગદાદી رحمۃ اللہ علیہથી હાંસલ કરી. *(તબક઼ાતુશ્શાફઈય્યતિલ કુબરા લિલ સુબ્કી, ૩/૨૬)*

પરંતુ તેમનાથી ફયઝ હાંસલ કરવાની મુદ્દત ઘણી જ ટૂંકી રહી, કેમ કે હિ. ૩૬૬માં શયખનો ઈન્તેકાલ થઈ ગયો. તેમના બાદ ઈમામ અબુલ ક઼ાસિમ અદ્દારકી رحمۃ اللہ علیہ (વફાત – હિ. ૩૭૫)થી જાહેરી તથા બાતિની ઈલ્મોની પૂર્ણતા કરી. *(અલ બિદાયા વન્નિહાયા, ૬/૧૨/૩)*

એના ઉપરાંત તેમણે બગદાદના અન્ય ફક઼ીહો તથા ઈમામોથી પણ હાંસલ કરી. ખૂબ જ ઝડપભેર આપે જાહેરી તથા બાતિની ઈલ્મો હાંસલ કરી લીધા. ઈલ્મની શોધ અને તેમાં વ્યસ્તતા જ આપની જિંદગી હતી. આપ એક ચિત્તે પોતાના શયખોથી એ રીતે લાભ પામતા કે દામનની તંગીની શિકાયત ન રહેતી, એટલે ભરપુર લાભ ઉઠાવતા. આપ ખુદ ફર્માવતા હતા કે જ્યારે પણ કોઈ ઈલ્મો નઝરની મજલિસથી ઉઠયો તો કદી એ એહસાસ નથી થયો કે જે કાંઈ મારે યાદ રાખવું જોઈતુ હતું તે યાદ ન રાખી શકયો.

ઈલ્મે હદીષમાં તેમણે ઈમામ ઈબ્ને અબ્દક અસ્ફરાઈની ઉપરાંત ઈમામ અબ્દુલ્લાહ બિન અદી, ઈમામ અબૂ બકર ઈસ્માઈલી જુર્જાની, ઈમામ અબુલ હસન દારકુત્ની رحمۃ اللہ علیہથી ફયઝ હાંસલ કર્યો. જો કે તેમણે હદીષોની રિવાયત ખૂબ જ ઓછી કરી પણ

ઈલ્મે હદીષમાં પણ એ દરજાએ પહોંચ્યા કે "ઈમામે અસ્હાબે હદીષ" કહેવાયા.

પ્રખ્યાત મુહદ્દિષો તથા ફકીહોથી ફયઝ પામ્યા બાદ તે ઈલ્મો ફઝલના એ બુલંદ મક઼ામ પર બિરાજમાન થયા કે તેમને સમયના અજોડ કહેવામાં આવ્યા. આપ લોકોની નિગાહોના કેન્દ્ર તથા શરણસ્થાન બની ગયા. શયખ અબૂ ઈસ્હાક શીરાઝીએ પોતાની તબક઼ાતમાં લખ્યું છે કે શાફઈ મકતબની સરદારી એમના પર ખત્મ હતી. દીન તથા દુનિયા, સમૃધ્ધતા તથા સરદારીનો ઉલ્લેખ સર્વ ચર્ચા કરનારાઓએ કર્યો છે. ઈમામ સુબ્કીએ એમની શાનમાં હાફિઝુલ મઝહબ, ઈમામે મઝહબ, ઈલ્મનો ઉચ્ચ પહાડ અને ઉમ્મતનો એક અતિ આધુનિક આલિમ લકબો લકબો લખ્યા છે.

અવામ તથા ખાસ લોકો અને ઉલમા તથા સત્તાધારીઓ સૌની નજરમાં આપ પ્રતિષ્ઠાવાન હતા. બલ્કે ખતીબે બગદાદીના શબ્દોમાં "તેમનો રોઅબ તથા દબદબો ઘણો જ શાનદાર હતો." તેમની પ્રતિષ્ઠા તથા રોઅબ અને દબદબાનો અંદાઝો એનાથી થાય છે કે એકવાર તેમણે સમયના ખલીફાને લખ્યું કે આપ એ સમજી લો કે અલ્લાહ તઆલાએ મને જે હોદ્દા પર બિરાજમાન કર્યો છે તેના પરથી આપ મને બરતરફ નથી કરી શકતા, જ્યારે કે મને એ શક્તિ બખ્શવામાં આવી છે કે હું ખુરાસાનથી થોડાક શબ્દો લખીને આપને ખિલાફતના હોદ્દાથી બરખાસ્ત કરી શકુ છું. *(તબકાતુશ્શાફઈય્યતિલ કુબરા લિલ સુબ્કી, ૩/૨૬)*

ઈબ્ને કષીરે લખ્યું છે કે, તે ફક઼ીહ, ઈમામ, જલીલ તથા નબીલ હતા.

ઈમામ નવવીની રાય એ છે કે ઈમામ અસ્ફરાઈ رحمۃ اللہ علیہથી જ ઈરાકના શાફઈઓનો મસ્લકને આમ ઉન્નતિ હાંસલ થઈ.

પોતાના સમયના હનફીઓના ઈમામ અને પ્રખ્યાત ફક઼ીહ ઈમામ અબુલ હસન ક઼દૂરી رحمۃ اللہ علیہ તેમના સમકાલિન હતા, અને સમકાલિન (સમાન યુગના) તથા મઝહબનો મતભેદ હોવા છતાં તે ઈમામ અસ્ફરાઈની رحمۃ اللہ علیہની ખૂબ જ તાઝીમ કરતા હતા અને સમયના ફક઼ીહો પર તેમને અગ્રતા આપતા હતા અને એવું કહેતા હતા કે મેં એમનાથી વધીને શાફઈઓમાં અન્ય કોઈ ફક઼ીહ નથી જોયો.

અમુક અન્ય શાફઈ હઝરાતે આપને "શાફઈએ ષાની" કહ્યા અને એ પણ લખ્યું છે કે, જો ઈમામ શાફઈ એમને જોતા તો ખુશ થતા.

એક અન્ય નામવર હનફી ફક઼ીહ ઈમામ અબ્દુલ્લાહ સીમરી رضی اللہ عنہએ પણ ઈમામ અસ્ફરાઈનીની જલાલતે ઈલ્મી (ઈલ્મી મહાનતા)ને સ્વીકારતાં કહ્યું હતું કે, "મેં ઈમામ અબૂ હામિદ અને ઈમામ અબુલ હસન ખઝરમી દાઊદ رحمۃ اللہ علیہماથી વધીને કોઈ અન્ય ફક઼ીહને નથી જોયો."

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી મશ્હૂર હદીષ છે : "બેશક ! અલ્લાહ ﷻ દરેક સદી પર આ ઉમ્મતના માટે એવા શખ્સને પેદા કરે છે જે એના માટે દીનની તજદીદ કરે છે." *(સુનને અબૂ દાઊદ, હ-૪૨૯૧)*

અમુક ઉલમાએ લખ્યું છે કે ચોથી સદીમાં આ હદીષના મિસ્દાક (પાત્ર) ઈમામ અબૂ હામિદ અસ્ફરાઈની છે.

ઈબ્ને અષીરે જામિઉલ ઉસૂલમાં અધિક સ્પષ્ટતા સાથે લખ્યું કે ઈમામ અબૂ હામિદ શાફઈઓના ક઼ૌલ મુજબ ચોથી સદીના મુજદ્દિદ છે.

સારાંશ એ નિશ્ચિત છે કે તેમના સર્વ સમકાલિનોને તેમની ઈલ્મી મહાનતા, જાતી ફઝીલત, અને નુકતા આફરીની પર એકમતી હતી.

શયખ શીરાઝી અને ઈબ્ને ખલ્કાને લખ્યું છે કે ફિકહમાં નિષ્ણાતપણુ, સારા ખરાબને પરખવાની દષ્ટિ (હુસ્ને નઝર) અને ઈલ્મી વિશાળતામાં તેમની અગ્રતા તથા ફઝીલત પર વિરોધી તેમજ સમર્થકો સૌ એકમત હતા. *(ક્રમશઃ)*

રૂહાનિયત તથા તસવ્વુફના
વિષય પર વિશ્વ વિખ્યાત મક્બૂલ કૃતિ

# કશ્ફુલ મહજૂબ

(તસવ્વુફનાં રહસ્યો ખોલનાર કિતાબ)

(હફ્તો : ૧૧)

**ફારસી લેખક** : વલીયે કામિલ હઝરત મખ્દૂમ સૈયદ અલી હજવૈરી **દાતા ગંજબખ્શ લાહોરી** رحمۃ اللہ علیہ

**ઉર્દૂ અનુવાદક : મુફ્તી ગુલામ મુઈનુદ્દીન નઈમી**

**ગુજરાતી અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

*الحمد للہ આ લેખમાળા ક્રમશઃ રજૂ કરતાં હું નાચીઝ ગુનેહગાર અલ્પજ્ઞાની ખુશી અનુભવું છું કે એક મહાન બુઝુર્ગની કૃતિને વાંચકો સમક્ષ રજૂ કરી રહ્યો છું. હઝરત દાતા ગંજબખ્શ લાહોરી رحمۃ اللہ علیہ ખૂબ જ પાયાના બુઝુર્ગોમાંથી છે. આપની વિશેષ શાન હાલ રજૂ કરી શકતા નથી પણ કેવળ એટલું જ કહેવું પૂરતુ સમજું છું કે, આ તે મહાન બુઝુર્ગ છે જેમના આસ્તાના પર સુલ્તાનુલ હિંદ, હઝરત ખ્વાજા મુઈનુદ્દીન હસન સંજરી ચિશ્તી رحمۃ اللہ علیہ જેવા બુઝુર્ગે અજમેર શરીફ આવતા પહેલાં ચાલીસ દિવસનો ચિલ્લો કર્યો હતો અને ત્યાંથી રૂહાની ફયઝ પામ્યા હતા. તો ત્યાંથી વિદાય વેળા ખ્વાજા સાહબે હઝરત દાતા ગંજબખ્શ رحمۃ اللہ علیہ વિશે ફર્માવ્યું કે :–*

*ગંજબખ્શ ફયઝે આ'લમ – મઝહરે નૂરે ખુદા*
*નાકિસારા પીરે કામિલ–કામિલારા રહનુમા*

*એવા મહાન બુઝુર્ગ હઝરત દાતા ગંજબખ્શની તસવ્વુફના વિષયે રહનુમા કિતાબ ''કશ્ફુલ મહજૂબ'' નો ધ્યાનપૂર્વક અભ્યાસ કરો તો જરૂર હિદાયત પામશો, ઈન્શાઅલ્લાહ ! –તંત્રી*

### ★ ફક્ર (ફક્રીરી) તથા સફૂત (સૂફીપણુ)ના અર્થમાં મશાઈખે એઝામમાં મતભેદ ★

તરીક્તના અહલે ઈલ્મ મશાઈખે એઝામનો ફક્ર (ફક્રીરી) તથા સફૂત (સૂફીપણુ)ની તફસીલમાં મતભેદ છે. એક જમાઅત ફર્માવે છે કે સફૂત કરતાં ફક્ર અધિક કામિલ છે અને એક જમાઅત કહે છે કે ફક્ર કરતાં સફૂત અધિક કામિલ છે. પ્રથમ જમાઅતની દલીલ એ છે કે ફક્ર કેમ કે ફનાએ કુલ અને ઈન્તેકાએ અસ્રાર (રહસ્યોથી મોં ફેરવી લેવું)નું નામ છે અને સફૂત એના મકામોમાંથી એક મકામ છે. જ્યારે ફનાએ કુલ હાંસલ થઈ જાય છે તો સર્વ મકામો ઓઝલ થઈ જાય છે. આ મસ્અલો ફક્ર તથા ફના પ્રતિ રુજૂઅ કરે છે. પહેલાં એનું વર્ણન કરવામાં આવી ચૂક્યુ છે. બીજી જમાઅતની દલીલ એ છે કે કેમ કે ફક્ર એક ચીજ મૌજૂદ છે જેનું નામ પણ છે, અને સફૂત એ હાલતનું નામ છે જે તમામ મૌજૂદાતથી પાક તથા સાફ હોય. અને એ કે સફા અયન ફના છે અને ફક્ર અયન બકા. જેથી ફક્ર એના મકામોમાંથી એક મકામનું નામ છે અને સફૂત એના કમાલોમાંથી એક કમાલનું નામ છે. આ મસ્અલામાં લાંબી ચર્ચા છે. વર્તમાનકાળમાં દરેક શખ્સ આશ્ચર્યજનક વાતો કરે છે, અને એકથી એક વધીને આશ્ચર્યજનક ચર્ચાઓ કરે છે, જ્યારે કે ફક્ર તથા સફૂત બંનેની તફસીલ તથા તેમનામાં અગ્રતા આપવામાં મતભેદ છે. કેવળ વાતો જ બનાવવી એકમતીએ ન ફક્ર છે ન સફૂત. અમુકે બયાનને મઝહબ બનાવીને એના પર તબઅ આરાઈ તથા ખુશ બયાની શરૂ કરી આપી અને ઈદરાકે મઆનીથી તબીઅતને ખાલી કરીને હક્ક વાતને છોડી આપી અને નફસાની ખ્વાહિશોને પોષવામાં પ્રાપ્ય તથા અપ્રાપ્ય અને નકારાત્મક તથા હકારાત્મકમાં ખોવાયને રહી ગયા, જ્યારે કે એ દાવેવારોની તરીક્ત નિરર્થક વાતોથી પાક તથા સાફ છે.

સારાંશ કે અવલિયાએ કિરામ એ મક઼ામ સુધી બિરાજેલ હોય છે જ્યાં કોઈ મક઼ામ નથી રહેતો, અને દરજાઓ તથા મક઼ામો (મર્તબાઓ) તમામે તમામ ફ઼ના થઈ જાય છે. અને એ અર્થોને શબ્દોનો પોશાક કદાપિ પહેરાવી નથી શકાતો. જેમ કે એ વખતે પીવાનું રહે છે ન લિજ્જત, ન (ક઼મઅ) તોડવાનું રહે છે ન ક઼હર (ગુસ્સો) ન હોશ ન બેહૂદગી. દરેક શખ્સ આ અર્થોની કૈફિયતને એવા નામોથી તાબીર (સરખામણી) કરવાની કોશિશ કરે છે જે એની દષ્ટિએ બુઝુર્ગતર (અધિક ઉચ્ચ) હોય, આ આધાર પણ આગળ કે પાછળ કરવું અને આ'લા અથવા અદના કહેવું જાઈઝ નથી, કેમ કે અગ્રતા આપવી કે પાછળ કરવું તો નામાંકિત કરેલી તથા અસ્તિત્વવાળી ચીજોના માટે છે. જેથી કોઈ જમાઅતને ફ઼ક઼્ શબ્દ અગ્રતાવાળો તથા અફ઼ઝલ જણાયો અને તેમની નજીક આ જ નામ ચઢીયાતુ તથા ઉચ્ચ જણાયુ કે એની સાથે સંબંધિત કરવું સભ્યતા તથા નમ્રતાનો તકાઝો છે. અને કોઈ જમાઅતને સફૂત અગ્રતાવાળુ તથા અફ઼ઝલ જણાયું, તેમને એ જ નામ સારુ લાગ્યું. કેમ કે એનાથી સંબંધ રાખીને ખરાબીઓ દૂર થાય છે અને ફ઼ના તથા આફ઼તો નજીક થઈ જાય છે, અને કેમ કે તેમની મુરાદ તથા હેતુનું પ્રદર્શન એ જ બે નામોથી થઈ શકતુ હતું (એટલા માટે દરેકે એક એક નામ પસંદ કરી લીધું, નહીં તો) આ અર્થોની નિશાનીઓ એ તાબીરો કરતાં અલગ હતી. એ નામ અપનાવવાની એટલા માટે જરૂરત પડી કે આપસમાં એ નિર્દેશોમાં વાત કરી શકે અને પોતાના ઝાતી કશ્ફ઼ને એ નામો થકી વર્ણવી શકે. આ તબક઼ાને એનાથી કોઈ મતભેદ નથી કે ચાહે તે એ અર્થને ફ઼ક઼્ સાથે સરખાવે કે સફૂત સાથે. બીજુ એ કે તાબીર કરનાર (સરખાવનારા) ભાષા જ્ઞાની લોકો કેમ કે તેમના અર્થોથી અજાણ તથા બેખબર હોય છે, એટલા માટે તેઓ શાબ્દિક બહષોમાં ઉલઝીને રહી ગયા. કોઈકે કોઈકને અગ્રતાવાળુ તથા અફ઼ઝલ જાણ્યું અને કોઈકે કોઈકને. જ્યારે કે એ બંને તાબીરો છે ન કે અસલ તથા હક઼ીક઼ત, જેથી અહલે હક્ક઼ તો અર્થોની તેહક઼ીક઼ તથા હક઼ીક઼ત અને મઅરેફ઼તની તલાશમાં ખોવાયેલા રહ્યા અને એ લોકો તાબીરોના અંધકારોમાં ફસાયને રહી ગયા.

ખુલાસો એ કે જ્યારે કોઈને અર્થ હાંસલ થઈ જાય અને તે એને દિલનો ક઼િબ્લો બનાવી લે તો એવા દુરવેશને ચાહે ફ઼કીર કહો ચાહે સૂફ઼ી, બંને ગૈર ઈરાદી છે. મઅરેફ઼તવાળા નામોના ચક્કરમાં નથી પડતા.

આ મતભેદ હઝરત અબુલ હસન સમ્નૂન બાઝ رحمۃ اللہ علیہથી ચાલ્યો આવી રહ્યો છે, કેમ કે જ્યારે એવા કશ્ફ઼માં હોતા જે બક઼ાથી સંબંધ ધરાવે છે તો ફ઼ક઼્ને સફૂત પર અગ્રતાવાળો તથા અફ઼ઝલ કરતા હતા, જેને એ સમયના રૂહાનિયત તથા મઅરેફ઼તવાળા હઝરાત જે સમજતા હતા તેમણે તેમને પૂછયું કે આવું શાથી ? તો તેમણે જવાબ આપ્યો કે જ્યારે તબીઅતને ફ઼ના તથા શર્મિંદગીની હાલતમાં સંપૂર્ણ લિજ્જત હાંસલ થાય છે અને બક઼ા તથા બુલંદીમાં પણ. તો એ વખતે જ્યારે એવા મક઼ામમાં હોઉં છું જે ફ઼નાથી સંબંધ ધરાવે છે તો સફૂતને ફ઼ક઼્ પર અફ઼ઝલ કહું છું. અને જ્યારે એવા મક઼ામ પર હોઉં છું જેનો સંબંધ બક઼ા તથા બુલંદીથી હોય તો ફ઼ક઼્ને સફૂત પર અગ્રતાવાળો તથા અફ઼ઝલ કહું છું. કેમ કે ફ઼ક઼્ બક઼ાનું જ નામ છે અને સફૂત ફ઼નાએ કુલનું નામ છે. આ રીતે પોતાને બક઼ાની રૂયત (દીદાર)થી ફ઼ના કરું છું અને ફ઼નામાં પોતે ફ઼નાની રૂયતને ફ઼ના કરી દઉં છું જેથી પોતાની તબીઅત ફ઼નાથી પણ ફ઼ાની થઈ જાય અને બક઼ાથી પણ ફ઼ાની થઈ જાય.

આ રહસ્યો શાબ્દિક એતબારથી ઉમદા છે, પરંતું ફ઼નાને ફ઼ના નથી હોતુ અને બક઼ાને પણ ફ઼ના નથી, કેમ કે તે બાકી જે ફ઼ાની થાય તે જાતે પોતે જ

ફાની હોય છે અને જે ફાનીના બાદ બાકી હોય તે જાતે પોતે ફાની હોય છે. અને ફના નામ જ એ હાલતનું છે જેમાં મુબાલગા (અતિશયોક્તિ) મુશ્કેલ તથા અશક્ય હોય. આ એટલા માટે છે કે કોઈ એવું ન કહી શકે કે ફના થઈ ગયો, કેમ કે એવું કહેવું એ અર્થના વજૂદના અસરના નકારથી મુબાલગા કરવું થશે કે ફના કોઈ વજૂદની અસર રહી ગઈ છે જે હજી ફના નથી થઈ ! જ્યારે કે જો ફના હાંસલ થઈ ગઈ તો ફનાની ફના કાંઈ ન હશે એવું કહેવું વર્ણનમાં નિરર્થક આશ્ચર્ય કરવા સિવાય બીજુ કાંઈ નથી.

ભાષાશાસ્ત્રીની એ નિરર્થક વાતો છે જે ભાવાર્થ તથા હેતુની તાબીરના વખતે પેદા થઈ જાય છે, અને અમારું બકા તથા ફના લખવું કલામ (વાણી)ના એ જ પ્રકાર સાથે સંબંધ ધરાવે છે જે બચવાની ખ્વાહિશ અને અહવાલની તેજીના સમયે હોય છે, જેનો સાવધાની રૂપે થોડોક ઉલ્લેખ અમે કરી આપ્યો છે.

ફક્ર તથા સફૂતની વચ્ચે મઅનવી (આંત્રિક રીતે) ફરક છે પરંતું મામલાતના એતબારથી ફક્ર તથા સફૂત દુનિયાથી કિનારાકશી (દૂરી અપનાવવા)નું નામ છે, અને આ કિનારાકશી જાતે પોતે એક ચીજ છે અને તેની હકીકત ફક્ર તથા મિસ્કીનીમાં સમાયેલી છે.

## ★ ફક્ર તથા મિસ્કીની ★

મશાઈખની એક જમાઅત કહે છે કે મિસ્કીની કરતાં ફકીરી અફઝલ છે, કેમ કે અલ્લાહ તઆલા ફર્માવે છે :–

لِلْفُقَرَآءِ الَّذِيْنَ اُحْصِرُوْا فِيْ سَبِيْلِ اللّٰهِ لَا يَسْتَطِيْعُوْنَ ضَرْبًا فِي الْاَرْضِ

"એ ફકીરોના માટે છે જેઓ રાહે ખુદામાં રોકવામાં આવ્યા અને તેઓ જમીનમાં ફરવાની શક્તિ નથી ધરાવતા." (સૂ. બકરહ, ૨/૨૭૩) આ અફઝલિયત એટલા માટે છે કે મિસ્કીન માલવાળો હોય છે અને ફકીર માલને ત્યજી દેનારો હોય છે. અને એ કે ફકીર અઝીઝ હોય છે અને મિસ્કીન હકીર. અને એ કે તરીકતમાં માલવાળો ઝલીલ હોય છે કેમ કે હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું : "દિરહમ તથા દીનાર અને નવા તથા પૂરાણા કપડાંવાળાઓને કમીનો સમજ." એટલા માટે દોલતથી દૂરી અપનાવનારા અઝીઝ છે, કેમ કે માલદારીને માલ પર ભરોસો હોય છે અને ખાલી હાથવાળાને ખુદા પર તવક્કુલ હોય છે.

મશાઈખે તરીકતની એક જમાઅતની માન્યતા મિસ્કીની છે એટલા માટે કે હુઝૂરે અકરમ ﷺએ પોતાની દુઆમાં એની મુનાજાત કરી છે :–

اَللّٰهُمَّ اَحْيِنِيْ مِسْكِيْنًا وَ اَمِتْنِيْ مِسْكِيْنًا وَاحْشُرْنِيْ فِيْ زُمْرَةِ الْمَسَاكِيْنَ

"હે ખુદા ! મને મિસ્કીન ઝિંદા રાખ અને મિસ્કીનીની મોત આપ અને મિસ્કીનોમાં હશ્ર ફર્માવ."

રસૂલુલ્લાહ ﷺએ જ્યારે ફક્રને યાદ કર્યું તો આ પ્રમાણે ઈર્શાદ ફર્માવ્યો : كَادَ الْفَقْرُ اَنْ يَّكُوْنَ كُفْرًا "કેટલીકવાર ફકીરી કુફ્રમાં સપડાવી દે છે."

આ ફરક એટલા માટે છે કે ફકીર તે છે જે સબબથી સંબંધ ધરાવે છે, અને મિસ્કીન તે હોય છે જે સબબોથી સંબંધ ત્યજી દે. શરીઅતમાં ફકીહોની એક જમાઅતની નજીક ફકીર તે છે જે એક સમયનુ ભોજન ધરાવતો હોય, અને મિસ્કીન તે છે જે એ પણ ન ધરાવે. એ લેહાઝથી તરીકતવાળાઓને મિસ્કીન તથા સૂફી કહે છે. આ મતભેદ ફકીહોના મતભેદના પ્રમાણે છે જેમની નજીક ફકીર તે છે જે કાંઈ ન ધરાવે અને મિસ્કીન તે છે જે એક સમયનુ ભાથુ રાખે. એમની નજીક સફૂત કરતાં ફક્ર અફઝલ છે. સફૂત તથા ફક્ર તેમના મતભેદનું વર્ણન સંક્ષિપ્તમાં રજૂ કર્યું છે. واللّٰہ اعلم بالصواب –*(ક્રમશઃ)*

# ઝર્બે હૈદરી

**(હફ્તો : ૧૦)**

**અઝ** : *શયુખલ હદીષ વત્તફસીર પીર સાઈ*
**ગુલામરસૂલ ક઼ાસમી ક઼ાદરી નક઼્શબંદી** دام ظلہ العالی
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

*વર્તમાન સમયમાં કેટલાક કહેવાતા સુન્નીઓમાં શીઆઈયત જેવા ખયાલોનો પગપેસારો થઈ રહ્યો છે જેનાથી ઘણા સુન્ની ભાઈઓ ગુમરાહીનો શિકાર થઈ રહ્યા છે, એવા સમયે 'અહલે સુન્નત વ જમાઅત'નો હક્ક઼ મઝહબ સુન્ની હઝરાત સમક્ષ રજૂ કરી ઈમાનની સલામતીનો માર્ગ સમારતી આ કિતાબ* ***'ઝર્બે હૈદરી'*** *નામથી અત્રે લેખમાળા રૂપે રજૂ કરીએ છીએ જે કુર્આન, હદીષ તથા ઉલમાના અક઼વાલથી રાફઝિયતના અંધકારને દૂર કરી અહલે સુન્નતની રોશની ફેલાવવા માટે ખૂબ જ સહાયકર્તા છે. એને જરૂરથી વાંચો વંચાવો અને ઈમાનમાં તાજગી મેળવો.*

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ★ તફઝીલીઓનો બીજો સવાલ ★

બાતિની વિલાયત જે مَنْ كُنْتُ مَوْلَاهُ فَعَلِيٌّ مَّوْلَاهُ ના ઝરીયા હઝરત અલી رضی اللہ عنہને અતા થઈ એમાં એ જ એકલા છે એના કારણે વિલાયતે કુબ્રા અને ગૌષિયતે ઉઝમા ધરાવનાર હઝરત પણ આપની જ ઔલાદમાંથી છે.

**જવાબ** : પ્રથમ તો હદીષ مَنْ كُنْتُ مَوْلَاهُમાં મૌલા અલી کرم اللہ وجہہ الکریم ની જબરદસ્ત ફઝીલત બયાન થઈ છે : اَللّٰهُمَّ اجْعَلْنَا فِيْ زُمْرَتِهٖ وَفِيْ مَنْ وَّالَاهُ પણ એના ઝરીયા બાતિની વિલાયત અતા થવું પ્રશ્નકર્તાનો પોતાનો ભ્રમ છે. આ હદીષનો શાને વુરૂદ એ છે કે યમનના ગઝવામાં મૌલા અલી رضی اللہ عنہના કેટલાક સાથીઓને આપ صلی اللہ علیہ وسلمથી શિકાયત થઈ. હઝરત બુરૈદા رضی اللہ عنہ ફર્માવે છે કે મેં નબી صلی اللہ علیہ وسلمને આ શિકાયત વિશે દર્શાવ્યું તેના જવાબમાં આપ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે مَنْ كُنْتُ مَوْلَاهُ આ સ્થિતિ દર્શાવી રહી છે કે અહીં મૌલાથી મુરાદ દોસ્ત અને મહબૂબ છે. આ હદીષને બાતિની વિલાયત સાથે કોઈ સંબંધ નથી.

ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે : હદીષે મવાલાતની જો સનદ સહીહ પણ હોય તો એમાં વિલાયતે અલી પર નસ (દલીલ) મૌજૂદ નથી. અમે અમારી કિતાબુલ ફઝાઈલમાં સ્પષ્ટપણે લખી આપ્યું છે કે નબી કરીમ صلی اللہ علیہ وسلمનો હેતુ શું હતો ? વાત એ હતી કે આપ صلی اللہ علیہ وسلمએ યમનમાં સૈયદના અલી رضی اللہ عنہને મોકલ્યા તો સાથીઓએ એમની વિરૂધ્ધ ખૂબ જ અધિક પ્રમાણમાં શિકાયત કરી, બુગ્ઝનો ઈઝહાર કર્યો. નબી صلی اللہ علیہ وسلمએ પોતાની સાથે તેમના ખાસ સંબંધો અને તેમનાથી મહોબ્બતને પ્રદર્શિત કરવાનો ઈરાદો કર્યો અને એના થકી આપનાથી (હઝરત અલી رضی اللہ عنہથી) મહોબ્બત તથા દોસ્તી રાખવા આકર્ષણ અપાવ્યું અને અદાવત છોડાવવા ચાહી. જેથી ફર્માવ્યું, مَنْ كُنْتُ قلبه فَعَلِيٌّ وَلِيُّهُ અને અમુક રિવાયતોમાં છે :–

مَنْ كُنْتُ مَوْلَاهُ فَعَلِيٌّ مَوْلَاهُ اَللّٰهُمَّ وَالِ مَنْ وَالَاهُ وَ عَادِ مَنْ عَادَاهُ

અને એનાથી મુરાદ ઈસ્લામી દોસ્તી અને આપ صلی اللہ علیہ وسلمની મહોબ્બત છે. મુસલમાનો પર લાઝિમ છે કે તેઓ એક બીજા સાથે મહોબ્બત કરે અને એકબીજા સાથે અદાવત ન રાખે. આ હદીષ આ અર્થમાં છે. જેમ કે હઝરત અલી رضی اللہ عنہથી સાબિત છે કે આપે ફર્માવ્યું, ક઼સમ છે અલ્લાહની ! મને નબીયે ઉમ્મી صلی اللہ علیہ وسلمએ વાયદો કર્યો છે કે, મારી સાથે મોમિન સિવાય

કોઈ મહોબ્બત ન કરશે અને મુનાફિક સિવાય કોઈ અદાવત ન રાખશે. *(અલ એ'તેકાદ લિલ બયહકી, પેજ–૩૫૪)*

આ હતા ઈમામ શાફઈ عَلَيۡهِ الرَّحۡمَةُ وَالرِّضۡوَانُ જેમના અધૂરા શેઅર પઢી પઢીને મોડર્ન રાફઝી અવામને બેવકૂફ બનાવી રહ્યા છે. પૂરી હદીષ જુઓ, ઈમામ શાફઈ رضی اللہ عنہની શખ્સિયત જુઓ અને પછી તેમની સપષ્ટતા જુઓ.

હઝરત ખ્વાજા ગુલામ ફરીદ رحمۃ اللہ علیہ કોટ મઠનવાળાએ ત્રણ પેજો ભરીને આ હદીષની જબરદસ્ત સ્પષ્ટતા સ્પષ્ટતા કરી છે. ફર્માવે છે કે અહીં ''મૌલા''નો અર્થ સૈયદ, સરદાર, હાકિમ અને ઈમામતને પાત્ર નહીં બલ્કે મતલબ નાસિર તથા મહબૂબ છે. *(મકાબિસુલ સજાલિસ, પેજ–૯૨૦)*

શયખુલ ઈસ્લામ હઝરત ખ્વાજા મુહમ્મદ કમરુદીન સિયાલવી قُدِّسَ سِرُّهُ الْعَزِيْز ફર્માવે છે : ''એ જ પ્રમાણે આ પણ ધોકાબાજી છે કે હઝરત અલી رضی اللہ عنہની ખિલાફત બિલા ફસ્લની દલીલમાં ખુમે ગદીરની રિવાયત પેશ કરવામાં આવે છે કે હુઝૂરે અકદસ صلی اللہ علیہ وسلمએ હઝરત અલી رضی اللہ عنہના વિશે ફર્માવ્યું કે مَنْ كُنْتُ مَوْلَاهُ فَعَلِيٌّ مَّوْلَاهُ (એટલે જેમનો હું દોસ્ત છું અલી પણ તેમના દોસ્ત છે.) જાહેર છે કે કુર્આને કરીમમાં ''મૌલા'' દોસ્તના અર્થમાં છે. જુઓ આયતે કરીમા :

فَاِنَّ اللّٰهَ هُوَ مَوْلٰىهُ وَ جِبْرِيْلُ وَ صَالِحُ الْمُؤْمِنِيْنَ (બેશક ! અલ્લાહ એમનો મદદગાર છે અને જિબ્રઈલ અને નેક ઈમાનવાળાઓ. સૂ. તહરીમ, ૬૬/૪) એટલે કે અલ્લાહના મહબૂબનો દોસ્ત અલ્લાહ عزوجل તથા જિબ્રઈલ, અને નેક બંદાઓ છે. *(મઝહબે શીઆ, પેજ–૯૦,૯૧)*

પેલી બાજુ :

وَ الْمُؤْمِنُوْنَ وَ الْمُؤْمِنٰتُ بَعْضُهُمْ اَوْلِيَآءُ بَعْضٍ ની નસ (દલીલ) કુર્આનમાં મૌજૂદ છે. એટલે સર્વ મોમિન મર્દ તથા મોમિન ઔરતો એક બીજાનાં મૌલા છે. *(સૂ. તૌબા, ૯/૭૧)*

અને કુર્આનમાં છે : ''અને ઈમાનવાળાઓ કે નમાઝ કાયમ કરે છે અને ઝકાત આપે છે અને અલ્લાહની હુઝૂર ઝુકેલા છે.'' (સૂ. માઈદા, ૫/૫૫)ની તફસીરમાં ઈમામ બાકિર رضی اللہ عنہનું ફર્માન મૌલા અલી رضی اللہ عنہના બારામાં મૌજૂદ છે કે عَلِيٌّ مِنَ الَّذِيْنَ اٰمَنُوْا એટલે કે મૌલા અલી પણ મોમિનમાં સામેલ છે. *(તફસીરે ઈબ્ને જરીર, ૧૪ મી જિલ્દ, ભાગ–૬, પેજ–૩૫૬, બગ્વી, ૨/૪૭, ઈબ્ને કષીર, ૨/૧૦૨)*

હદીષે પાકમાં સર્વ સહાબાએ કિરામના બારામાં મહબૂબે કરીમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું : ''જેણે એમની સાથે મહોબ્બત રાખી, તો તેમને મારી મહોબ્બતના કારણે તેમને મહબૂબ જાણ્યા. અને જેણે તેમનાથી અદાવત રાખી તો મારી અદાવતના કારણે તેમનાથી અદાવત રાખી.''

ખુદ એ જ હદીષમાં اَللّٰهُمَّ وَالِ مَنْ وَّالَاهُ وَعَادِ مَنْ عَادَاهُ થી વિલાયતનો ભાવાર્થ નિશ્ચિત થઈ રહ્યો છે. એટલે હે અલ્લાહ ! જે અલીને મૌલા બનાવે તું તેને તારો મૌલા બનાવ. અને જે એનાથી દુશ્મની રાખે તું તેને તારો દુશ્મન બનાવ. અહીં ''મૌલા'' શબ્દ દુશ્મનના વિરૂધ્ધાર્થી તરીકે ઉપયોગમાં લેવાયો છે જેનાથી સાફ જાહેર છે કે અહીં ''મૌલા'' એ મહબૂબ તથા દોસ્તના અર્થમાં છે ન કે મૌલા એ આકા (માલિક)ના અર્થમાં છે.

અલ્લામા મુહિબ્બુલ્લાહ તબરી علیہ الرحمہ લખે છે : ''મૌલા'' નો અર્થ દોસ્ત થાય છે જે દુશ્મનનો વિરૂધ્ધાર્થી છે. *(અર્રિયાઝુન્નઝર, ૧/૨૨૭)*

બલ્કે એનાથી પણ વધીને વિવિધ રિવાયતોમાં છે કે : اَللّٰهُمَّ أَحِبَّ مَنْ أَحَبَّهُ وَأَبْغِضْ مَنْ اَبْغَضَهُ એટલે ''હે અલ્લાહ ! જે અલી સાથે મહોબ્બત રાખે તું એની સાથે મહોબ્બત રાખ, અને જે એની સાથે અદાવત રાખે તું તેનાથી અદાવત રાખ.'' અને અમુક

રિવાયતોમાં છે કે : وَانْصُرْ مَنْ نَصَرَہ એટલે "જે એમની મદદ કરે તું એમની મદદ કર." આ પ્રકારના શબ્દોમાં તફસીરનો અંત કરી દેવામાં આવ્યો છે અને "મૌલા"નો અર્થ આકા (માલિક) લેવામાં આવે તો હુઝૂરે કરીમ ﷺ તો અંબિયા علیہم السلام ના પણ આકા છે, તો શું સૈયદના અલી رضی اللہ عنہ સર્વ નબીઓના પણ આકા થશે ?! બતાવો ?! તમારા અકીદાથી ડગલે ને પગલે કટ્ટર રાફઝિયત લાઝિમ ઠરે છે કે નહીં ?!

હદીષે પાકમાં છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું : (અર્થ) : હે અલ્લાહ ! તારા આ બંદા અબૂ હુરૈરહ અને તેની માને સર્વ મોમિનોના મહબૂબ બનાવી દે." હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવે છે : (અર્થ) કોઈ એવો મોમિન પેદા નહીં થાય જે મારા બારામાં સાંભળે અને મારી સાથે મહોબ્બત ન કરે, ભલે તેણે મને જોયો ન હોય. *(મુસ્લિમ, હદીષ-૬૩૯૬)*

હબીબે કરીમ ﷺએ હઝરત ઝયદ رضی اللہ عنہ ને ફર્માવ્યું : (અર્થ) "તમે અમારા ભાઈ છો અને અમારા મૌલા છો." *(બુખારી, હદીષ-૨૬૯૯)*

બીજુ એ કે, મૌલા અલી મુશ્કિલ કુશા کرم اللہ وجہہ الکریم ની બાતિની વિલાયત અને તેની રિફઅતો (બુલંદીઓ)માં કોઈ શક નથી, પણ ત્રણેવ ખલીફાઓમાં (અબૂ બક્ર, ઉમર, ઉષ્માન رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْن માં) બાતિની વિલાયત મૌલા અલી رضی اللہ عنہ ની સરખામણીમાં ઉચ્ચતર છે. અને એમાં તેમની યકતાઈ (અજોડતા) શંકા કુશંકાથી પર છે.

નબી કરીમ ﷺએ ફર્માવ્યું : જો હું કોઈને એકાંતનો દોસ્ત બનાવતો તો તે અબૂબક્રને બનાવતો. એમાં સિદ્દીકે અકબર رضی اللہ عنہ જ એકલા છે. સિદ્દીકે અકબર رضی اللہ عنہ ની આ યકતાઈ (અનોખાપણુ, અજોડપણુ) કેમ નજર ન આવી ?!

સિદ્દીક્નો લક્બ આસ્માનોથી અતા કરવામાં આવવામાં સિદ્દીક જ એકલા છે. અને સિદ્દીકિયત બાતિની વિલાયતનો આ'લા તરીન મર્તબો છે. સિદ્દીક્ની આ અજોડતા તમને કેમ ન દેખાયી ?!

કુર્આન ફર્માવે છે : ثَانِیَ اثْنَیْنِ اِذْ ھُمَا فِی الْغَارِ (કેવળ બે જાનથી જ્યારે તે બંનેવ ગુફામાં હતા. સૂ. તૌબા, ૯/૪૦)માં સિદ્દીકે અકબર رضی اللہ عنہ જ એકલા છે. જ્યારે કુર્આને જ સિદ્દીક્ને નબીના ષાની કહી દીધા, તો સિદ્દીક્ની અજોડતા આપને કેમ ન દેખાયી ? اِذْ یَقُوْلُ لِصَاحِبِہٖ માં પણ સિદ્દીકે અકબર જ અજોડ છે. અને આ લક્બ કુર્આને કરીમે કોઈ અન્ય સહાબીને નથી આપ્યો. સિદ્દીક્ની યકતાઈ (અજોડપણુ) તમને કેમ નજર ન આવી ?

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, "અબૂબક્ર કરતાં બેહતર શખ્સ સૂર્યએ નથી જોયો." એમાં સિદ્દીકે અકબર رضی اللہ عنہ જ અજોડ છે. અને સિદ્દીક્નું આ અજોડપણુ આપને કેમ ન દેખાયું ?

નબી કરીમ ﷺએ ખુદ તેમને ઈમામતના મુસલ્લા પર ઉભા કર્યા. અને કોઈ બીજાની તજવીઝ આપવામાં આવી તો આપ ﷺએ ના ! ના ! ના ! ફર્માવીને ઈન્કાર કરી આપ્યો. (અબૂ દાઊદ, હદીષ-૪૬૮૧) અને یَاْبَی اللّٰہُ وَالْمُؤْمِنُوْنَ اِلَّا اَبَابَکْرٍ ની સ્પટતા કરી આપી, એટલે અબૂબક્ર સિવાય કોઈને ઈમામ માનવાથી અલ્લાહ અને તેના ફરિશ્તાઓ ઈન્કાર કરી રહ્યા છે. (મુસ્લિમ, હ-૬૧૮૧) એમાં સિદ્દીકે અકબર رضی اللہ عنہ જ અજોડ છે સિદ્દીક્ની આ અજોડતા તમને કેમ ન દેખાયી ?

اَرْحَمُ اُمَّتِیْ بِاُمَّتِیْ اَبُوْبَکْر એટલે "મારી ઉમ્મતમાં મારી ઉમ્મત પર સૌથી વધુ રહમ કરનાર અબૂ બક્ર છે. " એમાં મહબૂબે કરીમ ﷺની રહમતુલ્ લિલ્આલમીની છબી પોતાની સંપૂર્ણ ચમક દમક સાથે તરી આવે છે. એમાં સિદ્દીકે અકબર رضی اللہ عنہ જ અજોડ અને એકલા છે. સિદ્દીકે અકબર رضی اللہ عنہ ની આ અજોડતા તમને કેમ ન દેખાયી ?! -*(ક્રમશઃ)*

# ગૈર મુસ્લિમોની સાથે સંબંધ અને ઈસ્લામ

કાર્યાલય

*પૂરી દુનિયામાં ફેલાયેલા ઈસ્લામો ફોબિયા જેવા ફિત્નાનો મુક઼ાબલો કરવા ચાહો છો તો પોતાની કાર્ય પધ્ધતિ બદલી નાખો, એ જ સમયની માગ છે અને એ જ ઈસ્લામનો હુકમ પણ છે, નહીં તો સંજોગો આનાથી પણ અધિક ખતરનાક થવાના છે. મુસલમાન સાચા મુસલમાનની છબી જાહેર કરે.*

કુર્આન મજીદમાં અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે : قُلْ يٰٓاَيُّهَا النَّاسُ اِنِّيْ رَسُوْلُ اللّٰهِ اِلَيْكُمْ جَمِيْعَا "તમે ફર્માવી દો ! **હે લોકો !** હું તમારા સૌની તરફ એ અલ્લાહનો રસૂલ (બનીને આવ્યો) છું. *(સૂ. અઅરાફ, ૭/૧૫૮)*

જે દીનનું સંબોધન દુનિયા સર્વ માનવો અને તેમના સર્વ વર્ગોથી હોય, જે એ હૈસિયતથી સામે આવે કે એ સર્વ આલમની ભલાઈ તથા નજાતનો પ્રતિનિધિ બનીને આવ્યો હોય તે કોઈ વર્ગથી નફરત તથા અદાવતનો સબક઼ નથી આપી શકતો. બીજી સ્થિતિમાં તેનું સંબોધન સીમિત થઈને રહી જશે. જે માન્યતાઓ તથા વિચારો માનવોને વર્ગોમાં વહેંચી નાખે અને તેમનામાં સંઘર્ષ પેદા કરે છે તે અસલમાં એકબીજાના શોષણમાં ઉત્તેજન આપે છે, એમનું સંબોધન સામાન્યપણે નથી હોતુ બલ્કે તે એક વર્ગના માટે સ્વીકાર્ય હોય છે અને બીજા વર્ગના માટે અસ્વીકાર્ય હોય છે.

ઈસ્લામે પોતાના અક઼ીદા અને વિચારને આમ (સામાન્ય) કરવા માટે જબરદસ્તી તથા બળપૂર્વકના સર્વ તરીક઼ાઓને રદ કર્યા છે, કેવળ દાવત તથા તબ્લીગ (પ્રચાર)નો માર્ગ ખુલ્લો રાખ્યો છે. તે પોતાની વાતને દલીલો સાથે રજૂ કરે છે અને તેને કબૂલ કરવાની કે રદ કરવાની પૂરી આઝાદી આપે છે. તેણે સબ્ર તથા અડગતા સાથે પોતાનો પયગામ અન્ય લોકો સુધી પહોંચાડવાનો અને વિરોધ તથા પ્રતિકાર (રોક ટોક)નો સામનો નિશ્ચય તથા હોંસલા અને હિંમત સહનશીલતા સાથે કરવાનો હુકમ આપ્યો છે. ઈસ્લામે સંબંધોમાં સચ્ચાઈ, નમ્રતા, આજીજી, સહન શક્તિ, સંયમ તથા દરગુઝર, બુરાઈનો બદલો અચ્છાઈ સાથે આપવા પ્રોત્સાહિત કરેલ છે અને દરેક સંજોગોમાં ઈન્સાફ પર કાયમ કહેવાની તાકીદ કરી છે. સામાજિક સંબંધોના વિશે ઈસ્લામની આ હિદાયતો કેવળ એક મુસલમાનના બીજા મુસલમાન સાથે સંબંધો રાખવા પૂરતી નથી આવી બલ્કે મુસ્લિમ, ગૈર મુસ્લિમ દરેક વચ્ચેના સંબંધમાં આ બાબતોને લક્ષમાં રાખવાનો હુકમ છે.

## ★ ગૈર મુસ્લિમો સાથે સંબંધના ઈસ્લામી નિયમો ★

ઈસ્લામ તેને માનનારાઓને ગૈર મુસ્લિમો સાથે વહેવારોમાં સહિષ્ણુતા, ઉદારતાભર્યું વર્તન અપનાવવાનો હુકમ આપે છે. ઈસ્લામનું દષ્ટિ બિંદુ છે કે દરેક માણસ એક માણસની હૈસિયતથી સન્માનને પાત્ર છે, ચાહે તેનો સંબંધ કોઈ પણ દીન, કોઈ પણ રંગ કે વંશથી હોય. ઈસ્લામના દષ્ટિ બિંદુ હેઠળ દુનિયા માણસના માટે પરીક્ષાખંડ છે. અલ્લાહ તઆલાએ દરેક ઈન્સાનને ખુદાનો પયગામ કબૂલ કરવાનો કે રદ કરવાનો અખત્યાર આપીને દુનિયામાં મોકલેલ છે. અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે : اِنَّا هَدَيْنٰهُ السَّبِيْلَ اِمَّا شَاكِرًا وَّاِمَّا كَفُوْرًا ''બેશક ! અમે તેને (ઈન્સાનને હક્ક઼ તથા બાતિલ (ખરા ખોટા)માં તફાવત કરવાની સમજ તથા દષ્ટિ આપી)

રાહ પણ બતાવી, ચાહે તો તે શુક્રગુઝાર બની જાય કે નાશુક્રગુઝાર રહે." *(સૂ. દહર, ૭૬/૩)*

કોઈ માણસના મુસલમાન કે ગૈર મુસ્લિમ હોવામાં અલ્લાહની હિકમત છે. અલ્લાહ ચાહત તો સૌને મુસલમાન બનાવી આપત, પરંતું અલ્લાહની રઝા અને હિકમત એ છે કે દુનિયામાં દરેક શખ્સને પોતાની પસંદનો મઝહબ અપનાવવાનો હક્ક઼ છે. અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે :–

وَ لَوْ شَآءَ رَبُّكَ لَجَعَلَ النَّاسَ اُمَّةً وَّاحِدَةً وَّ لَا يَزَالُوْنَ مُخْتَلِفِيْنَ ﴿۱۱۸﴾

"અને જો આપનો રબ ચાહત તો સર્વ લોકોને એક જ ઉમ્મત બનાવી આપત (પણ તેણે જબરદસ્તીથી એવું નથી કર્યું બલ્કે સૌને મઝહબ અપનાવવામાં આઝાદી આપી) અને (હવે) એ લોકો હમેશાં મતભેદ કરતા રહેશે. સૂ. હુદ, ૧૧/૧૧૮)

કેમ કે દરેક શખ્સનું મુસ્લિમ કે ગૈર મુસ્લિમ હોવું અલ્લાહની હિકમતથી છે એટલા માટે ઈસ્લામ કોઈને એ વાતની ઈજાઝત નથી આપતો કે કોઈ વ્યક્તિને જબરદસ્તી મુસલમાન બનાવવામાં આવે. અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે :

وَ لَوْ شَآءَ رَبُّكَ لَاٰمَنَ مَنْ فِي الْاَرْضِ كُلُّهُمْ جَمِيْعًا ؕ اَفَاَنْتَ تُكْرِهُ النَّاسَ حَتّٰى يَكُوْنُوْا مُؤْمِنِيْنَ ﴿۹۹﴾

અને જો આપનો રબ ચાહત તો જરૂર તમામે તમામ લોકો જેઓ જમીનમાં આબાદ છે ઈમાન લઈ આવતા. (જ્યારે રબે તેમને જબરદસ્તી મોમિન ન બનાવ્યા) તો શું આપ લોકો પર જબરદસ્તી કરશો ત્યાં સુધી કે તેઓ મોમિન થઈ જાય ?"

*(સૂ. યૂનુસ, ૧૦/૯૯)*

ઈસ્લામે સર્વ માનવોને અદ્‌લો ઈન્સાફ અને અખ્લાક઼ે હમીદાનો હુકમ આપ્યો છે. ઈસ્લામ પોતાને માનવાવાળાઓને કોઈ પણ હાલતમાં બદ અખ્લાકી અને જુલ્મ જબરદસ્તીની તાલીમ નથી આપતો, ભલે મામલો મુસ્લિમની સાથે હોય કે ગૈર મુસ્લિમની સાથે હોય. ઈસ્લામમાં જુલ્મ તથા સખ્તી અને હક્ક઼ છીનવી લેવાને સખત નાપસંદ કરવામાં આવેલ છે. એના બારામાં નબી કરીમ ﷺનો ઈર્શાદ વિચારવાને પાત્ર છે : "મઝલૂમ (જુલ્મ પીડિત) ચાહે કાફિર પણ હોય તેના પોકારની વચ્ચે કોઈ પર્દો આડ નથી. (એનો પોકાર તરત જ ખુદા સુધી પહોંચે છે.)" *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૫/૪૧૧, હદીષ–૨૩૫૩૬)*

## ★ ગૈર મુસ્લિમો સાથે સંબંધોના પ્રકારો ★

ગૈર મુસ્લિમો સાથે સામાજિક સંબંધોના વિષયને ચર્ચા હેઠળ લાવતાં ફુકહાએ કિરામે સંબંધોના ત્રણ પ્રકારો વર્ણવ્યા છે :

**૧. મુવાલાત** : એનાથી મુરાદ ક઼લ્બી તથા દિલી મહોબ્બત છે. એ કેવળ સમ અક઼ીદા એટલે મુસલમાનો સાથે જાઈઝ છે. કાફિરો, મુશ્રિકો સાથે રાઝદારાના સંબંધ, દિલી મહોબ્બત, તેમનો હક઼ીક઼ી એહતેરામ કે જેનાથી કુફ્રનો એહતેરામ લાઝિમ આવે એ જાઈઝ નથી. કુર્આન મજીદની એવી આયતો અને હુઝૂરે પાક ﷺની એવી હદીષો જેમાં કુફ્ર તથા શિર્ક અપનાવનારાઓ સાથે કોઈ પ્રકારની દોસ્તી રાખવા અને તેમની સાથે કોઈ સમઝોતો કરવાથી આવેલ છે, એનાથી મુરાદ મવાલાત છે.

**૨. મુવાસાત** : એનો અર્થ હમદર્દી, ભલુ ઈચ્છવું, અને લાભ પહોંચાડવું છે. એવા ગૈર મુસ્લિમ જેઓ જાહેરી રીતે મુસલમાનો સાથે જંગ નથી કરવા માગતા તેઓ હમદર્દી તથા ખૈરખ્વાહીના મુસ્તહિક઼ છે. એવા લોકો સાથે સદવર્તાવ, હમદર્દી તથા સહાનુભૂતિમાં કોઈ વાંધો નથી, બલ્કે એનાથી ફાયદો એ થશે કે તેઓ ઈસ્લામથી નજીક થશે, મુસલમાનોના સદવર્તાવથી પ્રભાવિત થશે અને આપસનું અંતર ઓછુ થશે.

**૩. મુદારાત :** એનાથી મુરાદ ખુશ ખુલ્કી (સારો વહેવાર) અને અદબ તથા માન રાખવું છે. એ સર્વ ગૈર મુસ્લિમો સાથે જાઈઝ છે. ખાસ કરીને જ્યારે એનો હેતુ દીની લાભ પહોંચાડવું, ઈસ્લામની દાવત, ઈસ્લામી અખ્લાક઼ તથા વર્તાવ રજૂ કરવાનો હોય અથવા તે મહેમાન થાય અને મહેમાનોનો એહતેરામ સમ્માન દરેક રીતે લાઝિમ છે અથવા તેમની બુરાઈ અથવા નુકસાનથી હિફાઝતનો હેતુ હોય.

કુર્આન મજીદની વિવિધ આયતો નબવી હદીષો, હુઝૂર ﷺના તથા સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْنَના અમલોથી માલૂમ પડે છે કે માણસ ભલે ગૈર મુસ્લિમ જ કેમ ન હોય તેને પાયાના ઈન્સાની હક્કો હાંસલ છે. તેને ઝિંદા રહેવા, આર્થિક કમાણી માટે મહેનત કોશિશ કરવાનો, પોતાનો માલ તથા સંપત્તિ રાખવાનો અને એમાં હેરફેર કરવાનો અને ઈજ્જત આબરૂ સાથે જિંદગી પસાર કરવાનો હક્ક઼ સૌથી તરી આવતો છે. ઈસ્લામ તેમની જાન, માલ અને ઈજ્જત તથા આબરૂની હિફાઝતની તાલીમ આપે છે અને એવું ચાહે છે કે ઈન્સાનિયતના એતબારથી તેમના હક્ક઼ોની સંપૂર્ણ કાળજી લેવામાં આવે છે.

## ★ નબી ﷺનું જીવન ચરિત્ર અને ગૈર મુસ્લિમો સાથે સંબંધોની પધ્ધતિ ★

ઈસ્લામ ધર્મ ગૈર મુસ્લિમો સાથે સહિષ્ણુતા, સદવર્તાવ, મધૂવાણી અને અન્ય અખ્લાકનો ન કેવળ હુકમ આપે છે બલ્કે સદવર્તનને મુસ્તહબ અને સવાબનો સબબ ગણે છે. નબી ﷺના જીવન ચરિત્રમાં તાઈફનો સફર, ગઝવાત અને ફતહે મક્કા સહિત વિવિધ મોક઼ાઓ એવા છે જ્યાં ઉદાર દિલી તથા સદવર્તાવના એવા અગણિત બનાવો મળે છે કે ઈતિહાસ એનાં દષ્ટાંત રજૂ કરવાથી આજિઝ છે. એ બનાવો પર આશ્ચર્ય એટલા માટે પણ છે કે આ ઉદારદિલી એ સંજોગોમાં હતી જ્યારે કે આપ એ કાફિરો સાથે જંગની સ્થિતિમાં હતા અને દરેક વખતે એમના તરફથી નુકસાન પહોંચાડવાનો ખતરો રહેતો હતો. એવા સમયે લોકો જઝબાતમાં હુસ્ને સુલૂક (સદવર્તાવ) તથા જાહેરી સદ વહેવારથી સામાન્યપણે જોડાયેલા નથી રહી શકતા, બલ્કે એવા સંજોગોમાં ઈન્સાનિયતનો એહતેરામ પણ ખત્મ થઈ જાય છે. આ ઈસ્લામની તાલીમ છે કે ઉદાર દિલી તથા સદવર્તાવ દરેક સંજોગોમાં લક્ષમાં રહેવાં જોઈએ, એનાથી આંખ આડા કાન કરવા એ મુસલમાનોનો ગુણ નથી હોય શકતો. *(કિતાબુલ અમ્વાલ, અબૂ ઓબૈદ ક઼ાસિમ બિન સલામ, દારુલ ફિક્ર, બૈરૂત, પેજ-૫૭)*

ગૈર મુસ્લિમો સાથે સંબંધોની નીતિ રીતિ કઈ રીતની હોવી જોઈએ ? નીચેના લખાણમાં એનું સંક્ષિપ્ત વિવરણ પેશ કરવામાં આવે છે :

## ★ (૧) ગૈર મુસ્લિમ પડોશીઓ સાથે સદવર્તાવ ★

ઈસ્લામ પોતાના અનુયાયીઓને ઉચ્ચ સંસ્કાર અને ઉચ્ચ હોસલાની તાલીમ આપે છે. ઈસ્લામી શરીઅત એ નથી ચાહતી કે બદઅખ્લાકી અને નામુનાસિબ ઝબાન વાપરવામાં આવે અથવા કોઈ પણ મામલામાં સંકૂચિત માનસિકતાથી વર્તવામાં આવે. જેમ કે ઈસ્લામે મુસલમાનોને આપસ સદવર્તાવની જે તાલીમ અને હિદાયતો આપી છે તેનો ડાયરેક્ટ પાત્ર તો મુસલમાન છે, તેમ છતાં ગૈર મુસ્લિમ વ્યક્તિઓ પણ એમાં સામેલ છે. જેવી રીતે ઈસ્લામમાં પડોશીઓનું ઘણુ મહત્વ દર્શાવવામાં આવ્યું છે, તેમની સાથે સારા વ્યવહારની તાલીમ આપી છે અને તેમને પોતાની બુરાઈથી સુરક્ષિત રાખવાની હિદાયત કરવામાં આવી છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું, ''જે શખ્સ અલ્લાહ અને આખેરત પર ઈમાન ધરાવે છે તેણે પોતાના પડોશીને તકલીફ ન પહોંચાડવી જોઈએ.''

*(બુખારી, ૫/૨૨૪૦, હદીષ-૫૬૭૦)*

પડોશીઓના વિશે આ પ્રકારના જે પણ હુકમો છે એમાં મુસ્લિમ ગૈર મુસ્લિમ બંનેવ સામેલ છે, એટલે કે જેવી રીતે મુસલમાન પડોશીને તકલીફથી મેહફૂઝ રાખવામાં આવશે અને તેને ખુશી તથા રાહતમાં સામેલ કરવામાં આવશે એવી જ રીતે ગેર મુસ્લિમ પડોશીનો પણ હક્ક઼ છે કે તેને અમ્ન પૂરો પાડવામાં આવે અને સદ વર્તાવનો વહેવાર કરવામાં આવે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ એકવાર એક બકરી ઝબહ કરાવી અને ગુલામને હિદાયત કરી કે તે સૌ પ્રથમ પડોશીને ગોશ્ત પહોંચાડે. એક શખ્સે કહ્યું, હુઝૂર ! એ તો યહૂદી છે ! આપે ફર્માવ્યું, યહૂદી છે તો શું થયું ? આમ કહીને હુઝૂર صلی اللہ علیہ وسلم નો હવાલો આપ્યો કે આપ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે જિબ્રઈલે મને પડોશીઓના હક્ક઼માં એટલા પ્રમાણમાં અને સતત વસિયત કરી કે મને ખયાલ થયા લાવ્યો કે તે પડોશીઓને વારસામાં ભાગીદાર બનાવી દેશે ! *(બુખારી, ૫/૨૨૩૯, હદીષ–૫૬૬૮)*

અલ્લામા કુર્તબી લખે છે : "પડોશીની સાથે સદવર્તાવનો હુકમ સરાહનીય તથા પસંદીદા છે." (અલ જામિઉલ અહકામિલ કુર્આન, ૫/૪૮૧) તે આગળલખે છે : "ઉલમાએ કહ્યું છે કે પડોશીની ઈજ્જત તથા એહતેરામમાં જે હદીષો આવી છે તે મુત્લક઼ (બિન શર્તી) છે, એમાં કોઈ શર્ત નથી, કાફિરની પણ શર્ત નથી." (અલ જામિઉલ અહકામિલ કુર્બાન, ૫/૮૮૧) સર્વ પડોશી સાથે સદવર્તાવ જરૂરી છે.

## ★ (૨) ગૈર મુસ્લિમો સાથે તોહફાઓની અદલા બદલી ★

સામાજિક જિંદગીમાં તોહફાઓ તથા ભેટોની લેણદેણનું ઘણુ મહત્વ છે. એનાથી મહોબ્બત, દોસ્તી વધે છે, આપસમાં અંતર ઘટે છે અને દિલોએથી તકલીફ તથા રંજની અસરો દૂર થાય છે. એ રાઝને વર્ણવતાં હુઝૂર રિસાલત મઆબ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું : "તોહફાઓની આપ લે કરો મહોબ્બતમાં વધારો થશે." *(અસ્સુનનિલ કુબ્રા, ૬/૧૬૯)*

આ હુકમ પણ સર્વ સામાન્ય છે, એમાંથી ગૈર મુસ્લિમ બહાર નથી, બલ્કે એમની સાથે પણ ભેટોની આપ લે કરવામાં આવે. હદીષોમાં ગૈર મુસ્લિમોને તોહફા આપવાની અને તેમની ભેટો સ્વીકારવાની સાબિતી મૌજૂદ છે. હઝરત અલી رضی اللہ عنہ ફર્માવે છે : "કિસ્રા (ઈરાનના રાજા)એ હુઝૂર صلی اللہ علیہ وسلم ને હદિયો પેશ કર્યો તો આપે કબૂલ કર્યો. અન્ય બાદશાહોએ પણ આપને હદિયા આપ્યા તેને આપે ક઼બૂલ કર્યા." *(તિર્મિઝી, ૫/૨૪૬)*

## ★ (૩) ગૈર મુસ્લિમોની દાવત ક઼બૂલ કરવી ★

સમાજમાં ખુશગવાર જિંદગી પસાર કરવા માટે મહેમાનોની આવજા અને જમવાની દાવત કબૂલ કરવાનું પણ ખૂબ જ મહત્વ છે. એક મુસલમાન બીજા મુસલમાનને દાવત આપે તો તેને કબૂલ કરવું પસંદીદા છે. એ જ પ્રમાણે ગેર મુસ્લિમ સાથે પણ જાઈઝ હેતુઓ માટે ખાવુ પીવું મુબાહ છે. જરૂરતના સમયે તેને દાવત આપી શકાય છે અને તેની દાવત સ્વીકારી શકાય છે. હુઝૂર صلی اللہ علیہ وسلم એ ગૈર મુસ્લિમોની દાવત કબૂલ કરી છે, ગઝવએ ખૈબરના મોક઼ા પર એક યહૂદી સ્ત્રીએ આપની દાવત કરી જેને આપે કબૂલ કરી.

## ★ (૪) ગૈર મુસ્લિમની બીમારપુર્સી કરવી ★

જો કોઈ શખ્સ બીમાર થઈ જાય તો તેની ખબર પૂછવાની અને ખબર લેવા જવાની તાલીમ આપવામાં આવી છે. એનાથી હમદર્દીનું પ્રદર્શન તથા બીમાર સાથે મેળ મિલાપ થાય છે, તેના ઘણા ફઝાઈલ વર્ણન પામ્યા છે. મુસલમાનોની સાથોસાથ ગૈર મુસ્લિમની બીમારીમાં ખબર લેવાનો પણ એ જ હુકમ છે. હઝરત

અનસ رضی اللہ عنہની રિવાયત છે કે એક યહૂદી છોકરો સરકાર ﷺની ખિદમત કર્યા કરતો હતો. તે બીમાર પડયો તો આપ તેની ખબર લેવા માટે તશરીફ લઈ ગયા. એ જ પ્રમાણે આપ બનૂ નજજારના એક શખ્સની ખબર લેવા માટે તશરીફ લઈ ગયા જે ગૈર મસ્લિમ હતો. *(મુસ્નદે અહમદ, ૩/૧૫૨)*

આ જ રિવાયતોની રોશનીમાં હિદાયાના કર્તા લખે છે : ''યહૂદી તથા નસરાનીની અયાદત (બીમારપુર્સી)માં કોઈ વાંધો નથી. એટલા માટે કે એ એમના હક્કમાં એક પ્રકારની ભલાઈ અને હુસ્ને સુલૂક (સદ્‌વર્તાવ) છે. એનાથી આપણને મના નથી કરવામાં આવ્યું. *(અલ હિદાયા, ૪/૨૭૪)*

## ★ (૫) ગૈર મુસ્લિમની આર્થિક મદદ ★

જરૂરતમંદો અને મોહતાજો પર ખર્ચ કરવો અને તેમની જરૂરત પૂરી કરવી ઘણા જ અજરો સવાબનો સબબ છે, એમાં દીન તથા મઝહબનો ભેદભાવ નથી રાખવામાં આવ્યો. મોહતાજ શખ્સ મુસલમાન હોય કે ગૈર મુસ્લિમ, મુશ્રિક હોય કે કિતાબી, સગો સંબંધી હોય કે સગો સંબંધી ન હોય, દરેક પર ખર્ચ કરવાની ભાવના નેક અને સવાબનો સબબ છે. એક પ્રસંગે હુઝૂર ﷺએ ફર્માવ્યું : ''તમામ મઝહબવાળાઓ પર સદકા ખૈરાત કરો.'' *(મુસન્નફે ઈબ્ને અબી શયબા, ૩/૩૫૯)*

આમાં ઈન્સાનિયતનો એહતેરામ (સમ્માન) છે, એટલા માટે કે ભૂખ તથા તરસ દરેકને લાગે છે. ગૈર મુસ્લિમ પણ અલ્લાહના બંદાઓ તથા મખ્લૂક છે તેમની સાથે હમદર્દી કરવી જોઈએ, માનવની હૈસિયતથી તે પણ સદવર્તાવ તથા રહમ દિલીને પાત્ર છે.

## ★ (૬) ગૈર મુસ્લિમ કેદી સાથે સદવર્તાવ ★

કેદીઓની સાથે જુલ્મો સિતમનો રિવાજ છે કેમ કે તેઓ કમજોર તથા લાચાર બનીને તાબામાં આવે છે એટલા માટે એમની સાથે અયોગ્ય વર્તન કરવામાં આવે છે. ઈસ્લામે એને સખ્તીપૂર્વક મના કર્યું છે. કુર્આને મજીદમાં મિસ્કીનો, તથા યતીમોની સાથોસાથ કેદીઓ સાથે પણ સારો વર્તાવ કરવાની હિદાયત આપવામાં આવી છે : وَيُطْعِمُوْنَ الطَّعَامَ عَلٰى حُبِّهٖ مِسْكِيْنًا وَّيَتِيْمًا وَّاَسِيْرًا ۝ અને ખાવા ખવડાવે છે તેની મહોબ્બત પર મિસ્કીન તથા યતીમ તથા કેદીને. તેમને કહે છે, અમે તમને ખાસ અલ્લાહના ખાતર ખાણુ આપીએ છીએ, તમારાથી કોઈ બદલો કે શુક્ર ગુઝારી નથી માગતા.

*(સૂ. દહર, ૭૬/૮,૯)*

નબવી યુગમાં કેદી કેવળ ગૈર મુસ્લિમ રહ્યા કરતા હતા, એટલા માટે એનાથી જાણવા મળે છે કે કેદી ચાહે ગૈર મુસ્લિમ હોય તેની સાથે સદવર્તાવ કરવામાં આવશે.

સહાબાએ કિરામે પોતાના કેદીઓની સાથે જે સદવર્તાવ કર્યો તેનું દૃષ્ટાંત ઈતિહાસ નથી રજૂ કરી શકતો. જંગે બદરમાં જ્યારે સિત્તેર કેદી પકડાયા અને હુઝૂર ﷺએ વિવિધ સહાબાએ કિરામ દરમિયાન તેમની દેખભાળ માટે વહેંચી આપ્યા અને બેહતર વર્તાવની હિદાયત કરી તો સહાબાએ કિરામે એમની સાથે આશ્ચર્યજનક વહેવાર કર્યા. ખુદ ભૂખ્યા રહ્યા અથવા લુખુ સૂકુ ખાધુ પણ તેમને સારું ખવડાવ્યું પીવડાવ્યું, તેમની જરૂરતોને પોતાની જરૂરતો પર અગ્રતા આપી, ખુદ તકલીફ ઉઠાવીને પોતાના કેદીઓને રાહત પહોંચાડી, જ્યારે કે તે જંગની હાલત હતી અને એ જ કાફિરોના હાથે સતાવવામાં આવ્યા હતા, ત્યાં સુધી કે તેમના જુલ્મોના કારણે સહાબાએ કિરામને પોતાનુ વતન છોડવુ પડયું હતું. આ સૌના છતાં ગૈર મુસ્લિમો સાથે આવી ઉદારતા તથા બેહતર વર્તાવ સર્વ મુસલમાનોના માટે એક નમૂનો છે જેના પર ચાલવા માટેનો આપણો ઉદ્દેશ હોવો જોઈએ.

**★ (૭) ગૈર મુસ્લિમને દુઆ આપવી ★**

અન્ય લોકો માટે દુઆ દિલી સખાવત અને વિશાળ હૃદયતાનું દૃષ્ટાંત અને પ્રતિબિંબ છે. એમાં હમદર્દીનું પ્રદર્શન અને ખૈર ખ્વાહી (ભલ ઈચ્છવું) પણ છે કે અન્ય લોકો માટે એક શખ્સ એ જ ચાહે છે જે પોતાના માટે ચાહે છે. અન્ય લોકોની ખુશહાલીની તમન્ના કરવી ઈસ્લામની હિદાયત છે. આ મુસલમાનો માટે પણ છે અને ગૈર મુસ્લિમ માટે પણ છે. હઝરત અનસ رضی اللہ عنہની રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ એક યહૂદીથી પીવાની કોઈ ચીજ માગી તો તેણે તે આપી. તો આપે તેને દુઆ આપી કે અલ્લાહ તઆલા તમને હસીનો જમીલ રાખે. તો મરતા દમ સુધી તેના વાળ કાળા રહ્યા. *(મુસન્નફે અબ્દુર્રઝ્ઝાક઼, ૧/૩૯૨)*

**★ (૮) ગૈર મુસ્લિમ સાથે અદ્‌લો ઈન્સાફ ★**

અદ્‌લો ઈન્સાફની શરીઅતે ખૂબ જ સખત તાકીદ કરી છે, બલ્કે એ ઈસ્લામની અનોખી ખૂબી છે કે ઈન્સાન કોઈ પણ હાલતમાં હોય પણ તે અદ્‌લો ઈન્સાફને ત્યજે નહીં. ઈસ્લામ પોતાના અનુયાયીઓને કદાપિ એ વાતની ઈજાઝત નથી આપતો કે તે કોઈ વ્યક્તિ અથવા ગૃપ પર અત્યાર ગુજારે ભલે તેની સાથે ગમે તેટલા મતભેદો કેમ ન હોય અને તેણે ગમે તેટલો જુલ્મ કેમ ન કર્યો હોય. રબ તઆલાનો આદેશ છે :–

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا كُوْنُوْا قَوّٰمِيْنَ لِلّٰهِ شُهَدَآءَ بِالْقِسْطِ ۡ وَلَا يَجْرِمَنَّكُمْ شَنَاٰنُ قَوْمٍ عَلٰٓى اَلَّا تَعْدِلُوْا ؕ

"હે ઈમાનવાળાઓ ! અલ્લાહના હુકમ પર ખૂબ કાયમ રહેનારા અને ઈન્સાફની સાથે ગવાહી આપનારા બનો, કોઈ ગૃપની દુશ્મની તમને એટલા ઉત્તેજીત ન કરી દે કે ઈન્સાફથી ફરી જાવ." *(સૂ. માઈદા, ૫/૮)*

અદ્‌લ (ન્યાય)થી કામ ન લેવું જુલ્મ છે અને જુલ્મ કદી અલ્લાહ તઆલા સહન નથી કરતો, ભલે તે કોઈ જાનવરની સાથે જ કેમ ન હોય. હુઝૂર ﷺએ મઝલૂમની બદદુઆથી બચવાની તાકીદ કરી છે કે જેમાં મુસ્લિમ અને ગૈર મુસ્લિમ બંને સામેલ છે.

**★ (૯) ગૈર મુસ્લિમને મસ્જિદમાં આવવાની ઈજાઝત વિશે ★**

મસ્જિદ એક પવિત્ર સ્થળ છે, એને પાક રાખવાનો હુકમ આપવામાં આવ્યો છે. ત્યાં મુસલમાનો ઈબાદત કરે છે એટલા માટે દરેક પ્રકારની નાપાકી, બાળકોની ભાગદોડ, શોર તોફાન અને નાપાક લોકોના પ્રવેશથી હિફાઝત એ ઈમાનનો હિસ્સો છે. તેમ છતાં ગૈર મુસ્લિમોના મસ્જિદમાં પ્રવેશ તથા રોકાણની સાબિતી મળે છે. ષકીફનું પ્રતિનિધિમંડળ જ્યારે રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં હાજર થયું તો આપે તેમના માટે મસ્જિદમાં તંબૂ લગાડયો કે જેથી તેઓ મુસલમાનોને નમાઝ પઢતા જુએ. હુઝૂર ﷺને અર્ઝ કરવામાં આવી, હે અલ્લાહના રસૂલ ! ﷺ આપ એમને મસ્જિદમાં રોકાણ આપી રહ્યા છો જ્યારે કે તેઓ મુશ્રિક છે. આપે ફર્માવ્યું, જમીન નાપાક નથી હોતી નાપાક તો ઈબ્ને આદમ હોય છે. *(નસબુર્રાયહ લિ અહાદીષિલ હિદાયહ, ૪/૨૭૦)*

ગૈર મુસ્લિમને માન્યતાના ધોરણે કુર્આને નજીસ કહેલ છે તેમ છતાં શારીરિક એતબારથી જો તે પાક સાફ રહે તો મસ્જિદમાં પ્રવેશની મનાઈ ન થશે. ખાસ કરીને એ નિય્યતથી કે મુસલમાનોના ઈબાદતના તરીક઼ા તેમજ સામૂહિક સંગઠિતપણુ અને સભ્યતા તથા સારા અખ્લાકભરી વર્તણૂંકને જોઈને તેમનાં દિલો નરમ પડે અને તેઓ ઈસ્લામ પ્રતિ વળે. જેવું કે હુઝૂર ﷺએ વિવિધ પ્રતિનિધિમંડળો તથા વ્યક્તિઓને મસ્જિદમાં રોકાવાની ઈજાઝત આ જ હેતુસર આપી

હતી. અલ્લામા ખિતાબી લખે છે : ''આ હદીષથી જાણવા મળ્યું કે કાફિરને જો મસ્જિદમાં કોઈ જરૂરત હોય અથવા મુસલમાનની તેનાથી કોઈ હાજત હોય તો તે ત્યાં જઈ શકે છે.'' *(મઆલિમુસ્સુનન, ૨/૩૫)*

## ★ (૧૦) ગૈર મુસ્લિમના જનાઝાનો એહતેરામ ★

ખુશી તથા ગમ ભલે ગૈર મુસ્લિમને પણ કેમ ન હોય, તેમની ખુશી તથા ગમમાં સામેલ થવું સીમામાં રહીને જાઈઝ છે. જનાઝો તે ચીજ છે કે જે વિચારો તથા ચિંતનને આખેરતની તરફ લઈ જાય છે અને માનવીને સાવધાન કરી દે છે. એટલા માટે ક્યાંકથી કોઈ જનાઝો પસાર થાય તો માણસે ઉભા થઈ જવું જોઈએ, ભલે એ જનાઝો ગૈર મુસ્લિમનો હોય છતાં પણ એ જ હુકમ છે. એકવાર એક યહૂદીનો જનાઝો પસાર થયો તો રસૂલે અકરમ ﷺ ઉભા થઈ ગયા. સહાબાએ અર્ઝ કરી, આ તો યહૂદીનો જનાઝો છે. તો આપે ફર્માવ્યું : ''છેવટે એ પણ તો ઈન્સાન છે.'' (બુખારી, ૧/૪૪૧, હદીષ-૧૨૫૦) એટલે કે મેં ઈન્સાનિયતનો એહતેરામ કર્યો છે અને ઈન્સાન હોવામાં સર્વ આદમની ઔલાદ (માનવી) સમાન છે.

## ★ (૧૧) ગૈર મુસ્લિમની તાઝિયત (Consolation) કરવી ★

મૌત એક ભયાનક દુર્ઘટના છે, એ દુર્ઘટના મુસલમાનોને થાય તો એ યક઼ીનન ચિંતનની પળ છે, પરંતુ ગૈર મુસ્લિમના ઘરમાં પણ એ બનાવ ઉપસ્થિત થાય તો તેની પણ તાઝિયત (આશ્વાસન આપવું) કરવી જોઈએ અને માનવીય હમદર્દીનું પ્રદર્શન કરવું કરવું જોઈએ. આ એક સામાજિક તકાઝો છે અને અયન ઈસ્લામની તાલીમ પર અમલ છે. ઈમામ અબૂ યૂસુફનું બયાન છે કે હઝરત હસન બસરી رضی اللہ عنہની પાસે એક નસરાની આવતો અને આપની મજલિસમાં બેસ્યા કરતો હતો. જ્યારે તેનો ઈન્તેકાલ થયો તો તેમણે તેના ભાઈથી તા'ઝિયત કરી અને ફર્માવ્યું : ''તમારા પર જે મુસીબત આવી છે અલ્લાહ તઆલા તમને તેનો તે સવાબ આપે જે તમારા સમધર્મના લોકોને અતા કરે છે. મૌતને આપણા સૌના માટે બરકતનો સબબ બનાવે અને તે એક ભલાઈ બને જેની આપણે રાહ જોઈએ. જે મુસીબત આવી છે એના પર સબ્રનો દામન ન છોડશો.''

## ★ ચર્ચાનો સાર ★

માનવ સંબંધોનો મસ્અલો સમાજનો સૌથી મહત્વનો તથા નાઝુક મસ્અલો છે. તેનું મહત્વ તથા ગંભીરતા ત્યારે અધિક વધી જાય છે જ્યારે સમાજમાં વિવિધ વિચારો તથા ખયાલો, માન્યતાઓ અને અક઼ીદાઓ તથા ધર્મોના માનવાવાળાઓ સાથે સાથે રહેતા હોય છે. તેમની જીવન પધ્ધતિ અને સંસ્કૃતિ તથા સામાજિકતા એક બીજાથી અલગ હોય, આ સંજોગોમાં જુલ્મ તથા અત્યાચાર, હક્ક઼ મારી ખાવું તથા નાઈન્સાફીની શક્યતાઓ વધી જાય છે અને અદ્લો ઈન્સાફ અને હક્ક઼ોની અદાયગીમાં વૈચારિક પૂર્વગ્રહ, જાતી તથા ક઼ૌમી ભેદો તથા સામાજિક વાડાબંધીઓ રુકાવટ બનવા માંડે છે. એના પર કાબૂ પામવો દરેક મઝહબ તથા સભ્ય સમાજની પ્રાથમિક જરૂરત છે. માનવીય સંબંધોનો નાતો અખ્લાક અને ક઼ાનૂન સાથે જોડાયેલો છે. અખ્લાક઼નો હેતુ એ સંબંધોને બેહતર તથા પસંદીદા બનાવવાનો છે. ક઼ાનૂન એટલા માટે છે કે તમને જાઈઝ હદોમાં રાખે અને કોઈને એનાથી વિરૂધ્ધ જવાની કે તેના ઉલ્લંઘનની ઈજાઝત ન આપે. અખ્લાક઼ તથા ક઼ાનૂન પોતાનો ફર્ઝ અદા કરે તો સમાજને અમ્નો અમાન અને સુકૂનની દોલત નસીબ થશે, નહીં તો જંગલ રાજ થશે.

*(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, નવેમ્બર-૨૦૨૫)*



# મુસ્લિમ છોકરીઓનો

## દીનથી ઈર્તેદાદ (ફરી જવું)

**કાર્યાલય**

*આપણી નવી પેઢીઓ માબાપ તરફની અધિક છૂટછાટ તથા તેમના પર આંધળા વિશ્વાસ અને દીની ઈલ્મ તથા તર્બિયતના અભાવે ખોટા માર્ગે વહી જાય છે. માબાપ પર લાઝિમ છે કે તેમને દીન ઈમાન શું છે ? ઈમાન તથા નેક અમલોનું શું મહત્વ છે એ એમના દિલો દિમાગમાં બેસાડવું અત્યંત જરૂરી છે. આજે લોકોને ઈલ્મે દીનથી તથા દીનની, ઈસ્લામી અખ્લાક઼ની વાતોથી જાણે કે સુગ છે તો પછી પોતાની ઔલાદને શું દીન પીવડાવી શકવાનાં છે ! જેથી આજે છોકરીઓ દીને ઈસ્લામથી ફરી જઈને ગૈર મઝહબ પણ અપનાવી લે છે અને ગૈરો સાથે શાદી કરીને દુનિયા તથા આખેરત બંનેવ બર્બાદ કરી રહી છે. જે દીનથી નીકળી જશે અને કુફ્રની હાલતમાં મરશે તો નિશ્ચિતપણે હમેશાંની જહન્નમમાં પડશે. જેના સંબંધી પ્રસ્તુત લેખ નવી પેઢીની તેમજ તેમના જિમ્મેદારોની ઈસ્લાહ માટે અત્રે રજૂ કરીએ છીએ. હિદાયત તથા તૌફીક઼ તો અલ્લાહ જ આપનાર છે.*

*–તંત્રી, બરકાતે ખ્વાજા માસિક*

આ ટાઈટલ એ અફસોસનાક હક઼ીક઼તની તરફ નિર્દેશ કરે છે કે અમુક મુસ્લિમ છોકરીઓ અથવા સ્ત્રીઓ ધાર્મિક, વૈચારિક, સામાજિક અથવા ભાવનાત્મક કારણોસર ઈસ્લામી તાલીમાતથી દૂર થતી જઈ રહી છે અને ગૈર ઈસ્લામી માન્યતાઓ અથવા ગૈર ઈસ્લામી સંસ્કારોની પ્રતિ ખેંચાય રહી છે. એ વાત સમજવી જરૂરી છે કે ઈર્તેદાદ (દીનથી ફરી જવું) કેવળ શરઈ બોલી નથી બલ્કે એનો સંબંધ ચિંતન, અખ્લાક઼ અને સંસ્કાર સાથે પણ છે અને ફિક્રી (વિચારસરણી) તથા અમલી કક્ષાએ દીનથી વિમુખતા પણ એક પ્રકારનો ઈર્તેદાદ (ફરી જવું) છે.

### ★ ઈર્તેદાદનો અર્થ તથા ભાવાર્થ ★

શબ્દકોશમાં ઈર્તેદાદનો અર્થ ''પલ્ટાઈ જવું'' અથવા ''ફરી જવું'' છે. એટલે કોઈ હાલત અથવા અક઼ીદાથી ફરી જવું. શરીઅતની ભાષામાં ઈસ્લામથી વિમુખતા અથવા દીને મુહમ્મદીને ત્યજી દેવો ઈર્તેદાદ કહેવાય છે, અને એવું કરનારાને ''મુર્તદ'' કહેવાય છે.

ઉલમાએ કિરામે ઈર્તેદાદની વિવિધ વ્યાખ્યાઓ રજૂ કરી છે પણ બધી રીતે ઈસ્લામને છોડી દેવો, અથવા ઈમાન બાદ શિર્ક તથા કુફ્ર અપનાવી લેવું જ તેની અસલ તાબીર છે. ખુલાસા રૂપે એ કહી શકાય છે કે, જો કોઈ મુસલમાન ખુદાના વજૂદ તથા રિસાલતે મુહમ્મદી ﷺ અથવા ઈસ્લામ ધર્મની સચ્ચાઈ તથા હક઼ીક઼તનો મુન્કિર થઈ જાય, અથવા કુર્આને કરીમ, દીનની નિશાનીઓ અથવા અહલે બયતે અત્હારની તૌહીન કરે, દીનના પાયાના હુકમો જેમ કે નમાઝ, રોઝા, હજ અથવા ઝકાતનો ઈન્કાર કરે તે અમલી રીતે એ દીનથી કટ થયેલો થઈ ચૂક્યો હોય છે જેને તે માનતો હતો. જો ઈમાન દિલમાં જામેલુ હોત તો ન તે દીનની મજાક ઉડાડતો ન જરૂરીયાતે દીનનો ઈન્કાર કરતો એટલા માટે ઈસ્લામની નજરમાં ઈર્તેદાદ સૌથી મોટો અને સખ્તતરીન ગુનોહ છે જે ઈન્સાનને ઈમાન તથા ઈસ્લામી મિલ્લતથી બહાર કરી દે છે.

### ★ વર્તમાન સંજોગો અને વૈચારિક હેરફેર ★

બદલાય રહેલા વિશ્વના સંજોગોમાં જ્યારે અધર્મીપણુ, વૈચારિક તથા સંસ્કારિક આક્રમણોએ

નવજવાન પેઢીના દિમાગોને ખૂબ જ પ્રમાણમાં પ્રભાવિત કરવાનુ શરૂ કરી આપ્યું છે. મુસ્લિમ સમાજ પણ આ ફિત્નાથી મેહફૂઝ નથી રહી શકયો. ખાસ કરીને મુસ્લિમ છોકરીઓ જે ક્યારેક ઈમાન, હયા અને ઈલ્મની નિશાની સમજવામાં આવતી હતી તે આજે વિવિધ વૈચારિક તથા સાંસ્કૃતિક દબાણના હેઠળ લગભગ પોતાની ઓળખ ગુમાવી ચૂકી છે. આ તે ચિંતનની પળ છે જેણે મુસ્લિમ ઉમ્મત સમક્ષ એક ગંભીર સવાલ રાખી દીધો છે.

## ★ સામાજીક સ્થિતિ અને વૈચારિક ગુમરાહી ★

વર્તમાનકાળમાં બદલાય રહેલી વિશ્વની રૂપરેખામાં અધર્મીપણુ, વૈચારિક અધઃપતન (પડતી) તથા સાંસ્કૃતિક આક્રમણ એક સુનિયોજીત વૈચારિક ફિત્નાનુ સ્વરૂપ અપનાવી ચૂકેલ છે જેની અસરો મુસ્લિમ સમાજો સુધી પણ ઊંડાણપૂર્ણક પ્રવેશી ચૂકેલ છે. નવયુવાન પેઢીના દિમાગો પર પશ્ચિમી ખયાલોના આકર્ષણની અસર ખૂબ ઝડપભેર વધી રહી છે અને અફસોસ કે બાળકીઓ જેઓ ભૂતકાળમાં ઈમાન, હયા અને ઈલ્મની ચમકતી નિશાની સમજવામાં આવતી હતી તેઓ આ આક્રમણનો ખાસ શિકાર બની ચૂકી છે.

## ★ વૈચારિક અધઃપતન (પડતી) અને સાંસ્કૃતિક આક્રમણ ★

વર્તમાન મીડિયા અને સોશિયલ મીડિયાની રિપોર્ટોથી એ અફસોસનાક હકીકતો જાહેર થઈ રહી છે કે અમુક મુસલમાન છોકરીઓ ઈસ્લામી તાલીમાત, પૂર્વી સંસ્કૃતિ અને શર્મો હયાના ઉસૂલોથી દૂર થઈને ગૈર ઈસ્લામી જીવન પધ્ધતિ અને પશ્ચિમી રસ્મો રિવાજને અપનાવી રહી છે. દુઃખ એ વાતનું છે કે વૈચારિક ગુમરાહીના આ સફરમાં તે કેવળ દીની સમજથી દૂર નથી જઈ રહી બલ્કે કેટલીક વાર ઈસ્લામના પાયાના અકીદા તથા સિધ્ધાંતો પર પણ આલોચના કરવા લાગી છે ! પરિણામે ઈસ્લામ વિરોધી બળો તથા અધર્મી માફિયાઓએ તેણીઓનાં દિમાગોને પોતાના બુરા હેતુઓ માટે ઉપયોગ કરવાનુ શરૂ કરી આપ્યું છે. અને આ નાસમજ છોકરીઓ અજાણપણે તેઓના વૈચારિક એજન્ડા (પશ્ચિમી સંસ્કૃતિનો ફેલાવો કરવા)નો હિસ્સો બનતી જઈ રહી છે. અધિક ચિંતાજનક વાત એ છે કે વિવિધ રિપોર્ટો તથા કોર્ટમાં નોંધ કરવામાં આવનારા કેસો એ જાહેર કરે છે કે જ્યારે ઈસ્લામ વિરોધી બળો અથવા નિઃસ્વાર્થ જણાતા એજન્ડા પોતાના હેતુ પૂર્ણ કરી લે છે તો કેટલીક વાર એ છોકરીઓને એકલી છોડી દેવામાં આવે છે, અથવા તેમની સાથે ગંભીર શારીરિક કે સામાજિક જુલ્મો કરવામાં આવે છે, જેના પરિણામે સંબંધિત સ્ત્રીઓ તથા છોકરીઓ સામાજિક તથા ખાનદાની રક્ષણથી વંચિત થઈને અજંપાભરી હાલતમાં રહી જાય છે, જેમ કે આમ મહાવરામાં કહેવાય છે કે "ન ઘરની ન ઘાટની !"

આ સ્થિતિ મુસ્લિમ લીડરશીપ, ઈલ્મી તથા દીની સંસ્થાઓ તથા મા બાપના માટે અત્યંત ચિંતાજનક છે જે એ બાબતનો તકાઝો કરે છે કે વૈચારિક તથા અખ્લાકી કેવળણીના બંધારણ (સિસ્ટમ)ને નવેસરથી મજબૂત પાયાઓ પર કાયમ કરવામાં આવે જેથી કરીને આપણી નવી પેઢીઓ આ (પશ્ચિમી ગુમરાહીની) આંધીથી મેહફૂઝ રહી શકે અને પોતાની દીની તથા સાંસ્કૃતિક ઓળખ સલામત રાખી શકે.

અમુક સ્ત્રીઓ તો ઈસ્લામથી વિમુખ થઈ ભટકી રહી છે અને પોતાના ચરિત્ર તથા આબરૂ ઈજ્જતના કિંમતી ઘરેણાને ગુમાવી રહી છે. આવા મામલાઓમાં કેટલાક લોકો મુસ્લિમ સમાજ તથા સંસ્થાઓ તથા આલિમો પર આક્ષેપો થાપે છે, જ્યારે અમુક લોકો પૂરી માલૂમાત વિના સમજયા વિના

સોશયલ મીડિયા પર ટીકા ટીપ્પણી કરીને સસ્તી ખ્યાતિ હાંસલ કરવામાં લાગી જાય છે.

હક઼ીક઼ત એ છે કે મૂળ સબબ દીની તાલીમથી દૂરી, તર્બિયત (કેળવણી)ની કમી અને ઈમાનની કમજોરી છે. જે છોકરીઓના દિલમાં ઈસ્લામની સચ્ચાઈ અને અને ઈમાનની મજબૂતી ન હોય તે દુનિયવી મજાઓની પાછળ પોતાની ગૈરત (શરમ), હયા અને રૂહાની કદરોને (તે ખૂબીઓ જે માણસના દિલ, નિય્યત તથા રૂહને પવિત્ર તથા બેહતર બનાવે તેને) કુર્બાન કરી દે છે. એમનામાંથી મોટાભાગની છોકરીઓનો અંજામ અફસોસનાક થાય છે. સખ્તી (બળાત્કાર, જુલ્મો સિતમ), શારીરિક આર્થિક શોષણ, રઝળતી કરવી, અલગ કરી દેવી અથવા હત્યા સુધી વાત પહોંચી જાય છે. એ જ કારણે આજે મોટી જરૂરત દીની તર્બિયત (કેળવણી)ની છે કેમ કે તાલીમ (શિક્ષણ) આપવું આસાન છે પણ દીની તર્બિયત સૌથી મુશ્કેલ કામ છે.

ઈસ્લામી ઢબથી છોકરા છોકરીઓની કેળવણી, તેમના અખ્લાક તથા કિરદાર (આદતો તથા વર્તાવ)ની સુધારણા, બુરી સોહબતોથી બચાવવું અને દીની સમજ પેદા કરવી મા બાપ તથા સમાજની પ્રાથમિક જિમ્મેદારી છે. જો આપણે તર્બિયત (કેળવણી)નો આ ફરીઝો અદા ન કર્યો તો આવનારી પેઢીઓ વિચારોની ગુમરાહી અને અમલી રીતે ઈસ્લામથી દીનથી ફરી જવાનો શિકાર બની જશે.

### ★ નવી પેઢી ભટકી જવાના મહત્વના સબબો ★

**(૧) ગૈર ઈસ્લામી વિચારોની અસરો :** વિશ્વની અન્ય કોમોની સંસ્કૃતિઓ તથા વિચારોનું આક્રમણ, પશ્ચિમિ મીડિયા અને ગૈરોની અર્વાચીન રહેણી કરણીનું આકર્ષણ નવયુવાન પેઢીઓના દિમાગો પર ઊંડી અસર નાખી રહ્યું છે. આ તત્વો છોકરીઓને ઈસ્લામી તાલીમાતથી દૂર કરીને ગૈર ઈસ્લામી ખયાલો તરફ વાળી રહેલ છે.

**(૨) ખાનદાન તથા માબાપની ગફલત :** પ્રારંભિક કેળવણીમાં માબાપની ગેરહાજરી (નિષ્કાળજી) અથવા બેધ્યાનપણુ બાળકોને ઈસ્લામી સમજ અને અખ્લાકી રોશનીથી વંચિત કરી દે છે. સક્રિયપણે માર્ગદર્શન અને ઈસ્લામી જીવનશૈલીની તાલીમ બાળ કોને મજબૂત કિરદાર (અખ્લાક તથા આદતો તથા વિચારો) અર્પણ કરે છે, જેની ઉણપ દીનથી ફરી જવાના (ઈર્તેદાદના) ખતરાઓને વધારી દે છે.

**(૩) દીની તાલીમની કમી :** પ્રારંભિક ઉમરમાં દીની તથા અખ્લાક઼ી તાલીમ ન મળવી અને મોર્ડન તથા ગૈર ઈસ્લામી સ્કૂલોમાં શિક્ષણ પ્રાપ્ત કરવું બાળકીઓને ઈસ્લામી ઓળખ તથા તેની વિશિષ્ટતાથી દૂર કરી દે છે, આ ઉણપના સબબે ગૈર ઈસ્લામી અક઼ીદાઓ (માન્યતાઓ) તથા ગુમરાહીઓ પ્રતિ ઝુકાવના માટે જગા પેદા થઈ જાય છે.

**(૪) સ્ત્રી પુરૂષોની મિશ્ર શિક્ષણ તથા નોકરીની વ્યવસ્થા :** સ્કૂલ, કોલેજ, ઓફીસો અને નોકરીઓ દરમિયાન સ્ત્રી પુરૂષોનું મિક્સ થવું અને અયોગ્ય સંબંધો નવયુવાન છોકરીઓને મહોબ્બતના ફિત્ના તથા અન્ય ગૈર ઈસ્લામી પધ્ધતિઓનો શિકાર બનાવી રહ્યા છે.

**(૫) મોંઘી ખર્ચાળ શાદીઓ તથા સામાજિક રિવાજોના દબાણો :** ફુઝૂલ તથા ખર્ચાળ રસમો રિવાજ શાદીઓમાં મોડુ થવાનો તથા રુકાવટ થવાનો સબબ બને છે જેથી કેટલીકવાર ગરીબ તથા મધ્યમ વર્ગની છોકરીઓને અવૈધ સંબંધો અથવા ગૈર ઈસ્લામી સંબંધોની પ્રતિ વાળી દે છે.

**(૬) ટેકનોલોજી અને સોશિયલ મીડિયાની અસરો :** મોબાઈલ, ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયાનો હદથી વધીને વપરાશ નવયુવાન છોકરીઓના ઈમાન, પાકદામની (ચરિત્રતા) અને અખ્લાક઼ી સમજને ખતરામાં નાખી શકે છે. શરીર

પ્રદર્શન અને અશ્લીલ સામગ્રી સરળતાપૂર્વક ઈન્ટરનેટથી મળી જતી હોવાથી તેમના રહન સહનમાં નકારાત્મક અસરો નાખે છે અને અંતે તબાહી તેમનું મુક્દર બની જાય છે.

## ★ બુરાઈના નિવારણની તદબીરો તથા અમલને પાત્ર હિદાયતો ★

**(૧) માબાપનુ કાળજીપૂર્વકનું માર્ગદર્શન :** મા બાપે જોઈએ કે તેઓ પોતાની બાળકીઓની પ્રાથમિક કેળવણીમાં સંપૂર્ણપણે ભાગીદાર બને, તેમને ઈસ્લામી અક઼ીદાની અમલની સમજ તથા અખ્લાકની તાલીમ આપે અને દરેક ડગલે માર્ગદર્શન આપે.

**(૨) દીની તાલીમ પૂરી પાડે :** છોકરીઓને કુર્આન, સીરતે મુસ્તફા ﷺ, હદીષો અને અહલે સુન્નતની તાલીમથી માહિતગાર કરાવે અને તેમને ઉલમાએ કિરામની નિગરાની હેઠળના દર્સોમાં સામેલ કરે.

**(૩) શૈક્ષણિક તથા સામાજિક પ્રસંગે સ્ત્રી પુરૂષોની ભેળસેળમાં નિગરાની :** મિશ્ર શાળાઓ કે કોલેજોમાં છોકરીઓના દોસ્તો, તેમના વર્તન વહેવારો અને કાર્ય પધ્ધતિઓ (એક્ટિવિટીઝ) પર માબાપની નજર હોવી જોઈએ. ટયૂશન કે નોકરી દરમિયાન ગૈર જરૂરી રીતે પુરૂષોની સાથે ભળસેળ થી બચાવ કરે.

**(૪) ટેકનોલોજીની યોગ્ય નિગરાની :** છોકરીઓના મોબાઈલ તથા ઈન્ટરનેટના વપરાશ પર સંપૂર્ણ નજર રાખે, શૈક્ષણિક જરૂરત મુજબ વપરાશમાં પણ યોગ્ય માર્ગદર્શન તથા નિશ્ચિત રીતે હિફાઝત કરે.

**(૫) સ્ત્રીઓના ઈજતેમાઓ તથા તર્બિયતી પ્રોગ્રામો :** અધિક ઉમરવાળી સ્ત્રીઓ અને ઉલમાની નિગરાનીમાં યુવાન છોકરીઓના ઈજતેમા ગોઠવે તેમને મુસ્તફા ﷺના જીવન ચરિત્ર અને સીરતે ફાતિમા رضی اللہ عنہاથી માહિતગાર કરાવે અને ઈર્તેદાદ (દીનથી ફરી જવાના) ફિત્નાના ખતરાઓ તથા પરિણામોથી માહિતગાર કરે.

**(૬) સામાજિક સુધારણા અને શાદીઓની ગોઠવણ :** ખર્ચાળ રસ્મો રિવાજ અને બળપૂર્વક માગવામાં આવતા દહેજ વિરૂધ્ધ યોગ્ય પગલાં ભરે અને શાદીના માટે યોગ્ય પ્રસંગો સમયસર પૂરા પાડે અને સામાજિક દબાણ ઘટાડે.

**(૭) નિગરાની તથા કમિટીઓ :** રાજ્ય તથા જિલ્લાવારી કે સ્થાનિક કક્ષાએ કમિટીઓ બનાવવામાં આવે જે પરિસ્થિતિનું નિરીક્ષણ કરે અને સમયસર દરમિયાનગીરી કરે અને સુધારણાનાં પગલાં ભરે.

**અંતિમ વાત :** મા બાપ, ઉલમા, મશાઈખ અને સમાજની જિમ્મેદારી છે કે તેઓ પોતાની બહેન બેટીઓને આ ફિત્નાથી મેહફૂઝ રાખે, બાળકીઓની સહીહ તર્બિયત, ઈસ્લામી તાલીમ તથા સમજ અને શરીઅતની હદોના પ્રમાણે માર્ગદર્શન જ તે ઝરીયો છે જેનાથી ઈસ્લામની બેટીઓ પોતાની ઈજ્જત, ઈમાન અને અખ્લાકી ઓળખને મેહફૂઝ રાખી શકે છે. હે અલ્લાહ ! અમને તારા દીનની સહીહ સમજ, બાળકીઓની તર્બિયત અને સમાજની સુધારણાનો હોસલો અતા ફર્માવ, અમારા અમલોને કબૂલ ફર્માવ અને અમને દરેક ફિત્નાથી મેહફૂઝ રાખ. *(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી–મુંબઈ, નવેમ્બર–૨૦૨૫)*

પેજ 14 નું ચાલુ..

આપસમાં વહેંચી લો. મેં રફીકોને કહ્યું અને દરેકના માટે સંખ્યા નિશ્ચિત કરી આપી. દરેક જણે એક ખાસ સંખ્યા કબૂલ કરી. એકે પાંચ હજાર વાર અને એકે ચાર હજાર વાર, અને કોઈએ થોડી અને કોઈએ વધારે. વળી મેં દસ હજાર વાર સૂરએ ફાતિહા પઢી અને ગણત્રીના થોડાક દિવસોમાં એક અઠવાડિયા કે ઓછા વત્તામાં ખતમ પૂરો થઈ ગયો. ત્યારબાદ બંદા (હસન અલા સંજરી)એ શયખની ખિદમતમાં અર્ઝ કરી કરી કે શું આ બીમારીના સમયનો ઝિક્ર છે ? ઈર્શાદ થયો કે નહીં ! એનાથી પહેલાંનો બનાવ છે. માલૂમ નહીં, હઝરતની ખુદા તઆલાથી શું દરખાસ્ત હતી.

# ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની વ્યક્તિ નિર્માણ શક્તિ

**અનુવાદક : મૌલાના આદિલ નજમી મિસ્બાહી** *(મુદર્રિસ દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ)*

ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہનો કમાલ માત્ર એ નથી કે તેમણે સેંકડો કિતાબો લખીને ઈસ્લામના પાયાઓનું રક્ષણ કર્યું પરંતુ તેમની મહાનતા એ પણ છે કે તેમણે આ મિશનને આગળ વધારવા માટે એકથી એક ચડિયાતા અને પ્રતિભાશાળી વ્યક્તિત્વવાળા હઝરાત તૈયાર કર્યા.

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہને આ'લા હઝરત કેવી રીતે કહેવાવા લાગ્યું ? આ વાત દિવસના પ્રકાશની જેમ સ્પષ્ટ છે કે નામ એટલા માટે રાખવામાં આવે છે કે માણસોમાંથી કોઈ એકની ઓળખાણ થઈ શકે. જો આદમી પોતાના બધા બાળકોના નામો એક જ નામ પર રાખી દે અને એમનામાં ઓળખાણ માટે કોઈ શબ્દનો ઉપયોગ ન કરે તો તેનાથી સાંભળવાવાળાઓને જે મુશ્કેલી અને પરેશાની થશે તેનો અંદાજો દરેક વ્યક્તિ કરી શકે છે. સામાન્ય રીતે લોકોને સારા લકબો તેમની આંતરિક અને જાહેરી ખૂબીઓ અને ખુદાદાદ કાબેલિયતનોને જોઈને આપવામાં આવે છે જેથી જે શખ્સ ઈલ્મ તથા અમલના સંગમ, ઈસ્લામ દીન માટે પોતાનુ બધુ બલિદાન આપવાની ક્ષમતા રાખતો હોય, ખુદાનો ડર અને ઈશ્કે મુસ્તફા صلی اللہ علیہ وسلم જેના માટે માર્ગદર્શન કરનાર હોય તો પછી તેને આપવામાં આવેલા લકબો પણ એવા હોય કે જે તેને પોતાના જમાનાના મોટા મોટા લોકોથી વિશિષ્ટ કરાવી શકે, ઈમામે એહલે સુન્નત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો મામલો પણ કાંઈક આવો જ છે. તેમનુ ઘરાનુ ઈલ્મથી લગાવવાળુ હતુ અને તેમના સમયમાં પણ ઘણા બધા આલિમો હતા પરંતુ આ બધામાં અલ્લાહ તઆલાએ તેમને જે દરજ્જો અને મર્તબો આપ્યો હતો તેનું પ્રદર્શન જ્યારે તેમના પરિવારના વ્યક્તિઓ અને અન્ય ઊંચા પદના આલિમો સમક્ષ જાહેર થયું તો તેઓએ ખાસ ઓળખ માટે પોતાની વાતચીતમાં આપને "આ'લા હઝરત" કહેવાનુ શરૂ કર્યું. ખુદાની સાચી પેહચાન અને ફઝાઈલ ઉચ્ચ ખૂબીઓમાં પોતાના સમયના ઉલમાઓમાં શ્રેષ્ઠતાની દ્રષ્ટિએ આ શબ્દ આપના વ્યક્તિત્વ પર એ રીતે ફિટ બેસી ગયાં કે આજે માત્ર હિંદુસ્તાન અને પાકિસ્તાનના સામાન્ય અને ખાસ લોકો જ નહીં પરંતુ સમગ્ર વિશ્વના આશિકે રસૂલ صلی اللہ علیہ وسلمની ઝબાનો પર ચઢી ગયુ અને હવે સામાન્ય રીતે સ્વીકૃતિની નોબત ત્યાં સુધી પહોંચી ગઈ કે શું માનવાવાળાઓ અને શું મુખાલિફો ! કોઈ પણ જમાઅતમાં આ'લા હઝરત કહ્યા વગર આપના વ્યક્તિત્વની ઓળખ શક્ય નથી.

જે રીતે દરેક ફૂલને ગુલાબ નથી કહેવામાં આવતુ એ જ રીતે આ'લા હઝરતના સમયેમાં અને પછી પણ હઝરત તો ઘણા બધા ગુજર્યા અને છે પરંતુ દરેકને આ'લા હઝરત નથી કહેવામાં આવતુ.

શૈતાન જો આ વસવસો અપાવે છે કે તમે તો આ'લા હઝરતને પોતાના નબી صلی اللہ علیہ وسلمથી પણ ઊંચા કરી દીધા ! કારણ કે હુઝૂર صلی اللہ علیہ وسلمને તો માત્ર હઝરત કહીએ છીએ, જ્યારે કે ઈમામ અહમદ રઝાને તમે બધા આ'લા હઝરત કહો છો ? આ વસવસાના જવાબ પહેલાં એ સિધ્ધાંત ધ્યાનમાં રાખો. સરખામણી જ્યારે પણ થાય તો તે સમયના લોકો સાથે થાય છે ન કે પોતાના પહેલાંનાં લોકોથી. જેવી રીતે કે હનફીઓના મહાન ઈમામ અબૂ હનીફા નોઅમાન બિન ષાબિત رحمۃ اللہ علیہ માટે "ઈમામે આ'ઝમ"નો શબ્દ લકબના તરીકે બોલવામાં આવે છે તો એ તેમના સમયના બીજા ઈમામોને અનુલક્ષીને બોલવામાં આવે છે. જો તેમની

સરખામણી પણ તેમનાથી પહેલાંના લોકો સાથે કરવામાં આવત તો તેમના માટે પણ ઈમામે આ'ઝમ બોલવા પર તે જ સવાલ થાત જે ઈમામે એહલે સુન્નતને આ'લા હઝરત કહેવા પર થાય છે. જો કે મોટા મોટા ઈસ્લામના આલિમોએ પણ આ લકબ (ઈમામે આઝમ)ને હનફીઓના મહાન ઈમામ અબૂ હનીફા નોઅમાન બિન ષાબિતના માટે વાપર્યો છે અને આજ સુધી કોઈ ઈલ્મવાળાએ આ બાબત પર સવાલ પણ ઉભો કર્યો નથી. આ જ રીતે શાહ ઈમામ અહમદ રઝાખાં رحمۃ اللہ علیہ માટે આ'લા હઝરત લકબ તેમના સમયના લોકોની સરખામણીમાં બોલવામાં આવે છે. તેથી શૈતાનનું એને ખેંચી તાણીને નબી ﷺના જાહેરી સમય સુધી પહોંચાડી આપવું અને પછી લોકોને વહેમમાં નાખવા પોતાની અંદર મૌજૂદ ગંદકીઓમાંથી એક ગંદકીને જાહેર કરવા સિવાય કશું નથી.

ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہએ અજોડ અને સર્વ ક્ષેત્રિય નિષ્ણાત વ્યક્તિનું નામ છે કે જેમણે એક તરફ પોતાની મહાન ખિદમતો અને સારા પ્રયત્નોથી ઈસ્લામના ઝાડની સિંચાઈ કરી, તો બીજી તરફ તેમણે પોતાની તાલીમગાહથી એવા એવા મહાન શાર્ગિદોને તૈયાર કર્યા કે જે દરેક મેદાનમાં નેતૃત્વની ભૂમિકા નિભાવી રહ્યા છે. તેમણે એવા ઘણા બધા મર્દાને મુજાહિદ તૈયાર કર્યા જેઓ જિંદગીના દરેક ક્ષેત્રમાં મુસલમાનોનું યોગ્ય માર્ગદર્શન કરતા જોવા મળે છે. તેમની દર્સગાહમાં ફૈઝ પામવાવાળા અને ઈલ્મ હાંસલ કરવાવાળા વિદ્યાર્થીઓ હિંદુસ્તાન, પાકિસ્તાન, બાંગલાદેશ, નેપાલ, આફ્રિકા, અને અરબ દેશોના શહરોમાં ફેલાયા અને જિંદગીના દરેક ક્ષેત્રમાં કામ કર્યું. તેમના ખલીફાઓની યાદી ઘણી લાંબી છે, પરંતુ હું ટૂંકમાં વર્ણન કરું છું જેથી તમે આ'લા હઝરતની મહાનતા અને ઊંચાઈને સમજો અને એ માની લો કે આ'લા હઝરત જેવી રીતે પોતાની જાતમાં અંજુમન છે, તેવી જ રીતે આપ અફરાદસાઝી (ઉચ્ચ અખ્લાક તથા ખૂબીઓવાળી) વ્યક્તિઓ તૈયાર કરનાર મહાન હસ્તી છે, અને તેમની દર્સગાહ નિષ્ણાતો અને પ્રતિભાશાળીઓને તૈયાર કરનારુ મહાન કારખાનુ છે. જુઓ આ મર્દે કલંદરે કેવા કેવા પ્રતિભાશાળી ઓલમા તૈયાર કર્યા :

**મુફક્કિરો તથા મુદબ્બિરો :** સદરૂલ અફાઝિલ અલ્લામા સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી, મુહદ્દિષે આ'ઝમે હિંદ, અલ્લામા સૈયદ મુહમ્મદ કિછોછવી, બુરહાને મિલ્લત અબ્દુલ હક઼ જબલપૂરી, રઈસુલ મુદબ્બિરીન અલ્લામા હિદાયત રસૂલ લખનવી. رحمۃ اللہ علیہم اجمعین

**અરબાબે ફિક઼્હ વ ક઼ઝા :** (ફક઼ીહો તથા ઈસ્લામી ન્યાયાધીશો) મુફતીએ આ'ઝમે હિંદ, સદરૂશ્શરીઆ, ઈદુલ ઈસ્લામ અલ્લામા અબ્દુસ્સલામ જબલપૂરી, મુહદ્દિષે પાકિસ્તાન અલ્લામા અહમદ લાહોરી, રઈસુલ મુફતીય્યિન અલ્લામા સૈયદ ગિયાસુદ્દીન રજહતી. رحمۃ اللہ علیہم اجمعین

**મુફસ્સિરીન વ મુહદ્દિષીન :** મલિકુલ ઉલમા અલ્લામા ઝફરૂદ્દીન બિહારી, અલ્લામા શહાબુદ્દીન અહમદ કોયાશાલ્યાતી, અલ્લામા અબ્દુલ હક઼ પીલીભીતી, અલ્લામા મુફતી રહમબખ્શ આરવી. رحمۃ اللہ علیہم اجمعین

**આરિફીન વ કામિલીને રાહે સુલૂક :** કુત્બે મદીના અલ્લામા ઝિયાઉદ્દીન મદની, અલ્લામા ખ્વાજા અહમદ હુસૈન અમરોહવી, અલ્લામા સૈયદ નૂર અહમદ ચાટગામી, અલ્લામા અબ્દુલ હકીમ મેરઠી, અલ્લામા કલંદર અલી મુલતાની. رحمۃ اللہ علیہم اجمعین

**દાઈયાન વ મુબલ્લિગીને ઈસ્લામ :** અલ્લામા અબ્દુલ અલીમ મેરઠી, અલ્લામા આસિફ અલી કાનપુરી, અલ્લામા સૈયદ અબ્દુલ રશીદ અઝીમાબાદી, અલ્લામા અબ્દુલ કરીમ ચિતોડગઢી, અલ્લામા મહમૂદુલ હસન ઝયદી અલ્વરી.

**લેખકો તથા સંપાદકો :** અલ્લામા તકદુસ

અલીખાં બરેલ્વી, અલ્લામા ગુલામ અહમદ શોક્ ફરીદી, અલ્લામા હકીમ મુહમ્મદ યાકૂબ અલીખાં રામપૂરી, અલ્લામા અબ્દુલ ક઼ાદિર કોટલવી.

**મુનાઝિરો તથા બહષો કરનારાઓ :** અલ્લામા હશમત અલીખાં પીલીભીતી લખનવી, અલ્લામા સરફરાઝ અહમદ મિર્ઝાપૂરી, અલ્લામા અબ્દુર્રહમાન જયપૂરી.

**સાહિત્યકારો તથા જર્નાલિસ્ટો :** અલ્લામા જમીલુર્રહમાન બરેલ્વી, અલ્લામા હસ્નૈન રઝાખાં બરેલ્વી, અલ્લામા પ્રોફેસર ઈલ્યાસ બર્ની. رحمۃ اللہ علیہم اجمعین

**રાજનીતિજ્ઞો :** અલ્લામા અહમદ મુખ્તાર સિદ્દીક઼ી મેરઠી, અલ્લામા અબ્દુલ હકીમ મેરઠી, અલ્લામા મુશ્તાક અહમદ કાનપુરી.

**સામાજિક કાર્યકરો :** અલ્લામા લઅલખાં મદ્રાસી, અલ્લામા ઈસ્માઈલ પેશાવરી, શેઠ મુહમ્મદ ઈસ્માઈલ કાઠિયાવાડી, કાઝી કાસિમમિયા પોરબંદરી.

**વિશ્વનીય મુદર્રિસો :** અલ્લામા કાઝી અબ્દુલ વાહિદ ફિરદૌસી અઝીમાબાદી, અલ્લામા કિફાયતુલ્લાહ બરેલ્વી, અલ્લામા અબ્દુસ્સલામ બાંદવી.

**મુદર્રિસીન તથા વ્યવસ્થાપકો :** અલ્લામા અબ્દુલ હય પીલીભીતી, અલ્લામા અઝીઝુલહસન ફફુન્દી, અલ્લામા અબ્દુલ અઝીઝ બિજનોરી, અલ્લામા રહમે ઈલાહી મેંગ્લોરવી.

તમે જોયું ?! એક મર્દે કલંદર ચાર દીવાલોની અંદર બેસીને એવા મહાન કાઈદોને (લીડરોને) તૈયાર કરી રહ્યો છે જેનાથી મહાન મહાન યુનિવર્સિટીઓ પણ પાછળ છે. હવે અમે આ મહાન વ્યક્તિઓમાંથી અમુક અગ્રણી હસ્તીઓની સંક્ષિપ્ત વિગત દર્શાવીએ છે જેથી વાત દિવસના પ્રકાશની જેમ સ્પષ્ટ થઈ જાય.

તેમના એક ખલીફા અને ચહીતા શાગિર્દ છે મુબલ્લિગે ઈસ્લામ *હઝરત મૌલાના શાહ અહમદ મુખ્તાર સિદ્દીક઼ી ક઼ાદરી* رحمۃ اللہ علیہ જે આલિમે બાઅમલ, બેહતરીન નસીહત કરનાર, ઓલમાના ઉસ્તાદ, ઈસ્લામનું દર્દ રાખનાર અને ઊંચા પાયાના લેખક હતા જેમના પ્રયાસથી પચાસ હજાર ગૈર મુસ્લિમો ઈસ્લામના વર્તુળમાં આવી ગયા. ઈ.સ. ૧૨૯૪માં મેરઠ (યુ.પી.)માં પૈદા થયા અને ૧૪ જમાદિઉલ અવ્વલ હિ.સ. ૧૩૫૭ના રોજ દમન પરતગોઝ (હિંદ)માં વિસાલ પામ્યા.

તેમના અન્ય એક ચહીતા ખલીફા છે મુબલ્લિગે ઈસ્લામ *હઝરત મૌલાના શાહ અબ્દુલ અલીમ સિદ્દીક઼ી મેરઠી* رحمۃ اللہ علیہ જે દીની અને દુન્યવી ઈલ્મના સંગમ હતા. ઘણી બધી ભાષાઓના નિષ્ણાંત, ડઝનથી વધુ કિતાબોના લેખક, શોલા બયાં ખતીબ, વિવિધ સંસ્થાઓની બુન્યાદ રાખનાર અને ઈસ્લામી તાલીમાતમાં ગહરી નજર ધરાવનારા આલિમે દીન છે. તેમણે દુનિયાના ઘણા બધા દેશોનો સફર કર્યો. તેમના પ્રચારોથી સત્તાવાળા હઝરાતની સાથોસાથ આશરે પચાસ હજાર ગૈર મુસ્લિમો ઈસ્લામના વર્તુળ માં આવી ગયા આપ હિ.સ. ૧૩૧૦માં મેરઠ (યુ.પી.)માં પૈદા થયા અને ૨૨ ઝુલ હિજ્જા હિ.સ. ૧૩૭૪માં મદીના મુનવ્વરામાં આપનો વિસાલ થયો, જન્નતુલ બક઼ીઅમાં દફન કરવામાં આવ્યા.

તેમના બીજા એક ખલીફા મુફક્કિરે ઈસ્લામ પ્રોફેસર *હઝરત અલ્લામા સૈયદ સુલેમાન અશરફ બિહારી* رحمۃ اللہ علیہ છે જેમણે અલીગઢ યુનિવર્સિટીના અભ્યાસક્રમને સંપૂર્ણ રૂપરેખા આપી. આજે પણ એ જ અભ્યાસક્રમના પ્રમાણે કેટલાક સુધારા અને વધારાની સાથે કિતાબો પઢાવવામાં આવે છે. તેમની પૈદાઈશ હિ.સ. ૧૨૯૫માં મીરદાદ, જિલ્લા પટના બિહારમાં થઈ, અને વિસાલ ૫–રબીઉલ અવ્વલ હિ.સ. ૧૩૫૮માં થયો. દફનવિધિ અલીગઢ ઈસ્લામિક યુનિવર્સિટીમાં શેરવાનીયુંવાળા ક઼બ્રસ્તાનમાં થઈ. તેમની કેટલીક કિતાબો જેમ કે અન્નૂર, અર્રશાદ વગેરે યાદગાર છે. એના સિવાય ઘણી બધી કિતાબો મોટી મોટી યુનિવર્સિટીઓ

અભ્યાસક્રમમાં સામેલમાં છે.

ફાઝિલે બરેલ્વીના ચહીતા અને નૂરે નઝર સદરૂલ અફાઝિલ હઝરત અલ્લામા હાફિઝ સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہ જેમણે હિંદુસ્તાન અને પાકિસ્તાન માટે બંધારણીય માળખુ બનાવ્યું, ખાસ કરીને પાકિસ્તાનનું બંધારણ તેમની દૈન છે. તેમનો જન્મ હિ.સ. ૧૩૦૦માં મુરાદાબાદમાં થયો અને આપ ૧૮, ઝુલ હિજ્જા હિ.સ. ૧૩૬૭માં મૃત્યુ પામ્યા. દીનના ઈલ્મના નિષ્ણાત, શૈખુલ હદીષ, કુર્આની તફસીર કરનાર, મહાન મુનાઝિર, ઈસ્લામના મુફતી, ડઝનથી વધુ કિતાબોના લેખક, કોમના કાઈદ, તરીકતના શૈખ, ઈસ્લામી શાયર, જામિઆ નઈમિયાની બુન્યાદ રાખનાર, ઓલમાઓના ઉસ્તાદ, એહલે સુન્નતના મહાન ઓલમાઓમાંથી હતા. કિતાબોમાં ''ખઝાઈનુલ ઈર્ફાન'' પ્રખ્યાત છે.

ફાઝિલે બરેલ્વીના મલ્બારી ખલીફા ઉસ્તાઝુલ ઉલમા ઈસ્લામના મુફતી હઝરત અલ્લામા અબુસ્સઆદત, શૈખુલ કમાલાત, શહાબુદ્દીન અહમદ કોયા અઝહર શાલિયાતી, મલ્બારી શાફઈ કાદરી છે જે સલ્તનતે આસિફિયા નિઝામિયા હૈદ્રાબાદના સદારતુલ આલિયાના મુફતી અને કાઝી હતા. આપ એક જ સમયે ચારેવ મઝહબના ફિક્હી મસ્અલાઓનો ફતવો લખતા હતા. કેરાલા રાજ્યમાં જેટલા પણ મોટા આલિમો આજે મૌજૂદ છે તેઓ સૌ જ તેમના શાગિર્દ તથા શાગિર્દોના શાર્ગિદ છે. તેમની પેદાઈશ હિ.સ. ૧૩૦૨માં ગામ ચાલીમ મલ્બિયાર કેરાલામાં થઈ અને ત્યાં જ ૨૭ મુહર્રમુલ હરામ હિ.સ. ૧૩૭૪માં વિસાલ થયો. તેઓ ઉચ્ચકક્ષાના આલિમ મુદર્રિસ, તરીકતના શયખ ઈસ્લામના મુફતી, અવામ અને ઉલ્માના શરણસ્થાન ઈલ્મ અને અમલના સંગમ હતા. તેમણે દારૂલ ઈફતા અલ્ અઝહરિયાની બુન્યાદ રાખી અને ''અલ ફતાવા અલ અઝહરિયા ફી અહકામિશ્શરીઆ''એ તેમના ફતાવાનો સંગ્રહ છે. ફકીર (લેખક) કોલારી કાદરી رحمۃ اللہ علیہએ તેમના પર એક સંક્ષિપ્ત કિતાબ લખી છે જે પાકિસ્તાનથી છપાઈ ચૂકી છે જેનું નામ છે આ'લા હઝરતના ગુમ થયેલ ખલીફા.

આ માત્ર આપના મહાન ખલીફાઓની એક ઝલક છે, જો કોઈને તેમના બધા જ ખલીફાઓ અને ફૈઝ પામનાર વ્યક્તિઓની મહાનતા અને ગૌરવ સમજવું છે તે તજલ્લિયાતે ખુલ્ફાએ આ'લા હઝરત (લેખક : મૌલાના શાહિદ કાદરી), તઝકિરએ ખુલ્ફાએ આ'લા હઝરત (લેખક : પ્રોફેસર મજીદુલ્લાહ કાદરી), ખુલ્ફાએ મુહદ્દિષે બરેલ્વી (લેખક : પ્રો. મસ્ઊદ અહમદ) અને ખુલ્ફાએ આ'લા હઝરત કા મુખ્તસર તઝકિરા (લેખક : મુહમ્મદ શાહિદ અત્તારી મદની)નો અભ્યાસ કરે.

ખુલાસો એ છે કે આ'લા હઝરત ઈમામે એહલે સુન્નત رضی اللہ عنہ જેવી રીતે પોતાની જાતમાં અંજુમન હતા તેવી જ રીતે તેમણે મહાન શાગિર્દોને પણ તૈયાર કર્યા જે બધી જ દિશાઓમાં હતા, જેમણે જીવનના દરેક ક્ષેત્રમાં કાર્ય કરીને તેમના તજદીદી કામોને આગળ ધપાવ્યાં અને પૂર્ણતાએ પહોંચાડયાં. જે પૂર્વગ્રહવાળાઓ (દુશ્મનીમાં) ઈમામ અહલે સુન્નતને સંકૂચિતતાથી જુએ અને વાંચે છે તેમનાથી અમારી નિસાલસપણે અપીલ છે કે દુશ્મનીનો ચશ્મો ઉતારી ન્યાય અને પ્રામાણિકતા સાથે આ'લા હઝરતને સમજવાનો પ્રયત્ન કરો, જો ન્યાય સાથે વાંચશો તો પછી આ જ કડીઓ ઝબાન પર હશે :

***વાદી રઝા કી કોહે હિમાલા રઝા કા હૈ***
***જિસ સમ્ત દેખિયે વો ઈલાકા રઝા કા હૈ***
***અગલોં ને તો લિખા હૈ બહુત ઈલ્મે દીન પર***
***જો કુછ ઈસ સદી મેં હૈ વો તન્હા રઝા કા હૈ.***

*(સુન્ની દા'વતે ઈસ્લામી મંથીલી, નવેમ્બર–૨૦૨૬)*

## પેટલાદમાં ઉર્સે સૈયદ નૂરાની શાનો શૌકતથી મનાવાયો

**પેટલાદ** : મુકામે મોહસિને અહલે સુન્નત, પીર હઝરત સૈયદ શાહ મુહમ્મદ નૂરાનીબાવા رحمۃ اللہ علیہનો ઉર્સ મુબારક ૨૦ શવ્વાલ હિ.સ. ૧૪૪૭, અં. તા. ૯–૪–૨૦૨૬ જુમેરાતના રોજ શહઝાદએ નૂરાનીબાવા હઝરત સૈયદ શાહ મુહમ્મદ યૂસુફ નૂરાનીબાવા (સજ્જાદાનશીન : ખાનકાહે નૂરાની)ની સરપરસ્તીમાં શાનો શૌકતથી નૂરાની રૂહાની માહોલમાં મનાવાયો. મોટી સંખ્યામાં ઉલમા, મુરીદો, ચાહકોની ભીડ પેટલાદ શરીફ ઉમટી પડી હતી. સવારે ૧૧ વાગ્યે નિયાઝ જમાડવામાં આવી હતી. ઝહોર બાદ હઝરતના મુકામ પર ખાનકાહે નૂરાનીમાં જનાબ મૌલાના ગુલામ યાસીન મિસ્બાહી નૂરાની, મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી દયાદરવી, બોલ્ટન યુ.કે.થી પધારેલ હાફિઝ ઐયૂબ કોલવનવી, હાફિઝ યાકુબ ચાંચવેલી તેમજ હાફિઝ ઐયૂબ વોરાસમનીવાળા તથા મુશ્તાકભાઈ દલાલ વાગરાવાળા વગેરેની હાજરીમાં દારુલ ઉલૂમ ફયઝે નૂરી–વાગરામાં હિફઝ મુકમ્મલ કરનાર પાંચ હાફિઝોની દસ્તારબંદી કરવામાં આવી તેમજ દર્સગાહે નૂરાની–પેટલાદના મકતબોના સાલાના ઈમ્તિહાનમાં ૧ થી ૩ નંબર લાવનારાઓને ઈનામો હઝરતના મુબારક હાથે વિતરણ કરાયાં. ત્યારબાદ ''જુલૂસે નૂરાની''ની શકલમાં હઝરત સજ્જાદાનશીનની સરપરસ્તીમાં જુલૂસ સલાતો સલામ સાથે હઝરત સૈયદ નૂરાનીબાવા رحمۃ اللہ علیہના મઝાર શરીફ પહોંચ્યું અને ત્યાં ચાદરપોશી ગુલપોશી તથા સલાતો સલામ દુઆ થઈ હતી.

## :: ઈન્તેકાલ પુરમલાલ ::

- **વાગરા** : મુકામે આયશાબેન અલીભાઈ ટોપીવાળા (મૌલાના યુનૂસ મિસ્બાહી તથા મુશ્તાકભાઈ ટોપીવાળાનાં વાલિદા મોહતરમા)નો તા. ૮–૩–૨૦૨૬, રવિવાર, ૧૮ રમઝાનુલ મુબારક, હિ.સ. ૧૪૪૭ના રોજ ઈન્તેકાલ થયો જેમની દફનવિધિ સવારના નવ વાગ્યે કરવામાં આવી.
- **દયાદરા** : મુકામે જુલેખાબેન યાકૂબ રૂડીનો તા. ૧–૪–૨૦૨૬, મુ. ચાંદ ૧૨ શવ્વાલ હિ.સ. ૧૪૪૭, બુધવારના રોજ ઈન્તેકાલ થયો. સવારે ૯ વાગ્યે દફનવિધિ કરવામાં આવી.
- **દયાદરા** : મુકામે ઈકબાલ મૂસા બોરડીવાલાનો તા. ૯–૪–૨૦૨૬, જુમેરાત મુ. ૨૦ શવ્વાલ હિ.સ. ૧૪૪૭ના રોજ ઈન્તેકાલ થયો. અસરની નમાઝ બાદ દફનવિધિ કરવામાં આવી.
- **દયાદરા** : મુકામે સરફરાઝ યાકૂબ ભૂરાનો તા. ૧૦–૪–૨૦૨૬ જુમ્આ, મુ. ચાંદ ૨૧ શવ્વાલ હિ.સ. ૧૪૪૭ના રોજ ઓછી વયે દુઃખદ ઈન્તેકાલ થયો છે. સવારે નવ વાગ્યે દફનવિધિ કરવામાં આવી હતી.

*રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, સગાઓને સબ્રે જમીલ અતા કરે તથા ઈસાલે સવાબ કરવાની તૌફીક આપે. (આમીન)*



**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**ના મેમ્બર બનવા માટે
ફક્ત **રૂા. ૧૦૦૦/–** મોકલી વર્ષ દરમિયાન છપાતી તમામ કિતાબો મેળવો ! *–તંત્રી...*